# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No.: 52 ❖ Issue : 07 ❖ Pages : 40 ❖ Mumbai ❖ July - 2024 ❖ Price : Rs.8/-









શિક્ષણ અને જ્ઞાન મેળવવાની તક ક્યારેય ચૂકશો નહિ.

હું જ્ઞાની નથી... હું ચોક્કસપણે જ્ઞાનપ્રેમી છું. હું વૈજ્ઞાનિક નથી, પણ હું જીવનના પ્રયોગો કરું છું અને તેમાંથી શીખું છું. મારા વિચારો 'ઓબ્ઝર્વેશન' માંથી રચાય છે. મેં નાનપણથીજ શિક્ષણ નું મહત્વ જોયું છે. મારા માતા-પિતા માનતા હતાં કે જ્ઞાન એક રોકાણ છે જેનું ડિવિડન્ડ જીવનના અંતસુધી મળતું રહે છે. સામાન્ય જીવન જીવવા માટે ખોરાક, વસ્ત્રો અને આશ્રય સિવાય જો કોઇ વસ્તુની સૌથી વધું જરૂર હોય તો તે છે શિક્ષણ. જો તમારી પાસે પૈસા છે, તો તમે તેને સોનામાં બદલી શકો છો. પૈસા હોય કે સોનું, બન્ને ઘટવાનો કે ખોવાઇ જવાનો ડર હોઇ શકે છે અને જો આપણી આ સંપત્તિને 'જ્ઞાન'માં ફેરવી દઇએ તો તે કયારેય ઘટશે નહીં કે ચોરી પણ થઇ શકશે નહીં. તમારી પાસેથી શિક્ષણ કોઇ ચોરી શકશે નહીં. વ્યક્તિએ કયારેય જ્ઞાન મેળવવાની તક ગુમાવવી જોઇએ નહીં.

- અમિતાભ બચ્ચન

---

"શિક્ષણ સર્જનાત્મકતા આપે છે, સર્જનાત્મકતા વિચાર તરફ દોરી જાય છે, વિચાર કરવાથી જ્ઞાન થાય છે, જ્ઞાન તમને મહાન બનાવે છે."

- ડૉ. એપીજે અબ્દુલ કલામ

---

શિક્ષણ એ સૌથી શક્તિશાળી હથિયાર છે, જેનો ઉપયોગ તમે વિશ્વને બદલવા માટે કરી શકો છો.

- નેલ્સન મંડેલા

---

"તમે જેટલું વધુ શિખો છો, તેટલું તમે કમાવો છો."

- વોરેન બફેટ

સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ અને ટ્રસ્ટ સમિતિ વતી

# પૂજ્ય શ્રીમતિ કંચનબેન અમીચંદભાઈ વોરાને
# ભાવસભર શ્રધ્ધાંજલી







માનનીય પૂ. કંચનબેન વોરાના અચાનક દેહાવસાનથી સમગ્ર સમાજ પણ પારાવાર ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યો છે. તેમની ખોટ કદી પણ વિસરી શકાય તેમ નથી. તેઓશ્રી આપણા સમાજના એક વિશિષ્ટ આધારસ્થંભ હતા.

તેઓશ્રી સંપૂર્ણ સમતા અને સમન્વયના સારથી હતા અને સંસારમાં રહીને પણ શ્રમણી જેવું આદર્શ જીવન જીવ્યા છે.

તેમના જીવનમાં ઘણાં વર્ષો પહેલા રામ લક્ષ્મણ જેવા બન્ને હોનહાર પુત્રો શ્રી સંજય અને પરેશના આકસ્મિક અવસાનનો કારમો ઘા સહન કરેલો અને દિવંગત આત્માની સ્મૃતિમાં પૂજયશ્રી  અમીચંદભાઈ અને પૂ.કંચનબેન વોરા – બન્નેએ આપણા સમાજની નેજા હેઠળ ‘‘શ્રી સંજય-પરેશ અમીચંદભાઈ જીવનભાઈ વોરા કેળવણી સહાય યોજના’’ માટે એ સમયે માતબર અનુદાન અર્પણ કરીને સમાજના જરૂરતમંદ છાત્રોને  સહાય ઉપલબ્ધ કરાવીને શિક્ષણનું મહત્વ સમજાવ્યું છે તે આપણે કદી પણ ભૂલી શકીએ તેમ નથી.

તેઓશ્રી એક જાજરમાન વ્યક્તિ તો હતાં જ અને વિશેષમાં જિન શાસન પ્રત્યે અતૂટ શ્રધ્ધા ધરાવતા હતા. જૈન ધર્મની બાર ભાવનાની પ્રથમ અનિત્ય નિર્મળ, નિખાલસ, નિરાડંબર અને સંવેદનશીલતા તેમના અનન્ય સદગુણો હતા અને સદાય હસતું વદન તેમની લાક્ષણિકતા હતી. આવી વ્યક્તિઓ સૃષ્ટિના વિરાટ સંચાલનમાં સર્જનહારને સદૈવ સહાય કરતા હોય છે.

પરમ કૃપાળુ જિનેશ્વર દેવ સદ્ગતના પવિત્ર આત્માને ભવ ભ્રમણના ફેરામાંથી મુકત કરીને શાશ્વત શાંતિ પ્રદાન કરે અને વોરા પરિવારને આવી પડેલ વિયોગ સહન કરવાની શક્તિ આપે તેવી વિનમ્ર ભાવે પ્રાર્થના સાથે.

લિ.

## સોરઠ વિસા શ્રીમાળી સમાજ ના સમિતિ સભ્યો અને સો.વિ. જૈન સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ


**શ્રી કિરીટભાઈ મહેતા**
પ્રમુખ / ટ્રસ્ટી

**શ્રી ધીરેનભાઈ વસા**
ઉપપ્રમુખ / ટ્રસ્ટી

**શ્રી આશિષભાઈ મહેતા**
માનદ્ મંત્રી / ટ્રસ્ટી

**શ્રી યોગેશભાઈ વોરા**
ખજાનચી / ટ્રસ્ટી

**શ્રી પરિમલભાઈ ભીમાણી**
માનદ્ મંત્રી / ટ્રસ્ટી

### ટ્રસ્ટીગણ

શ્રી હરસુખભાઈ ધ્રુવ / શ્રી મધુકાંતભાઈ ભીમાણી / શ્રી શ્રીકાંતભાઈ વસા
શ્રી પંકજભાઈ વોરા / શ્રી ભરતભાઈ મહેતા / શ્રી પ્રેમલભાઈ મહેતા

### કારોબારી કમિટી સભ્યો

શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર, શ્રી મહેશભાઈ વોરા, શ્રી કિશોરભાઈ રામાણી, શ્રી જયંતભાઈ દોશી,
શ્રી સંજયભાઈ મહેતા, શ્રી કિર્તિભાઈ વસા, શ્રી અતુલભાઈ વસા, શ્રી જયેશભાઈ એસ. વસા,
શ્રી શૈલેષભાઈ વોરા, શ્રી જયેશભાઈ સી. વસા, શ્રી પ્રવિણચંદ્ર વોરા

# પાપ અને પુણ્ય ના હિસાબ કેવી રીતે થતો હશે ?

આજે વધારે ખવાઇ ગયું છે
તો કાલે ચાલો એક ટંક
ઉપવાસ કરી નાખ્યા
જેથી પેટની ગરબડ દૂર થઇ જાય
એવું પાપ પુણ્ય માં નથી હોતું
બહુ પાપ થઇ ગયા તો હવે થોડા
પુણ્ય કાર્ય કરી નાખ્યા
તેથી પાપ ધોવાઇ જાય
એવું નથી બનવાનું
જીવનમાં શું મેળવવું છે,
શું પામવું છે અને આમાંથી
ભોતિકસ્તરનું કેટલું. અભૌતિક અથવા
આધ્યાત્મિક સ્તર નું કેટલું
એ વિશે સ્પષ્ટ થઇ જવું.
એ એકાગ્રતા તરફ જવાનું
સૌથી પહેલું પગથિયું.
વેર-વિખેર વિચારો માંથી
વીણી વીણીને જે નકામા
હોય એને કાઢી નાખી બાકીના ને
ખાતર-પાણી આપવાનું.
જો તમે સત્કાર્યો કર્યા હશે
તો તમારી ભલાઇ નો બદલો
તમને મળવાનો જ છે -
આજે નહિ તો આવતી કાલે
જો તમે કોઇને કન્ડયા હશો તો
કુદરત તમને કનડવાની જ છે -
આજે નહિ તો આવતીકાલે
સારું કામ કરવા માટે સારા લોકોની
સાથે કામ કરવું જોઇએ.
તમારી આસપાસનું વાતાવરણ
સારું હશે, સારા લોકો થી બનેલા હશે,
પરસ્પરનો આદરભાવ હશે,
વિશ્વાસ હશે તો જ તમે
સારા કામ કરી શકશો

- સૌરભ શાહ


**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય** : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**



**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા --------------------- પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા -------------- ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા --------------------- ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા -------------- માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ----------- માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ----------------- ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર ------------ મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ---------------------- સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી -------------------- સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ---------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ------------------ સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ---------------------- સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા -------------------- સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ----------------------- સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ----------------------- સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા -------------------- કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા ------------------- કો-ઓપ્ટ



**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker : Bank of Baroda, M.J. Market, Mumbai-400003.**
**S.B. A/C No. 03870100000044**
**IFSC : BARB0BULLIO (fifth digit will be numerical zero),**
**MICR : 400012047**


**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC** : UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

**તંત્રી સ્થાને થી....**



શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર
મો. ૭૦૨૧૨૦૧૨૮૦
૯૩૨૩૧૪૧૫૯૫

# સોશિયલ મીડિયા શ્રાપ કે વરદાન?

આજકાલ ભાગ્યે જ કોઇ વ્યક્તિ મળે કે જેની પાસે સ્માર્ટ ફોન ન હોય. ભારતમાં ઇન્ટરનેટ આવ્યુ ત્યારે શરૂઆત મા તેનો ઉપયોગ ફક્ત બિઝનેસ કરવાવાળા લોકો જ કરતા હતા, કારણ કે તે વખતે ઇન્ટરનેટની કિંમત સામાન્ય લોકોને પરવડે તેવી નહોતી. સ્વ.ધીરૂભાઈ અંબાણીએ કર લો દુનિયા મુઠ્ઠી મેં નું સુત્ર આપી આ દિશામાં ખૂબ જ વ્યાપક રીતે ભારત સરકાર ના નીતિ નિયમો પ્રમાણે આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ૧૫ પૈસાના પોસ્ટકાર્ડ ના ભાવમાં લોકો સંદેશો મોકલી શકે કે વાત કરી શકે તે પ્રમાણેના ભાવ રાખવાની તેમની મનોભાવના હતી.

ત્યારબાદ ભારત સરકારે આ ક્ષેત્રમાં ઘણી છૂટછાટ આપી, સામાન્ય નાગરિક ને પણ પરવડે તેવા ભાવમાં ઇન્ટરનેટ ઉપલબ્ધ કરાવ્યું. ત્યારથી સોશિયલ મીડિયા સક્રિય થયું. કેટલાક ગામડાઓમાં તો ફ્રી ઇન્ટરનેટ ની સુવિધા મળવા માંડી છે. **Facebook, instagram, telegram, twitter** અને બીજા અનેક મીડિયા પ્લેટફોર્મ ઉપલબ્ધ થયા. ગામડાઓના સામાન્ય જ્ઞાન ધરાવતા લોકોથી માંડીને ઉચ્ચ શિક્ષિત લોકો પણ તેમાં જોડાયેલ છે.

હવે મુળ વાત પર આવીએ. સોશિયલ મીડિયા આર્શીવાદ રૂપ છે કે શ્રાપ રૂપ છે તેનો આધાર દરેક વ્યક્તિ પર રહેલો છે. તેનો કેવો, કેટલો અને કયાં ઉપયોગ કરવો તેના પર અવલંબિત છે. સોશિયલ મીડિયા બેધારી તલવાર જેવું છે. વાપરતા આવડે તો શ્રેષ્ઠ કાર્ય લઈ શકાય અને ન વાપરતા આવડે તો પારાવાર નુકસાન થયા ના અનેક દાખલાઓ છે. ખાસ કરીને તેની આદત પડી જાય તો તે આદતથી છુટકારો મેળવવો ખુબ જ મુશ્કેલ બની જાય છે. આપણામાંથી પણ ઘણા આ આદતનો શિકાર બનેલા છે.

માહિતી મેળવવા માટે સોશિયલ મીડિયા ખૂબ જ શ્રેષ્ઠ છે, પરંતુ મળતી માહિતી કેટલી સાચી છે કે ખોટી છે તે જાણવું કેવી રીતે ? આજકાલ લોકો ફેસબુક પર અને વોટ્સએપ પર અનેક જાતની માહિતી અને વિડીયો પોસ્ટ કરતા હોય છે, આમાંથી કોઇને પોતે પોસ્ટ કરેલી માહિતી વિશે કે વિડિયો સાચો છે કે ખોટો જાની જાણકારી હોતી નથી. ઘણા લોકોને ઝટપટ અન્ય લોકોને માહિતગાર કરવાની તાલાવેલી લાગી હોય છે. પોતાની પાસે જેવો વિડિયો કે માહિતી આવે કે તુરંત સમજયા વિચાર્યા વગર તેને ગ્રુપમાં કે વ્યક્તિગત લોકોને પોસ્ટ કરી દેતા હોય છે. આવા ફોરવર્ડીયા લોકો અન્ય લોકોને ત્રાસ રૂપ બનતા હોય છે.

ગ્રુપ ચલાવતા ઍડમીન નો સામાન્ય રીતે ગ્રુપ પર કોઇ કંટ્રોલ હોતો નથી. એકને એક મેસેજ રીપીટ થતા હોય છે અને વાંચનારને માનસિક ત્રાસ ભોગવવો પડતો હોય છે. ગ્રુપમાં અમુક ચોક્કસ લોકો નિયમિત રીતે સમજયા વિના મેસેજનો રીતસર નો મારો ચલાવતા હોય છે અને સભ્યોને માનસિક ત્રાસ આપતા હોય છે. વાંચનાર કે વિડિયો જોનાર પણ ઘણીવાર, સોશિયલ મીડિયામાં આવતી માહિતીને સાચી માની લેતા હોય છે. અમુક લોકો માટે આ ટાઇમપાસ કરવાની પ્રવૃત્તિ છે.

સત્યથી વેગળી અને ભ્રમ ફેલાવતી માહિતીઓને લોકોમાં આસાનીથી પહોંચતી કરાતી હોય છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા દ્વારા છેતરપિંડીઓ ના કેસો નું પ્રમાણ ખુબ જ વધી ગયુ છે. તેનીથ ખુબ જ સાવચેત રહેવા ની જરૂર છે.

ઉજળી બાજુ જોઇએ તો ધંધાના વિકાસ માટે સોશિયલ મીડિયા ખુબ જ ઉપયોગી પુરવાર થયું છે. પોતાની પ્રોડક્ટસ લાખો લોકો સુધી આસાનીથી પહેંચાડી શકાય છે. નાના-મોટા દરેક વ્યવસાયી આનો ભરપૂર ઉપયોગ કરી પોતાનું નેટવર્ક વધારી રહ્યા છે. સોશિયલ મીડિયા નો અતિરેક માનસિક રીતે પણ હાનિકારક બની રહ્યો છે. દિવસ રાત ફેસબુક કે વોટસએપ પર રહેતા લોકોને મનોચિકિત્સકની સારવાર લેવી પડે તેવા દિવસો દુર નથી.

**ટુંકમાં શું ઉપયોગી છે અને કયો કચરો છે તે આપણી વિવેક બુદ્ધિથી વિચારીને વાપરીએ તો પસ્તાવો કરવાનો વખત ન આવે**

# જીવનની બાર ધારાઓ

## ૨

## 'અશરણ ભાવના'

- મહેન્દ્ર પુનાતર

## આયા હૈ સો જાયેગા રાજા, રંક, ફકીર કોઇ
## સિંહાસન ચઢ ચલે, કોઇ બાંધ ચલે જંજીર

**જીવન ક્ષણભંગુર છે, કોઇનું શરણ કામ આવતું નથી. માણસ ગમે તેટલો ધનવાન અને શક્તિવાન હોય પણ મોત સામે આવીને ઊભું રહે ત્યારે લાચાર બને છે. કોઇપણ વસ્તુ કે સંબંધ તેને ઉગારી શકતા નથી. સૌ કોઇ પોતાના માટે જીવે છે. મોહને વશ હોય તો બીજાને માટે પણ જીવવાનું શરૂ કરી દે છે પણ બીજાના માટે કોઇ મરવા તૈયાર થતું નથી.**

જૈન ધર્મમાં બાર ભાવનાઓને વૈરાગ્યના માર્ગ તરીકે લેખાવવામાં આવી છે. આ બાર ભાવનાઓના સતત ચિંતનથી માણસ સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા, આશા-નિરાશામાં સંતુલન પ્રાપ્ત કરી શકે છે અને જીવનમાં જય-પરાજયનું કોઇ મહત્ત્વ નથી એની સમજ ઊભી થાય છે. હાર અને જીત જીવનનો એક ભાગ છે. પણ જુસ્સો અને હીંમત જળવાઇ રહેવી જોઇએ. આ બંનેનો સહર્ષ સ્વીકાર થવો જોઇએ. આ ભાવનાઓ મનમાં સાધી રાખવાથી જીવનનું, આત્માનું અને ધર્મનું સાચું સત્ય સમજાય છે અને જીવન શુદ્ધ અને ભયરહિત બને છે.

આપણે ગયા પ્રકરણમાં અનિત્ય ભાવનાનો ખ્યાલ કર્યો. સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. તેના પ્રત્યે આસક્તિ રાખવાથી દુઃખ સિવાય કશું હાથમાં આવતું નથી. માણસ પોતે કાયમના માટે અહીં રહેવાને હોય એ રીતે સંચય કરતો રહે છે. માન-અભિમાનના પોટલા બાંધતો રહે છે અને પોતાના સુખ માટે બીજાને દુઃખ અને કષ્ટ આપતા અચકાતો નથી. આનાથી કર્મની જાળ વધુ વિસ્તૃત થાય છે, પરંતુ માણસ જો સાચી વાત સમજે અને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ કરે તો એક મૂળભૂત વાત નજર સમક્ષ આવે છે કે ગમે ત્યારે અહીંથી જવાનું છે. તેથી ખોટા ઉધામા કરવાનો કોઇ અર્થ નથી. મૃત્યુ સામે કોઇનું કશું ચાલતું નથી. કોઇપણ માણસને ખબર પડે કે મૃત્યુ હવે સાવ નજીક છે તો તેના જીવનનું પરીવર્તન થઇ જાય. આપણને ખબર પડે કે એક અઠવાડિયા પછી ચોક્કસ આપણે આ ફાની દુનિયાની વિદાય લેવાની છે તો આપણે શું કરીએ? આ સમય કેવી રીતે પસાર કરીએ? એક સપ્તાહમાં તો માણસ પૂરેપૂરો બદલાય જાય. રાગ-દ્વેષ, માન-અભિમાન કશું રહે નહીં. જીવનમાં જે કાંઇ ખોટું કર્યું છે તેનો અફસોસ થાય. પણ આપણને આ જ્ઞાન જલ્દીથી થતું નથી. આપણે તો સમજીએ છીએ મૃત્યુ હજુ ઘણું દૂર છે. હમણાં ફિકર કરવાની જરૂર નથી. પણ મૃત્યુ ધીમે પગલે આપણને કયારે દબોચી દેશે તેનો ખ્યાલ આવતો નથી.

આનો અર્થ એવો નથી કે આપણે ચિંતામાં જીવન જીવવું. પણ આનો અર્થ એ છે કે મોજથી, આનંદથી જીવવું, કોઇની આડે આવવું નહીં અને જિંદગી મળી છે તો થઇ શકે એટલું બીજાનું ભલું કરવું. લોભ, લાલચ રાખવા નહીં. મોહ અને આસક્તિ રાખ્યા વગર જીવવું. આમાં અનોખો આનંદ છે. આમાં સંસાર છોડવાની વાત નથી પણ સંસારમાં રહીને વિરકત બનવાનો બોધ છે. પ્રેમ, દયા અને કરૂણાનો ભાવ રાખવાનો છે. માણસ દરેક જીવને પોતાના જેવો સમજે તો કોઇ દુઃખ નથી. દરેકને જીવવું ગમે છે. બધાને જીવ વ્હાલો છે. મૃત્યુ કોઇને પસંદ નથી. બીજાને મારવાનો આપણને અધિકાર નથી. બીજા કોઇ જીવની હત્યા એ આપણી ખુદની હત્યા છે. તેનું સાચું જ્ઞાન માણસને થાય તો અહિંસા જીવનમાં આપોઆપ આવી જાય. હકીકતમાં પ્રેમ અને આનંદ થકી જ અહિંસાનો ઉદ્‌ભવ થાય છે. જયાં પ્રેમ છે ત્યાં હિંસા સંભવિત નથી.

અનિત્ય ભાવના પછી હવે આપણે અશરણ ભાવનાનો વિચાર કરવાનો છે. માણસ ગમે તેટલો ધનવાન, શક્તિવાન હોય પણ મોત જયારે આવીને ઊભું રહે છે ત્યારે માણસ લાચાર બની જાય છે. કોઇ પણ વસ્તુ કે કોઇપણ સંબંધો તેને બચાવી શકતા નથી. બીમારીથી બચવા માટે ભલે નિષ્ણાત ડોકટરો બોલાવે, મોંઘા ઉપચારો કરે, કીમતી ઔષધો મગાવે, શકય એટલા તમામ પ્રયાસો કરે પણ ઉપરવાળાનું તેડું આવે ત્યારે ગયા વગર છૂટકો નથી. ગમે તેટલા પ્રતિકાર કરો પણ મોત સામે ઝૂંકવું પડે છે. ધન, દોલત, શક્તિ, સામર્થ્ય કશું કામ આવતું નથી. જીવન ક્ષણભંગુર છે અને તેને બચાવવા કોઇનું પણ શરણ કામ આવતું નથી. સુખ અને દુઃખ આપણે પોતે ભોગવવા પડે છે. તે કોઇ આપી શકતું નથી અને લઇ પણ શકતું નથી.

આ સંસારમાં સૌ કોઇ સુરક્ષાકવચ શોધે છે. કોઇને ધનમાં, પદમાં તો કોઇને પ્રતિષ્ઠામાં સલામતી દેખાય છે. આ બધા સાધનો અંત સમયે કામ આવતા નથી. આ સંસારમાં બધા આપણા છે, એમ માનીને રહેવું. તેમની સાથે સારા સંબંધો રાખવા, કોઇને ઓછું આવવા દેવું નહીં. આમ છતાં મનમાં સમજવું કે આમાં આપણું કોઇ નથી. એકલા આવ્યા છીએ અને એકલા જવાના છીએ. સિકંદર જેવા સિકંદરને પણ આખી દુનિયા જીતી લીધા પછી પણ સુરક્ષા કવચ પ્રાપ્ત થયું નહોતું. ભર જુવાનીમાં અંતિમ વિદાય લેવી પડી. કોઇ હકીમ કે ધનદોલત તેને બચાવી શકયા નહીં. તે મુઠ્ઠી બંધ કરીને આવ્યો હતો અને મુઠ્ઠી ખોલીને જવું પડયું. કબીરે જેમ કહ્યું છે તેમ...

'આયા હૈ સો જાયેગા,
રાજા, રંક, ફકીર,
કોઇ સિંહાસન ચઢ ચલે,
કોઇ બાધ ચલે જંજીર'

મૃત્યુ કોઇ ભેદભાવ રાખતું નથી. અહીં મારા તારાનો સંબંધ નથી. જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને એક અર્થમાં અનિશ્ચિત પણ છે. કારણ કે કયારે આવશે તેની કોઇને ખબર નથી. મૃત્યુને આપણે જોઇએ છીએ પણ બોધ થતો નથી. આપણે માનીએ છીએ કે મૃત્યુ બીજાનું છે આપણું નથી. આપણને હજુ ઘણીવાર છે. માણસ ૭૦ વર્ષનો હોય કે ૮૦ વર્ષનો હોય મૃત્યુ નજીક છે. એવો ખ્યાલ તેને આવતો નથી. જીવનનું આ રહસ્ય છે. આ અંગે ભય રાખવાની જરૂર નથી. પણ જે સમય બચ્યો છે તેને આનંદપૂર્વક જીવવાની અને તેનો સદ્‌ઉપયોગ કરવાની વાત છે. મૃત્યુના આરે પહોંચેલો માણસ પણ જે છે તેનો આનંદ માણવાને બદલે વધુ એકઠું કરવામાં પડયો છે. કશું છૂટતું નથી. રાગ-દ્વેષથી મુકત થઇ શકાતું નથી. માણસ એવું વિચારતો નથી કે આ બધું કોના માટે ? દરેક માણસ મોહને વશ છે. જયાં પણ મોહ છે ત્યાં જીવ ચોંટી જાય છે અને બીજાને માટે જીવવાનું શરૂ થઇ જાય છે. પુત્રમાં મોહ હશે તો પુત્ર માટે જીવશે, પત્નીમાં મોહ હશે તો તેના માટે જીવશે પણ પોતાના માટે જીવી શકશે નહીં. સૌ કોઇ ભાગ્ય લઇને આવે છે. ગમે તેટલું છોડી જશો પણ ભાગ્ય અનુસાર તે ભોગવી શકશે. મૃત્યુ કેટલીક વખત બહુ નજીક આવી જાય છે. જેના પર આધાર હોય અને જેના પર મોહ હોય તેનું મૃત્યુ આપણા જીવનના એક હિસ્સાને તોડી નાખે છે. આપણે તેટલા પ્રમાણમાં મૃત્યુનો અનુભવ કરીએ છીએ. પ્રેમ અને આનંદ વગરનો માણસ તો કયારનો મરી ચૂકયો હોય છે. માત્ર તેનું શરીર હરતું-ફરતું હોય છે. આત્મા તો ચાલી ગયો હોય છે. માણસ બીજાના માટે જીવી શકે છે પણ બીજાના માટે મરી શકતો નથી. આ અંગની એક કથા સમજવા જેવી છે...

એક યુવક સાધુ-મહાત્મા પાસે આવ્યો અને કહ્યુંઃ મારે દીક્ષા લેવી છે, પરંતુ મારો પરિવાર મારા વગર જીવી શકે તેમ નથી. તેઓ મને ખૂબ જ ચાહે છે. મારા માટે મરીફીટવા પણ તૈયાર છે.

મહાત્માએ કહ્યું : આ તારો ભ્રમ છે. આ સંસારમાં સૌ કોઇ પોતાના સ્વાર્થ માટે જીવે છે અને તેના માટે આવું બધું કરે છે. તને ખાતરી ન થતી હોય તો હું કહું એ પ્રમાણે કર. તને આ અંગે પ્રતીતિ થઇ જશે.

યુવકે કહ્યુંઃ આપ કહો તે પ્રમાણે હું કરવા તૈયાર છું. મહાત્માએ કહ્યુંઃ હું તને યોગિક ક્રિયા શીખવું છું. જેનાથી તું શ્વાસને રોકીને થોડો સમય અચેતન રહી શકીશ. અંદર તારો શ્વાસ ચાલતો હશે પણ તારું શરીર જડ બની જશે. તું મૃત્યુ પામ્યો હોવાનો ડોળ કરજે અને પછી શું બને છે તે ચૂપચાપ સાંભળ્યા કરજે. એ સમયે હું પણ ત્યાં આવી પહોંચીશ.

મહાત્માના કહ્યા મુજબ સવારે ઉઠીને યુવાન એકાએક નીચે પડી ગયો અને તેના શ્વાસ અટકી ગયા. પરીવારના લોકો સૌ ભેગા થઇ ગયા, કોઇ કહ્યુંઃ હાર્ટએટેક આવી ગયો છે. બાજુમાંથી તાબડતોબ ડોકટરને બોલાવાયા, ડોકટરે નાડી તપાસીને કહ્યુંઃ ખેલ ખલાસ. ઘરમાં રોકકળ શરૂ થઇ ગઇ. સમાચાર મળતા સાધુ મહાત્મા પણ ત્યાં આવી પહોંચ્યા. માતા-પિતા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા અને કહેવા લાગ્યા અમે ખર્યું પાન હતા અમને ભગવાને કેમ ઉઠાવી લીધા નહીં. પત્નીએ વિલાપ કરતાં કહ્યુંઃ આના કરતાં હું મરી ગઇ હોત તો સારું હતું. ભાઈ-બહેનોએ વિલાપ કર્યો અમે તારા વિના કેવી રીતે જીવી શકીશું. પરિવારના લોકોએ મહાત્માને કહ્યુંઃ કાંઇક કરો. આનો જીવ બચાવી લો. તેના વગર અમે અસાહય બની જઇશું. અમારા માટે જીવવા જેવું રહેશે નહીં.

મહાત્માએ કહ્યુંઃ હવે માત્ર એક ઉપાય છે. આના બદલે તમારામાંથી કોઇ મરવા તૈયાર થાય તો આનો જીવ પાછો આવી

શકે. બોલો તમારામાંથી કોઇ જવા તૈયાર છે. સૌ એક બીજા સામે જોવા લાગ્યા.

પત્નીએ પાણી પહેલા પાળ બાંધી લીધી. તેણે કહ્યુંઃ હું જાઉં તો આ મારા નાના છોકરાવનું શું થાય? તે માઁ વગર કેમ જીવી શકે? પિતાએ કહ્યુંઃ હું ઘરનો વડીલ છું. આખા ઘરની જવાબદારી મારા પર છે. માતાએ કહ્યુંઃ મારા પતિની તબિયત સારી રહેતી નથી. હું જાઉં તો તેની સંભાળ કોણ રાખે? તેઓ મારા વિના એક ડગલું પણ ભરી શકતા નથી. ભાઈ-બહેનોએ કહ્યુંઃ અમે તો જીવનમાં હજું કશું ભોગવ્યું નથી. આમ સૌ છટકવાનો પેંતરો કરવા લાગ્યા.

મહાત્માએ કહ્યુંઃ ઠીક વાંધો નહીં આને બદલે હું ઉપર ચાલ્યો જાઉં, બીજું શું?

બધા ગેલમાં આવી ગયા અને કહ્યુંઃ તમે ખુશીથી જાવ. તમારી આગળ પાછળ કોઇ રડવાવાળું નથી. એક માનવ જીવ બચાવ્યાનું તમને પુણ્ય મળશે.

મહાત્માએ યુવાનનો હાથ દબાવ્યો અને યુવાન ઉભો થઇ ગયો. મહાત્માએ તેને કહ્યુંઃ બોલ આમાં તારું કોણ છે? કોઇ તારા માટે જીવતું નથી. સૌ પોતપોતાના માટે જીવે છે.

આ જગતમાં કોઇનું પણ શરણ કામ આવતું નથી. કોઇની પર આધાર રાખવાની જરૂર નથી. સૌ કોઇ પોતાના માટે જીવે છે. મોહને વશ હોય તો બીજાના માટે પણ જીવવાનું શરૂ કરી દે છે, પરંતુ બીજાને માટે કોઇ મરવા તૈયાર થતું નથી. કર્મો અનુસાર જે કાંઇ આવે તે આપણે એકલાએ ભોગવવાનું છે. આમાં કોઇ ભાગીદાર બની શકતું નથી. એ અશરણ ભાવનાનો બોધ છે.

(હવે પછી સંસાર ભાવના)

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# સરકાર

**- ચંદ્રકાંત બક્ષી**

સરકારને કરોડો મોઢાં હોય છે
પણ એક આત્મા હોતો નથી,
સરકાર અવાજની માલિક છે
અને માલિકનો અવાજ છે.
સરકાર વિચારો કરાવી શકે છે,
સરકાર લેખકને લખાવી શકે છે.
ચિત્રકારને ચિતરાવી શકે છે
ગાયકને ગવડાવી શકે છે,
કલાકારને કળા કરાવી શકે છે,
એક હાથે તાળી પડાવી શકે છે,
રવિવારને સોમવાર બનાવી શકે છે
નવી પેઢીને જૂની કરી શકે છે
પૈસા છાપી શકે છે, શ્વાસ ઉગાડી શકે છે
વીજળી વેચી શકે છે, ઇતિહાસ દાટી શકે છે,
અર્થને તંત્ર અને તંત્રને અર્થ આપી શકે છે,
સરકારની ભાગીદારીમાં આ પૃથ્વી ફરે છે
સમય ફરે છે, માણસ ફરે છે
યંત્ર ફરે છે, મંત્ર ફરે છે,
પણ એક દિવસ
ગરીબની આંખ ફરે છે અને
સરકાર ફરે છે.
(૧૯૭૭માં લખાયેલી આ રચના આજે પણ
એટલી જ યથાર્થ છે. પ્રેષક : યોસેફ મેકવાન)

## મહાવીર વાણી

મહાવીરની વિશેષતા એ છે કે કોઇના હૃદયમાં ધક્કો દીધા વિના કુશળતાથી પ્રવેશ કરવો. દિવાલમાંથી પ્રવેશ કરવાનો પ્રયાસ કરશો તો ટકરાશો માટે દરવાજાથી પ્રવેશ કરવો જોઇએ. માણસ ગમે તેટલો ગરીબ હોય, તોયે તેના ઘરને ઓછામાં ઓછો એક દરવાજો તો હશેજ. માણસના હૃદયમાં જે ગુણ છે તે દરવાજો છે અને દોષ છે તે દિવાલ છે. એકાદ ગુણ તો દરેક માં હોવાનો જ તે પકડી લઇને દરવાજાની અંદર પ્રવેશ કરીશું અને પછી તેને બીજી બારીઓ બનાવવાની સલાહ આપીશું તો તે કારગત નિવડશે. સૌથી પહેલા સત્યનો જે અંશ છે તે પકડી લેવો જોઇએ. તમે ગ્રહણ કરવો જોઇએ. એક ગુણ હશે તો બીજા ગુણો એની મેળે આવશે. મહાવીરસ્વામીની આવી દ્રષ્ટિ હતી.

# શ્રદ્ધાંજલી



## સ્વ.કંચનબેન હરસુખલાલ કોરડીયા

**સ્વર્ગવાસ : ૦૬-૦૭-૨૦૨૦**

**શબ્દોથી ન વર્ણવી શકાય તેવી મમતા**

**વાણીથી ન કરી શકાય તેવી સમતા**

**પ્રભુની સદાય નજીક રહેવાય તેવી ધાર્મિકતા**

**સદાય હસતા રહે ને રાખે તેવી સઃહૃદયતા**

**અમને સાચો રાહ દેખાડનાર માર્ગદર્શિતા**

આશિષ મળ્યા તમારા, રહી આજ સુધી છત્રછાયા, આપની હશે ગત ભવના પુણ્ય અમારા

જન્મોજન્મ મળે તમારો વાત્સલ્યભાવ એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના

આપે મમતાભર્યા પ્રેમથી અમારૂ પાલન કરી સાચા ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી અમારા વ્યક્તિત્વને વિકસાવ્યું છે.

આપના સૂચવેલા મૂલ્યો અને ઉચ્ચ સંસ્કારોનો વારસો અમે સાચવી શકીએ તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ. સ્વ.હરસુખલાલ અંદરજી કોરડીયા

| | | | |
|---|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : રાજેશ-ડોલી, | હિતેન-રીટા, | રોહિત-મીના |
| પૌત્ર-પૌત્રવધુ | : રીષભ-પ્રિયા, | ધૈર્ય-મૈત્રી | |
| પૌત્ર-પૌત્રી | : જય, | આર્ચી | જીનલ-હિલોની |
| દિકરી-જમાઈ | : નીલા ચંદ્રેશકુમાર શાહ | | |
| દોહિત્ર - દોહિત્રવધુ | : રાહુલ - હેમાંક્ષી | | |
| દોહિત્રી | : જીનાલી - હાર્દિક - બેબીપિહુ | | |

રાજેશ કોરડીયા - મો. ૮૭૭૯૦૯૨૩૩૦, હિતેન કોરડીયા - મો. ૯૦૨૯૮૯૫૨૧૪

રોહિત કોરડીયા - મો. ૯૯૨૦૬૭૯૮૩૯

Kayami - July

# ઘેર ઘેર આયંબિલ
# એક શાસ્ત્રીય પરંપરા

વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનમાં જનમોજનમની આહારની લાલસાઓથી છૂટીને નિરાહારી બનવા માટે વિધવિધ તપોનું યોજન કરવામાં આવેલું છે. આયંબિલ એમાંનું જ એક અદ્‌ભુત તપ છે. છેક ભગવાન ઋષભ દેવના સમયથી આયંબિલના ઉપાસકો ઘરે ઘરે આયંબિલની આ જયોત જલતી રાખતા હતા.

પહેલાનાં જમાનામાં આયંબિલશાળા નહોતી ત્યારે ઘરમાં વડીલો કોઇ પણ નિમિત્તને પામીને આયંબિલનું તપ કરે એટલે આયંબિલની રસોઇ તો બનવાની જ. નાના બાળકો એમાંથી બાજરા કે ચણાના રોટલાનો લુખ્ખો ટૂકડો, એકાદ બાફેલું ઢોકળું, મગની મોળી દાળ કે થોડા ચણા મમરા પણ ચાખ્ખે એટલે ધીમેધીમે આયંબિલના આહારથી ટેવાવા લાગે. અને આયંબિલ કરવું બહુ અઘરું નથી. એવો વિશ્વાસ પેદા થાય એટલે એ પણ ધીમે ધીમે આયંબિલ કરતાં થઇ જાય.

# ગ્રંથમાં સારું શું છે ?

ગ્રંથમાં ગુણની પરીક્ષા કરવી, જાતે ઉપભોગ કરી આનંદ અનુભવવો, અને આ આનંદની ઉજાણી આપવી, એ જ ગ્રંથ વાચકનો અભિલાભ હોય છે.

મનુષ્યની જિજ્ઞાસામાંથી ઉપનિષદોની ઉત્પતિ થઇ છે. દુ:ખમાંથી પર જઇને શાશ્વત આનંદની દશાએ કેમ પહોંચવુ એ વિશેનું ચિંતન જરૂરી છે. ઉપનિષદ એટલે બ્રહ્મ સમીપ લઇ જનારી વિદ્યા વિશ્વમાં મૂળમાં રહેલી એક જ અને અનાદિ તત્વની શોધ અને વેદાન્તના પાયાનો સિદ્ધાંત ૧૦૮ ઉપનિષદોમાં છે. જીવન, અને ચૈતન્યનાં વિવિધ આવિષ્કારોનો તત્ત્વસભર ઉત્તર તેમાંથી મળે છે.

અંતિમ સત્ય કે એક માત્ર સત્ય જેવું કશું નથી. આપણને દેખાતું સત્ય, ગમા-અણગમા, આધારિત છે. પરમ સત્ય તો ભગવાન બુદ્ધથી પણ આગળ છે. સહજ સ્થિતિ એટલે જ મુક્તિ.

સત્યના અનેક સ્વરૂપો છે. એમાનું એક રૂપ છે કૃષ્ણ એ કોઇનોય હાથ છોડતા નથી, પણ જો કોઇ હાથ છોડાવીને જાય, તો એને રોકતા પણ નથી. કૃષ્ણ સર્વવ્યાપી છે, એમને જોઇ ન શકાય, પણ અનુભવી જરૂર શકાય, મહાભારતમાં શ્રીકૃષ્ણનું માનવીય, અને દૈવી કથાતત્ત્વોનું મિશ્રણ છે. તેમાંથી ખરેખરી કથા શોધવાનું અતિ દુષ્કર છે.

વ્યક્તિગત જીવનની નિષ્ફળતાઓ છતાં, આનંદમાં રહેવાય તેવું પણ જીવનમાં મળે છે, તારે ગાવા જ હોય તો હરિગણ ગા. માણસનું શરીર સીમિત છે, પણ મન અનંત છે. સ્વૈર વિહારી છે, ચંચળ છે, તેની કલ્પના શક્તિ અનંત છે, તેની વિચિત્રતાઓ જાણીએ, તો તેની ઓળખ થાય.

**- ડો. કામદાર**

# BIO DATA



**Personal Detail :**

Name : **Manali Bipinbhai Ramani**

Religion : Sorath Vishashrimali Jain

Date of Birth : 11 March 1998

Age : 25 (Running)

Birth Time : 06:30 P.M.

Height : 5 feet

Weight : 40 Kg

Blood Group : O+ (positive)

Skin : Fair

Native Place : Dhoraji

Hobbies : Reading, Travelling, Listening Music

Education : M.Com. (Kalina University)

Occupation : Office work (Account),

Jain alert group, Byculla.

Occupation : Job

**Family Background :**

Father : Bipinbhai Ratilal Ramani

Father's Business : Stand Supply (Refrigeration)

Mother : Chandrikaben Bipinbhai Ramani

Mother : Housewife

Maternal Details : Kantilal Manchand Shah (Porbandar)

Anilbhai Kantilal Shah (Mama)

Paternal Detail : Kantilal Ratilal Ramani (Amreli)

Permanent Address : C/103, New Vishal Society, Tuling Road, Nalasopara (East)

Father M. No. : 9325739273, 8237460772

# ભાવભરી શ્રધ્ધાંજલી



જન્મ :
૦૧/૦૯/૧૯૩૯

સ્વર્ગવાસ :
૨૩/૦૭/૨૦૧૮

## સ્વ. પ્રફુલ્લા પ્રીતમલાલ મહેતા

મૂળવતન : જુનાગઢ, હાલ : થાણા

સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં
જીવન તમે એવુ જીવ્યા, ભુલ્યુ ભુલાય નહીં
ધુપસળી જેવુ જીવન જીવી ગયા,
સુગંધ જેની ચૌ તરફ મુકતા ગયા
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને
શાંતિ આપે એવી અમારી અંતકરણ પૂર્વકની પ્રાર્થના

લી.

**પ્રીતમલાલ દલીચંદ મહેતા**

| | | |
|---|---|---|
| **પુત્ર–પુત્રવધુ** | : | **વિવેક–મેઘા,** |
| **પૌત્ર–પૌત્રી** | : | **અંશ , રુહ** |
| **પુત્રી–જમાઈ** | : | **જયશ્રી–ભરતકુમાર,** |
| **દોહિત્ર** | : | **સિધ્ધાર્થ** |
| **પુત્રી–જમાઈ** | : | **રાજશ્રી – વિપુલ** |
| **દોહીત્ર–દોહીત્રી** | : | **નિરવ, પ્રિયા** |

Kayami - July

# વિશિષ્ટ સેવા

**- નગીનદાસ જેચંદ ગાંધી**

મારા ધંધાર્થે મારે સાઉથમાં જવાનું થયેલ તેમાં પણ મારે મદ્રાસમાં મારા કાપડના વેપારી મિત્રને ત્યાં રહેવાનું થયું. તેઓ ખુબ જ ધાર્મિક વૃત્તિવાળા હોવાથી તેમના સંગાથે મારે દેરાસર ઉપાશ્રય પણ જવાનું થયું હતું. મારા મિત્ર ભીખાલાલભાઈએ મારી સાથે એક શ્રાવકની ઓળખાણ કરાવી. મને કહે આ ભાઈ કયારેક કયારેક જ દેખાય છે. મને તેના દેખાવ ઉપરથી થયું કે તેઓ સાધારણ વર્ગના હશે. તેથી સમયના અભાવે આવી શકતા નહીં હોય તેમ મારા મિત્રને જણાવ્યું. તેમણે મને તેમની સાથે પરીચય કરાવ્યો અને જણાવ્યું કે સમજવા જેવા શ્રાવક છે તમો ટાઇમ લઇ તેમને મળશો તો કંઇક જાણવા મળશે. અમે છુટા પડયા.

મારા મિત્રથી છુટા પડ્યા પછી મને ખૂબજ વિચારો આવ્યા કે આ ભાઈ તો મારી સાથે ટ્રેનમાંથી ઉતર્યા અને સામાન મજુર પાસે ઉપડાવી સ્ટેશનથી શાહુકાર પેટની વાઘેશ્વરી લોજ સુધી ચાલતા આવ્યા. રીક્ષા પણ ના કરી આમની પાસેથી શું વિશેષ જાણવા મળશે. પણ મનુષ્ય સ્વભાવ પ્રમાણે તેમને મળવાની ઇચ્છા દબાવી ના શક્યો. મને જેમ ઇચ્છા થઇ તેમ તે શ્રાવકભાઈ સાંજે મારા મિત્રના ઘરે પધાર્યા. મને કહે આપને મળવાનું મને મન થયું ને હું અત્રે આવ્યો છું મેં પુછ્યું આપનું નામ તો જણાવો. સવારે મને આપને મળવાની ઇચ્છા તો થઇ પણ આપનું નામ જ પૂછવાનું રહી ગયેલ. મને તેઓ ખૂબ જ સહજ ભાવથી જોઇ રહ્યા અને કહ્યું આદેશ્વર નાયર. મને તેમના નિખાલસ સ્વભાવથી આંજી દીધો.

તેમણે મને સીધું જ કહ્યું કે સવારે તમોએ મને પગે ચાલીને આવતા જોયો અને મજૂર પાસે સામાન ઉપડાવ્યો તેથી તમોને મારા માટે ઘૃણા થઇ હશે, કે કેટલા કંજુસ માણસ છે. પણ ભાઈ તમારી માન્યતામાં થોડો ફેર કરું છું. મેં મજૂરને દશ રૂપિયા આપેલ છે ત્યારે તમે રીક્ષાના પાંચ રૂપિયા આપેલ હશે. થોડું ચાલ્યો તેથી કસરત થઇ અને મજૂર ને મજૂરી મળી.

મેં વચ્ચે તેઓને કહ્યું આદેશ્વરજી. હું એક ધાર્મિક કાર્ય માટે ફાળો કરવા નિકળેલ છું. તેથી તમારા પાસેથી કંઇક આશા રાખી શકું ? મને તુરંત તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હું ધાર્મિક નહીં પણ સાધિર્મકમાં માનું છું. તેમ છતાં હું તેમાં પણ પૈસો દાનમાં આપતો નથી. આ શબ્દો સાંભળી હું મારા મિત્ર સામે જોવા લાગ્યો, મારા મિત્રએ ઇશારાથી શાંત રહેવા સમજાવ્યું. અને તુરત જ તેણે આદેશ્વરજીને કહ્યું કે તો સાધર્મિક માટે કેવી રીતે કાર્ય કરો છો. તેમણે જણાવ્યું કે કોઇ પણ ભાઈ એવી યોજના લઇને આવે કે તેમાં વધુ ને વધુ સાધર્મિક ભાઈને કામ આવી શકે તો જરૂરથી હું તેમાં સહભાગી થાઉં.


મેં કહ્યું આદેશ્વરજી, માનો કે આવી કોઇ યોજના આપના સમક્ષ આપે તો આપ કેટલી અને કેવી રીતે સાથ આપી શકો ? તેમણે તુરત જકહ્યું કે મારા પાસે જે કંઇ રકમ છે તે મારા પિતાશ્રીની છે. તેના ઉપયોગથી હું જે કંઇ બાર મહિને કમાઉ છું. તેમાંથી મારા કુટુંબનો ખર્ચ બાદ જતાં જે રકમ બચે તે લોન તરીકે વગર વ્યાજે આવા કાર્યોમાં રોકું છું. આવા કેટલે ઠેકાણે આપે આજ સુધી રોકાણ કરેલ છે અને કેટલી સફળતા ? તેમ સહજ મેં પૂછ્યું, એક પ્રેસ રૂપિયા પચાસ હજારમાં ગુંટુરમાં ચાલુ કરેલ છે. તેમાં હાલ દશ ભાઈઓ કામ કરે છે. એક અગરબત્તીનું કારખાનું છે તેમાં (૨૦) વીસ બહેનો કામ કરે છે. તેમાં મારા ફક્ત વીશ હજાર રૂપિયા છે. અગરબત્તીનું કારખાનું ત્રણ વર્ષ થયાં ચાલુ છે. આનો જશ આપણા સમાજના ભાઈઓને આપવો જોઇએ. તેઓ બને ત્યાં સુધી બીજી અગરબત્તી વાપરતાં નથી તેથી આ બહેનોને માસિક ચારસો રૂપિયા જેવું મળી રહે છે. મારી લોન પાંચ વર્ષ પછી સગવડ મુજબ પરત કરવાની શરત છે. તમારી તે લોન પાછી ના મળે તો ભાઈ આપણે સંસ્થાને પૈસા આપીએ છીએ તેને ધર્માદો કહીએ છીએ. તે પાછો આપે છે ? હું લોન આપું છું. જો તે પાછી આપે તો બીજે તેનો ઉપયોગ થાય. આવા તેમનાં જવાબથી મને તેમના માટે ખૂબ જ માન થયું અને મનોમન વિચાર કરવા લાગ્યો કે આવી ભાવના સાથે દરેક સમાજમાં વીશ કે પચ્ચીશ ભાઈ આગળ આવે તો દરેક સમાજમાંથી સહાય લેનારની સંખ્યા આપ મેળે ઓછી થઇ જાય.

આ આદેશ્વરજી સાથે મારે તેમના ઘરે જવાનું થયું તો તેમના ઘરમાં નજર ફેરવતા ખુબ જ નવાઇ ઉપજી આટલી સાદાઇથી રહેનાર ભાઈ તેમના છોકરાવને કેટલા સારી રીતે અને તેમના દોસ્તો વચ્ચે માનથી રહી શકે તેવી રીતે રાખે છે. મારાથી રહી ના શકાયું તેથી મેં પૂછ્યુ કે આટલો તફાવત તમારી અને છોકરાવની રહેણી કરણીમાં કેમ ફરક છે ? ત્યારે આદેશ્વરજીએ જણાવ્યું ભાઈ હું પહેલા જણાવી ગયો તેમ મારા પિતાશ્રીની મુડીનો હું મારા છોકરાવ માટે ટ્રસ્ટી છું. એટલે હું સારી રીતે રહું છું. અને ભવિષ્ય તેમનું પણ સુધરે તે રીતે મારી નિગરાનીમાં તેમની રીતે રહેવા દઉ છું. તેમની રજા લઇ હું મારા મિત્રના ઘરે ગયો.

મારા મિત્રએ મને અભિપ્રાય પૂછ્યો. મેં મારા ઉપર આદેશ્વરજીની એ જે પ્રભાવ પડ્યો તે વર્ણાવ્યો અને જણાવ્યું કે જેણે પોતાના જીવનમાં આટલી સાદાય અપનાવી સાધર્મિક ભાઈઓને પગભર કરવા આવા કાર્યો શરૂ કર્યા તો આ કાર્ય ખરેખર સમાજના ઉત્કર્ષમાં વિશિષ્ટ સેવા તરીકે જ ગણવા જોઇએ. ખરેખર આ જ વિશિષ્ટ સેવા છે. આમના આદર્શો તેમને માન આપવા માટે જીવનમાં ઉતારવા જોઈએ.

-સો.વિ.દિપોત્સવી અંક ૧૯૯૩

# શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રી મનસુખલાલ મલુકચંદ મહેતા

સ્વર્ગવાસ : ૨૦-૦૭-૨૦૧૨, શુક્રવાર- શ્રાવણ સુદ એકમ

મુળવતન : ધોરાજી

"સૌને છોડી ચાલ્યા ગયા તમો મઝધાર
અમો બની ગયા નિરાધાર
રોમેરોમ શૂન્યવકાશ ફેલાયો, અંતરની વેદનાનો નહીં પાર,
હજુયે આંખનું આકાશ ભીનું, નયનોથી છલકે અશ્રુધાર,
આપના મહેતા પરિવારની પુષ્પાંજલી.
મૃત્યુ પાસે સૌ લાચાર."

**શ્રી મલુકચંદ વિઠ્ઠલજી મહેતા પરિવાર**

**હંસાબેન મનસુખલાલ મહેતા**

**પુત્ર-પુત્રવધુ : ભાવેશ - ભૈરવી, કેતન - નિશા**

**પૌત્ર : પાર્થ**

**પૌત્રી : આયુષી - ઋતિકા - સાક્ષી**

જી-૨, પોરવાલ કોમ્પલેક્ષ, સી વિંગ, ૬૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૧૧૦૧
મોબાઈલ હંસાબેન : ૯૭૬૯૯ ૨૩૨૪૬
ભાવેશ : ૯૮૧૯૧ ૭૬૧૦૦

Kayami - July

# શામજીના લગન

**- ચુનીલાલ પ્રેમચંદ પારેખ**

શામજીની સગાઇ તો સારે ઘેર થઇ ગઇ તથા તેના પ્રતિસ્પર્ધીઓ દાંતમાં આંગળા નાખી ગયા. હવે શામજી લગ્ન આવી રહ્યા હતા. એટલે, શામજી આણી મંડળી મુંબઈથી દેશમાં આવવા રવાના થઇ. શામજીના કુટુંબનું નામ તેના દેશમાં પણ પહેલેથી જ સમાજ સેવાની છાપ વાળું, રવાના થતાં પહેલા શામજીએ આરપરનું ઘોતીયું રેશમી ખમીસ-શેરવાની મોજડી વિ. ની ખરીદી કરેલ.

શામજી જયારે આજથી લગભગ ૫૦ વર્ષો પહેલાં પરણ્યો ત્યારે દેશમાં વાયા વીરમગામ જવાતું (અસ્સલ રીતે જવાતું) અત્યારે તો વિરમગામ એક હોલ્ટ સ્ટેશન થઇ ગયું છે. વાયા વિરમગામ એટલે ત્યાં ગાડી બદલવી પડતી. ગાડી બદલવાનો વાંધો ન હતો સામાન મજૂરો મૂકી દેવાના હતા, પરંતુ ત્યારે બ્રીટીશ સરકાર અસ્તિવમાં હતી અને વિરમગામની લાઇન દોરી જકાત નાકું સ્ટેશનમાં જ હતું અને એ જકાતનાકું એકથી બે કલાક માટે જેલ નાકું બની જતું. ત્યાં ગાડીમાંથી બૈરાં છોકરાવને ઉતરવા દેવામાં આવતા નહિં અને કુટુંબના એક બે પુરૂષો જ સાથેનો બધો સામાન દઇ સળીયાવાળી કોટડીમાં હાજર થતાં અને જકાતવાળાઓ આપનો માલ હોય, તેવી રીતે બધો સામાન ફેંકી નાંખતા અને એ બાબત કોઇ દાદ ફરીયાદ કરી શકતું નહીં. બ્રીટીશ સરકારના સમયમાં દાદ ફરિયાદની સામે જેલ અથવા બંદૂકના કુદાઓ તથા ગોળીઓ હાજર થતી. આવી જકાત બારીમાંથી છૂટી પાછું જેતલસર તથા નાની લાઇન માટે શાપૂર સ્ટેશન બદલવું પડતું કેટલી હાડમારી હતી? કારણ, આપણે ગુલામ હતા. દેશી રજવાડાઓના હિસાબે દરેક રાજ્યમાં પ્રવેશ કરતી વખતે જકાતથી પ્રજાને લૂંટવાની એક કળા હતી. અને પ્રજા એ સમયમાં લુંટાતી હતી, તો આજે દેશ સ્વતંત્ર થયા બાદ પણ પ્રજા લૂંટાયા જ કરે છે. પોતાના જ માણસો થી આમ લૂંટાતા લૂંટાતા શામજી પોતાને વતન આવ્યો અને લગ્નની તૈયારીમાં સૌ લાગી ગયા. તે વખતના રીવાજ મુજબ જાનમાં લઇ જનાર વ્યક્તિને ઘેર વ્યક્તિ દીઠ સાત સોપારી આપવામાં આવતી. આમાં ગણત્રી ભૂલથી સાતની જગ્યાએ છ સોપારી અપાય જતી તો મોટા ઝગડા થતાં અને જાન જતા પહેલા વરના માઁ-બાપ નો જાન જવા જેવું થતું. દેશી રજવાડાઓ ભલે ખરાબ હતા, છતાં તેઓ તેમની રૈયત પ્રજા માટે ખૂબ સારા પણ હતા. પોતાની પ્રજાના ઘેરથી જાન જતી તો બાપુ કે દરબાર પોતાને ખર્ચે લાલબોર્ડવાળી પોતાની ગાડી તથા ગામની બસ આપતા આવી બસ અને ગાડી લઇ શામજી પોતાના સાસરે જવા નીકળ્યો. પહેલાના સોંઘવારીના જમાનામાં નજીકના કે દૂરના કુટુંબીઓ તરફથી લગ્નમાં ચાંદલો ફક્ત બે આના કે ચાર આના જ આપવાનો રીવાજ હતો. અને ત્યારે રૂપિઓ ગાડાના પૈડા જેવડો લાગતો.

શામજીની જાન જયારે તેના સાસરે પહોંચી ત્યારે સામા વાળ એ ઢોલત્રાંસા (ત્યારે બેન્ડ વાજા ન હતા તાવડી વાજાં, ગ્રામો ફોન) હતાં, સાથે શામજીનું દબદબાપૂર્વક સામૈયું થયું તથા શામજીની જાનને સાત ટંક સાડાત્રણ દિવસ રોકવામાં આવી ત્યારે કેટરીંગ ઘરના તથા ગામના માણસોના સહકારથી જ થતું.

ચોકખા દૂઘ ઘીની મીઠાઇઓ તથા જમણની વારાફરતી વાનગીઓથી જાનને ધરવી દેવામાં આવતી છતાં તે વખતે જાનમાં તોફાની તત્ત્વો પણ રહેતા અને વેવાઇ પક્ષનો વાત-વાતમાં વાંક કાઢી ઝગડાઓને નોતરતાં. અલબત્ત શામજીના પિતાશ્રીની શાખ-આબરૂના હિસાબે શામજીની જાનમાં ઝગડા ટંટા ફીસાદને અવકાશ ન હતો. છતાં રમૂજ ખાતર વેવાઈની ખબર તો લેવાતી જ.

શામજીને નદી કીનારે મોટા રજવાડી મહેલમાં ઉતારો આપવામાં આવેલો (શામજી વર રાજા જ હતો ને) અને સાંજે ભોજન પતાવ્યા બાદ જયારે ગામમાં ફૂલેકું કાઢવામાં આવ્યું તે અગાઉ શામજીને ખાસ ચેતવવામાં આવેલ કે તે ઘોડા ઉપર બેઠો હોય અને તેના શ્વસુર પક્ષની કોઇ પણ બાનુ તેને પોંખવા આવે ત્યારે તેના સાસરાના



ગામમાં માથું નીચું નમાવવું નહિં. બ્રીટીશ સરકારની સ્કોટીશ કંપનીમાં કામ કરતો શિસ્ત બદ્ધ શામજી એને હુકમ મલ્યો તેનું તેણે એક સૈનિકની અદાથી પાલન કર્યું. ''નહિં નમશે નિશાન ભારતનું'' ની જેમ તે સાસરાના ગામમાં નમ્યો નહિં. આજે પણ નમતો નથી. જયારે શામજીની સગી માસીની દીકરી બહેન તથા શામજીના સસરા પક્ષે થતી કાકીજી શામજીને પોંખવા આવી, ત્યારે આ તો તારી બેન છે. તેને ચાંદલો કરવા દેવા માટે માથું નીચું નમાવ તેમ કહેવામાં આવ્યું. ત્યારે શિસ્તપ્રિય શામજીએ માથું નીચું

ન જ કર્યું તે ન જ કર્યું એટલે ઠીંગણી એવી એની માસીયાઇ બેન-કાકીજી માટે બબ્બે બાજોઠ લાવી તેની ઉંચાઇ વધારાવી, શામજીને પોંખવામાં આવ્યો, અને બધા રાજી થયા.

તો શામજીએ બધાને નારાજ પણ કર્યા. રાત્રે જયારે તેના લગ્ન પછી લોઠ કરવાની આવી એટલે કે સસરા - મોટા સસરા કે તે પક્ષના વડીલના ખોળામાં રેંટો (રેટીંયો નહિં) ફેકવાનું આવ્યું એટલે કે ખેસને તે વડીલના ખોળામાં નાખવાનું આવ્યું ત્યારે શામજીના અવળચંડા મિત્રોએ શીખવ્યા મુજબ રોકડા રૂપીઆ, કે સોનાનો દાગીનો માગવાની જગ્યાએ બુદ્ધુ શામજીએ તે ગામની અલૌકિક ચીજ માગી લીધી. શામજીના વડસસરાએ જયારે કહ્યું કે જમાઇ રાજ, જે માંગો તે આપશું. અમારી શક્તિ મુજબનું હશે તો જરૂર આપશું અને એ કામની એક પણ ચીજ ન માગતા. શામજીએ મુંગો રહ્યો. ભાઈ, અર્ધો કલાક ગયો, કલાક થયો ત્યારે શામજીના મામાએ દમ મારતી આંખોએ શામજી સામે જોયું અને શામજી માગી બેઠો.

''મારે ભેંસ જોઇએ છે!'' અને બધા સ્તબ્ધ થઇ ગયા. છેવટે સમાધાન થયું અને ભેંસની કીંમતના પૈસાથી શામજીને સમજાવવામાં આવ્યો. પરંતુ ઉતારે ગયા પછી શામજી તથા તેના મિત્રોની આરતી ઉતારવામાં આવી. અને શામજી ભેંસ માંગીને નરમ ઘેંસ જેવો થઇ ગયો અને શામજી નરમ પ્રકૃતિનો ગરમ મીજાજી માણસ હતો.

અને શામજીની આરતી ઉતરી ગઉ. પણ આરતી ગમે તેટલી, શામજી એ ભેંસ માગવાનું કારણ શું હતું ? કારણ ભેંસની તથા શામજીની ચામડી એક હતી. ''જાડી ચામડી'' એટલે આરતીની અસર શામજી ઉપર કાંઇ જ થઇ નહિં. જો શામજી આ અસર જારી રાખે તો તેના જ લગ્ન બગડે તેમ હતા અને શામજી, શામલીના ગામમાં પોતાનું નામ બગાડવા માગતો ન હતો અને એમ, ભાઇ રંગે ચંગે લગ્ન કરી શામજીની જાન પોતાને ગામે પાછી આવી. ગામમાં, ગામ ઝાંપેથી ફૂલ દડે રમતાં રમતાં શામજી શામલી ઘેર આવ્યા અને પોંખાયા અને હજૂ ઘરમાં પગ મૂકી છે કે શામજીના વડીલે આવેલી ટપાલો જોઇ આ બધાના આશ્ચર્ય વચ્ચે એક તાર (ટેલીગ્રામ) આવી પડેલ હતો. એ જમાનામાં તાર આવવો એ બહુ મોટા ઘરની વાત કહેવાતી જ તાર ખોલીને વાંચવામાં આવ્યો ત્યારે ખબર પડી ''શામજીએ તેની નોકરી ઉપર બીજે જ દિવસે હાજર થવું'' ભારતની ગુલામીના દિવસોમાં બ્રીટીશ સરકારની નોકરી કરવી એ લોઢાનાં ચણા ચાવવા જેવું હતું અને શામજી પોલાદના ચણા ચાવવા પહેલેથી જ ટેવાયેલો હતો. એટલે શામજીએ લગ્ને બીજે જ દીવસે ગાડી પકડી મુંબઈ ભેગું થઇ જવું તેમ નક્કી થયું. અને બેચારો શામજી, ગાડી પકડી, બીજે જ દિવસે મુંબઈમાં તેની નોકરીએ લાગી ગયો અને સાચા અર્થમાં નોકરી તેને લાગી ગઇ. શામલી દેશમાં રોકાણી.

હનીમૂનની પ્રથા ત્યારે, તે જૂનવાણી જમાનામાં હતી નહિં. અને એ કોણે અને કયારે શરૂ કરી એ શોધનો વિષય છે. આ બાબત આજના શામજીના યુવાનમિત્રો પ્રકાશ પાડશે એવી આશા શામજી રાખે છે. અને ત્યારે ઘૂંઘટ લાજ કાઢવાનો પણ રીવાજ હતો. અને શામલીને પણ લાજ કાઢવી પડતી. અને આપણા બાપ દાદાઓ અને મા દાદીઓ ખોટા તો હતા જ નહીં. અત્યારે જો લાજ કાઢવાનો બૂરખા ઘુંઘટનો રીવાજ જમાનો પાછો આવે તો અચરજ પામવા જેવું નથી. અત્યારના ''લાજ કાઢવી'' એટલે શું તેના કેટલા પ્રકાર છે, વિગેરે સમજાવવા ડેમોન્સ્ટ્રેશન કરવા કલાસ ચાલુ કરો તો તે પણ ચાલી શકે છે.

જયારે એક જ સ્ત્રીની આબરૂ ની કિંમત લાખો જવાનોના મોતથી વધારે છે, ત્યારે આ બાબત હરેક સમાજો એ વિચારવંત (સ્ટેજ પરસ્તી તથા ફોટા પડાવવા સિવાય બીજા વિચારો તેમની પાસે બાકી બચ્યા હોય તો) થવાની જરૂર છે.

સરાજાહેર રીતે જાહેરમાં, જાહેર રસ્તાઓ ઉપર મા-બહેનો દિકરીઓની છેડતી તથા બળાત્કારોના કીસ્સાઓ જયારે બધી તરફથી વધી રહ્યા છે. ત્યારે ફરીથી પાછો લાજ કાઢવાનો જમાનો પાછો લાવવો જોઇએ. તેમ શામજી દ્રઢપણે માનવા લાગ્યો છે અને શામજી જયારે કોઇ પણ વાત માનવા લાગે છે ત્યારે તે અમલમાં પણ મૂકી શકે છે. અને શામજીથી ભગવાન બચાવે, કે ભગવાનને શામજીથી બચાવવો એ નક્કી કરવાનું તમારે છે અને તમારે જ છે!

અને શામજી જાડી ચામડી છતાં વિચારવંત માણસ હતો!!!

## પ્રેમનો સૂર્યાસ્ત

**સૂર્યાસ્તનો સમય એ પ્રેમીઓના પ્રણયના ઉદયનો સમય છે, હું તો કહું છું કે પ્રેમનો સમગ્ર ઇતિહાસ એટલે જ સાંજ.**

**જગતમાં અનેક ઉત્તમ દ્રશ્યો હશે પણ સમુદ્ર કિનારે બે પ્રેમીઓ સાંજના સમયે જગત તરફ પીઠ કરીને, હાથમાં હાથ પરોવીને બેઠા હોય એ લૌકિક દૃશ્ય છે. છાપરાની ટોચ પર બે પારેવા સાંજના સમયે ચાંચમાં ચાંચ પરોવની ગુફતગુ કરતા હોય એ દ્રશ્ય તસ્વીરકારોને પણ હચમચાવી દે તેવું છે. આ પ્રેમ ટકશે કે નહીં? અધવચ્ચે અટકશે? કે બટકશે? તેની ખબર તો કાળને જ પડે. કહેવા તો હું એટલું જ માંગું છું. કે પ્રેમી પીતળનો પણ હોઇ શકે અને સુવર્ણનો પણ. પ્રેમમાં છેતરાઇએ એના જેવી કોઇ વેદના નથી. વેદના પથ્થર નીચે વહેતા ઝરણા જેવી છે. જે બહાર દેખાતી નથી. હું માનું છું કે તારા માટેનો મારો પ્રેમ મારા માટે પીડાદાયક છે અને તારા માટે નકોમો છે. એટલે જ કહું છું કે પ્રેમના સૂર્યાસ્ત જેવી કોઇ કરૂણ ઘટના નથી.**

# આધુનિક બહાર વટિયાઓ

- કાન્તિ શેઠ

આજથી પચાંસ વર્ષો પહેલાના સૌરાષ્ટ્ર (સોરઠ) ગુજરાતમાં દેશના અન્ય પ્રદેશોની માફક પ્રજા સુખી અને સંતોષી હતી. જીવન જરૂરીયાતની વસ્તુઓ સસ્તી હતી. એક રૂપિયે મણ બાજરો, સવા રૂપિયે મણ ઘઉં અને પાંચ આને શેર ઘી મળતું હતું. એ સમયે આજના જેટલી ગુન્હાખોરી ન્હોતી, લુંટફાટ ન્હોતી લુંટારાઓ ન્હોતા, અપવાદ રૂપ સોરઠના બે ચાર રજવાડાઓમાં જોધામાણેક, મુળુ માણેક, રામવાળો, કાદુ મકરાણી જેવા કેટલાક બહારવટીયાઓ પેદા થયા હતા. છેલ્લે ભૂપત નામનો બહારવટીયો પેદા થયો હતો પણ બધા એક બીજા રાજ્યોની આપસની વેરવૃત્તિને પરિણામે અથવા તો રાજ્યોના અન્યાય સામે લડવા બહારવટુ ખેલનારા બહાર પડયા હતા. મોટે ભાગે એ બહારવટુ ખેલનારાઓમાં ધર્મ હતો. નીતિ હતી. આ ફક્ત રાજ સામેની લડત હતી.

આઝાદીના ૪૬ વર્ષ ના કાળ દરમ્યાન જુના રજવાડાઓ તો ભૂસાઇ ગયા. નવા રજવાડાઓ રાજયો ઉભા થયા. રાજા મહારાજાઓ અને નબાબોની બદલીમાં રાજકીય ક્ષેત્રે કેટલાક રાજકારણીઓ રાજા મહારાજાઓ, નબાબો બની ગયા. જુના રજવાડાઓના માલિકોએ માણી ન્હોતી એવી પંચતારક જીંદગી, સુખ સાહેબી રાજકીય નેતાઓ માણવા લાગ્યા છે. રાષ્ટ્રના આધુનિક રાજકારણીઓએ પોતાના રાજકારણને યાવશ્ચંદ્ર દિવાકરો અખંડ રાવવા, આધુનિક ''બહારવટીયાઓની એક નવી જમાત ઉભી કરી નાખી અને સમાજમાં વિવિધ રીતે પ્રજાને લુંટવાના બીન લેખીત ''પરવાનાઓ'' આપી દીધા.''

રક્ષણ કરવાના નામે ''પ્રોટેકશન મની'' માગનારાઓની એક જમાત. ચીલઝડપે રસ્તે ચાલતી સ્ત્રીઓના ગળામાંથી ચેન ખેંચનારાઓની બીજી જમાત, મોટી હોટલો-દુકાનો અને ગરકાયદેસર ધંધાઓને બીન રોકટોક ચાલવા દેવા માટે હપ્તાઓ ઉઘરાવનારાઓની ત્રીજી જમાત, બેન્કોના ચેરમેનો, મેનેજીંગ ડીરેકટરો ઉપરના એઝીક્યુટીવો તથા શેર બજારના કાયદા કાનુનોની પોલનો લાભ લઇ બધા હાથમાં હાથ મેળવીને દેશની પ્રજાના અબજો રૂપિયા લુંટી જનારાઓની ચોથી જમાત. ચૂંટણી આવે ત્યારે કરોડો રૂપિયાના ફંડ ફાળાઓ ઉઘરાવનારાઓ અને આપનારા બેઇમાન અને ભ્રષ્ટ ઉદ્યોગપતીઓની પાંચમી જમાત.

નીચેથી લઇને ઉપર સુધીના સરકાર નોકરશાહીને બાપદાદાની જાગીર સમજીને લાંચ રૂશ્વત દ્વારા અબજોની મિલ્કત જમા કરનાર સરકારી નોકરોની છઠી જમાત આવી તો અનેક જમાતો આધુનિક ''બહારવટીયાઓ'' બનીને આમ પ્રજાનું શોષણ કરી રહ્યા છે. છતાં રાષ્ટ્રના ધૃતરાષ્ટ્રોના શાસનમાં દુર્યોધનની જમાત ભારતની આમ પ્રજાના ભોળી ભાલી પ્રજાને દ્રૌપદીઓ સમજીને તેના ચીરહરણ કરનારાઓની જમાત. મહાભારત પછી મેરા ભારત મહાન ભારતમાં વ્યવસ્થિત ચાલુ છે. આ સિવાય મેરા મહાન ભારતમાં અનેક ક્ષેત્રોમાં વિવિધ બહારવટાના કામ કરતી જમાતો હસ્તીમાં છે.

દહેજ માંગનારાઓની જમાત, નિર્દોષ કન્યાઓ ઉપર અત્યાચારો કરનારાઓની જમાત ગેરકાયદેસર જમાતોના માલિકો બની ગેરકાનુની ઇમારતો બાંધનારાઓની જમાત એના વ્યવસાયમાં વ્યસ્ત છે.

આમ રાષ્ટ્રમાં આધુનિક બહારવટીયાઓની જમાતો પેદા થઇ છે. અને રાજકારણીઓ અને કાયદાના રક્ષકોની છત્રછાયા હેઠળ તે લોકો પોતાના આધુનિક બહારવટનો - - - પુરબહારમાં કર્યે જાય છે. કાયદાઓ કાનુનો ફકત પોથીઓમાંપડયા રહેલા છે.

ધર્મ હિન, નિતીહિન, ઇમાનહિન, સિદ્ધાંતહિન, આજના ''આધુનિક બહારવટીયાઓને નેસ્તનાબુદ કરનારી કોમ આદ્યશક્તિ આપણા દેશની ધરતી ઉપર અવતરે ખરી ? ''અહિંસા પરમોધર્મ''ના સિધ્ધાંતો ને વરેલા આદેશમાંથી હિંસારાજ બંધ થશે ?

- સો.વિ.ઓગષ્ટ-૧૯૯૩


## આંસુ...

ગમ દર્દ સે કભી મચલતે હૈં યે આંસું,
　　ઔર ખુશી સે કભી ઉછલતે હૈં યે આંસું...
યે દુનિયા હૈ દુનિયા સ્વાર્થીઓં કી,
　　કભી સ્વાર્થી બન ઢલતે હૈં યે આંસું...
ન જાઓ જમાને કી વહ બાતોં પર,
　　કભી યોં હી ફિસલ જાતે હૈં યે આંસું...
હૈં આંસુંઓં કા રિશ્તા નાજુક દિલસે,
　　કભી દુશ્મન બનકે જલતે હૈં યે આંસું...
ન જાણે કયા બંધન હૈ ભાવનાઓં કા,
　　ભાવૂક બનકે કભી બિછડ જાતે હૈં યે આંસું...
દિલ, યે જાન લે કયા દૌર હૈં યે આંસું...
　　કભી જોશીલે તો કભી કમજોર હૈં યે આંસું...

# વાંચ્યું... ગમ્યું... છાપ્યું...

''સૂણજો સાજન સંત,
પર્યુષણ આવ્યા રે...
તમે પુણ્ય કરો પુણ્યવંત,
ભાવિક મન ભાવ્યા રે...''

૬૬ વર્ષની ઉમરે પહોંચેલ મેં આ પર્વને કેટલી વાર જોયું. ઉજવ્યુ, ક્ષમાપના કરી, ઉપદેશો સાંભળ્યા. યથાશક્તિ તપ-દાન કર્યું, શીલ પાળ્યું ?



પણ... શું હું 'પુણ્યવંત' ની ઉપાધિ-ડીગ્રી મેળવવા લાયક બન્યો ખરો ? 'ભાવ' થી કેટલી 'ભાવના' ભાવી ? કેટલું તપ, દાન, શીલ આદિ આચર્યું ?

'દેખાડો' કરવા, સમાજની નજરમાં 'ઓછા' ના પડીએ, એ માટે અથવા કુટુંબમાં 'અલ્પિત' ના થઇએ એ માટે કે પૂ. ગુરૂદેવને 'સંતોષ' થાય એવી આભાસી માન્યતાને કારણે શું આવા કારણોસર તો આટલા વર્ષો પર્વ ઉજવ્યા નથી ? 'આત્મમંથન' ની જરૂર છે.

સાચી રીતે, ભાવથી-દિલને પારદર્શક રાખીને, પર્વની ત્યાગ, સમભાવ, મૈત્રી, કરૂણા, અહિંસા, અચૌરી, અપરિગ્રહ, અકામ, અપ્રમાદ જેવા ધર્મના પાયાની ઇંટો મેં જીવનમાં આટલા બધાં વર્ષોની પર્વ-ઉજવણી પછી કેટલી ચણી છે ?

અને ઇંટો ચણાઇ હોય તો, મને આજે પ્રશંસાનો મોહ, પૈસાનો મોહ, શરીરનો મોહ, વટ પાડવાનો મોહ, મલ્યાના સંતોષની જગ્યાએ નિશ્ચિત નથી તેવું મેળવવાની લાલસા, નાની વાતમાં આવતો ક્રોધ, બીજાની નિદા, ઇર્ષા-દ્વેષ-રાગની વૃત્તિઓના 'આખલા' કેમ અંકુશમાં રાખી શકતો નથી !

હૈયે અલગ, જીભે અલગ-વિચારે અલગ, અમલમાં અલગ આવું જીવન હજી શા માટે ? મારા કરતાં નાની ઉંમરના ઘણા 'ચાલી પરવાર્યા' મને પ્રભુ 'બોનસ' જીવન આપેલ છે. કઇ પળે દિવો ઓલવાશે. તે ખબર નથી... છતાં હું કેમ જાગતો નથી ? 'જાગ્યો છું' - એ આભાસ છે. પૂર્ણતા આત્માની શુદ્ધિની વગર બધું નિરર્થક છએ. હે પ્રભુ, અટવીમાં ગુંચાયેલ મને તું સાચી દિશામાં જવા શક્તિ, બુદ્ધિ આપ, ઉપદેશો સાંભળવા કહેવા-લખવાનું પરિણામ 'શૂન્ય' છે. જયાં સુધી પોતે પોતાની જાતને ઓળખે નહિં અને 'આત્મશુદ્ધિ' અગ્નિમાં શેકાય નહિ ત્યાં સુધી !

પ્રભુ મહાવીરના ઉપશમો પૈકી કેટલાને આપણે હસતે મુખે ભેટીએ છીએ ? ઉપશમો તો આજે અગાધ છે. પણ આપણી નજર, બુદ્ધિ, ગણતર આદિ 'નિરર્થક' માયાના લપેટમાં હોઇ આ 'ઉપશમો' ને રડીએ છીએ. તો તેનો નાશ કેમ થાય ?

એક કવિએ લખ્યું છે - 'દુઃખ' ને રોયા કરતાં ગાયા કરો.' બસ આ પાંચ શબ્દોમાં પાંચ મહાવ્રત સમજાઇ જાય છે. 'ઉપશમો' હસતે મુખે સહીને 'આત્મશુદ્ધિનો' આ જ એક માર્ગ છે.

પ્રભુ આપણને સાચા માર્ગ વાળે એજ પ્રાર્થના.

પ્રભુ સૌનું કલ્યાણ કરો.

# ઓળખ અને પરખ... અરિહન્ત પરમાત્માની

– આ.વિ. રત્નભૂષણસૂરિ



જગતમાં જયાં સુધી આપણને કોઇ પણ જીવની કે વસ્તુની બરોબર ઓળખ થતી નથી ત્યાં સુધી આપણે એને અંગે અંધારામાં અટવાઇએ છીએ. ઓળખ થયા પછી એની પરખ પણ થવી જરૂરી છે. ઓળખની સાથે પરખ પણ જો બરોબર થઇ જાય તો આપણે એનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકીએ છીએ. આ કાગળ એ એક સો રૂપિયાની નોટ છે એવું ભાન થાય એ એની ઓળખ થઇ, પરંતુ એ નોટથી આપણે શું શું મેળવી શકીએ એનું આપણને જે જ્ઞાન થાય એ એની પરખ થઇ. એટલે ઓળખ થયા પછી જાયં સુધી એની પરખ ન થાય ત્યાં સુધી આપણી સમજ અધૂરી રહેવાની. એટલે આપણે અનન્ત ઉપકારી અરિહંત પરમાત્માની ઓળખ અને પરખ માટે આ લેખ દ્વારા કંઇક પ્રયત્ન કરીએ અને ધન્ય બનીએ.

જૈન શાસનના મુખ્ય કેન્દ્રરૂપ અરિહંત પરમાત્માને સદા નમસ્કાર હો. તેઓનો જય થાઓ, વિજય થાઓ. શુદ્ધ સમક્તિ આદિ ગુણોની ઉત્તમોત્તમ આરાધના કરીને જેઓ પોતાના તીર્થંકરના ભવથી આગળના ત્રીજી ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે. સંસારમાં રહેલા નિગોદથી માંડીને અનુત્તર વિમાનના દેવ સુધીના નાના-મોટા સર્વ જીવોની ભાવદયા ભાવતાં, તે સૌને મોક્ષ માર્ગમાં ચઢાવી, મોક્ષ નગરમાં પહોંચાડી, સંપૂર્ણ સુખી બનાવવાના ઉત્તમોત્તમ મનોરથ સેવવા દ્વારા ઉત્કૃષ્ટ પુન્યાનુબંધી પુન્ય બાંધે છે. એથી જેઓનું અંતિમ જીવન તેઓ માતાના ગર્ભમાં આવે ત્યારથી જ પરમપૂજ્ય ગણાય છે. આવા અરિહંત પરમાત્માના ચરણોમાં ભાવથી નમસ્કાર કરનાર પણ મહા પુન્યવાન કહેવાય છે.

ચારે દેવ નિકામના મળીને ૬૪ ઇંદ્રો જેમના ચરણકમલની સેવાને ક્ષણે ક્ષણે ઝંખે છે, એટલું જ નહિં પરંતુ એમની સેવાથી પોતાના દેવભાવના સુખને સફળ ગણે છે અને હજારો કામ પડતાં મૂકીને એમની ભક્તિ કરવાની ઉતાવળ કરે છે. અત્યંત ભાવપૂર્વક ભક્તિ કરીને પોતાના આત્માની નિર્મળતા કરે છે.

એવા અરિહંત પરમાત્માની આજ્ઞાનું પાલન કરવામાં અને પોતાની શક્તિ મુજબ તેઓની ભક્તિ કરવામાં કયો ભવ્ય જીવ આળસ કરે ? પોતાનું ભલું કરવાની ઇચ્છાવાળો જીવ એમની સેવાભક્તિ કરવામાં પાછો ન જ પડે.

એમના જીવનનાં પાંચ દિવસો ખૂબ જ મહત્ત્વના ગણાય છે. એ પાંચે પ્રસંગે ત્રણે લોકમાં પ્રકાશ થાય છે. અરે ! ભયંકર અંધારામાં સબડતા નરકલોકમાં પણ પ્રકાશ થાય છે. એ પાંચ પ્રસંગ જગતના સર્વ જીવોનું કલ્યાણ કરનાર હોવાથી એને કલ્યાણક કહેવાય છે.

**૧) ચ્યવન કલ્યાણક** – દેવલોકમાંથી અને નરકમાંથી, ત્યાંનો ભવ પૂરો કરીને જયારે અહીં માતાના ઉદરમાં આવે તે.

**૨) જન્મ કલ્યાણક** - ગર્ભમાં વસવાનો કાળ પૂરો કરીને માતાના ઉદરથી પીડારહિતપણે, કોઇને પણ પીડા ન ઉપજાવે એવી રીતે જન્મ પામે તે.

**૩) દીક્ષા કલ્યાણક** – અવધિજ્ઞાનથી પોતાના દીક્ષાના અવસરને જાણીને વરસીદાન દઇને સર્વ સંગનો ત્યાગ કરીને સાધુ જીવનનો સ્વીકાર કરે તે.

**૪) કેવળજ્ઞાન કલ્યાણક** – ઉત્કૃષ્ટ સંયમની સાધનાથી અને યોગ્ય તપશ્ચર્યાના આચરણથી તેમ જ સમતા રસમાં લીન થઇને પરિષહ અને ઉપસર્ગોને પરમ ક્ષમા વડે સહન કરીને ચાર ઘાતિ કર્મોને મૂળમાંથી ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રગટ કરે તે.

**૫) મોક્ષ કલ્યાણક** – કેવળજ્ઞાન થવા છતાં પણ આપણને સંસારમાં જકડી જનાર એવા ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરીને સંપૂર્ણ સિદ્ધદશા પામે, છેલ્લે મૂળ શરીરને પણ છોડીને દેહાતીત દશા પામીને સાદિ અનંતકાળ શાશ્વત પાનમાં નિવાસ કરે તે. આને નિર્વાણ કલ્યાણક પણ કહેવાય છે.

અરિહંત પરમાત્માના આ પાંચે પાંચ કલ્યાણકના સમયે જગતભરના સર્વ જીવોને પરમ સુખ-શાંતિનો અનુભવ થાય છે. એટલે આપણે પણ ખૂબ જ ભક્તિ-ભાવપૂર્વક આ પાંચે કલ્યાણકોની આરાધના કરવા લાયક છે. એવા એ અરિહંત પરમાત્માના તે તે ઉત્તમ જીવન પ્રસંગના સંભારણા ભાવિક જીવોના

હૈયામાં આનંદના ઉભરા લાધે. એવા અરિહન્ત પરમાત્માની શુદ્ધ ભાવે સેવા કરવાની મળેલી તકને જે કોઇ જવા દે, એ ઘણું ગુમાવનાર કહેવાય.

અરિહંત દેવના અનંત ઉપકારને યાદ કરનાર તો એ જ વિચારે કે - આજ સુધી અનંતભાવો એ પરમ હિતકારક દેવની ઓળખાણ વિના અને પરખ વિના એમની સેવાથી વંચિત રહીને ફોગટ વીતાવ્યા છે, પરંતુ આ ભવ હવે એમને એમ ફોગટ જવા દેવો નથી. આવા પરમ કલ્યાણક દાતાર, જગત ઉપકારી વીતરાગ દેવને હૈયામાં વસાવવા માટે પૂરેપૂરો પુરૂષાર્થ આ જીવનમાં અવશ્ય કરી લેવો છે. જેથી હવે પછી કોઇ પણ ભવમાં એ પરમકૃપાળુ નાથનો વિયોગ ન થાય.

એ પરમાત્માને જન્મથી ચાર અતિશય હોય છે. દુનિયાના કોઇ પણ જીવમાં અનુભવી પણ ન શકે એવા વિશિષ્ટ ગુણો એમના જીવનમાં પળે પળે ઝગમગતા હોય છે. આવા જિનેશ્વરદેવને ભાવપૂર્વક નમસ્કાર કરવાથી પણ જીવના અનેક જન્મના પાપોનો નાશ થાય છે.

એમનું ભોગજીવન પણ એટલું નિર્લેપ દશાવાળું હોય છે કે - તેઓ ભોગ પણ ભોગાવલી કર્મને ખપાવવા માટે જ ભોગવે છે. ભોગનો ભોગવટો સંસારી પ્રાણી માત્રને આસક્તિ પેદા કરીને ચીકણા કર્મ બંધાવી ચાર ગતિમાં રઝળાવનાર થાય છે. જયારે એ જ ભોગો ભગવાનને કર્મ ખપાવવામાં સહાયક થાય છે. તેઓશ્રીના જીવનની અતિ અદ્ભુત ઘટના છે.


જ્ઞાન દૃષ્ટિ વડે ક્ષણોક્ષણ જાગૃતિવાળા અને સંપૂર્ણ ઔચિત્યથી ભરેલા તેમના જીવનની સર્વ કરણીની પ્રશંસા કરતા કરતા ભલભલા તત્ત્વવેદીઓ પણ થાકી જાય એમ છે. મોટા મોટા પુરુષો પણ જયારે એ સ્વામીના ગુણગાન ગાવા તૈયાર થાય છે ત્યારે તેઓ પોતાની આશક્તિને જાહેર કરતાં જણાવે છે કે 'અનંત ગુણના સાગર એ અરિહંત દેવના ગુણ ગાવાની શક્તિ કોઇનામાં પણ નથી. કેવળજ્ઞાની પણ એમના ગુણો જ્ઞાનથી જાણવા છતાં પણ વચનથી કહી શકે નહિ. તો પછી મારા જેવા ઓછી બુદ્ધિવાળાનું શું ગજું ?' તેમ છતાં - સારા કાર્યમાં શક્તિ મુજબ પ્રયત્ન કરવો જોઇએ. એવી મહાપુરુષોની શિખામણનો ધ્યાનમાં લઇને હું તેઓના ગુણોના અંશોને કાંઇક કહેવા તૈયાર થયો છું... વિગેરે...

અસીમ ઉપકાર કરનાર એ અરિહંત દેવના ઉપકારનો બદલો અનંત ભવો સુધી જીવનની સર્વ સામગ્રીઓ ન્યોચ્છાવર કરવા છતાં પણ વળી શકે તેમ નથી. એવું વિચારી પોતાની તન-મન-ધન આદિ સર્વ શક્તિ એમની સેવામાં લગાડી દેવાની શુદ્ધ ભાવનાપૂર્વક એમની આજ્ઞાના પાલનનું ધ્યાન રાખીને એમણે બજાવેલા માર્ગની આરાધના કરવી એ જ વિવેકી જીવોનું કર્તવ્ય બની રહે છે.

નવપદમાં પહેલે પદે બિરાજમાન ઉજ્જવલ વર્ણવાળા બાર ગુણોને ધરનારા, ચોત્રીશ અતિશયવાળા, વાણીના પાંત્રીશ ગુણોના ધારક, અઢાર દોષથી રહિત એવા શ્રી અરિહંત દેવને કોટિ કોટિ નમસ્કાર...


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**ગાય અને ભેંસનું શુદ્ધ ઘી**



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર

એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ

હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ

કૃણાલઃ ૭૨ - ૨૧૦૭ - ૨૧૦૭



# ભાવભીની શ્રદ્ધાંજલી



**જન્મ તારીખ**
**૨૫.૦૪.૧૯૩૬**

**સ્વર્ગવાસ તારીખ**
**૦૨.૦૭.૨૦૨૪**

મઘરવાડા નિવાસી, હાલ ઘાટકોપર, **શ્રીમતી કંચનબેન અમીચંદ વોરા ૮૮ વર્ષની ઉંમરે તારીખ ૦૨.૦૭.૨૦૨૪ ને મંગળવારના રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામ્યા** તે બદલ શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળનો સમસ્ત પરિવાર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે.

પૂજ્ય શ્રીમતિ કંચનબેનના નિધનના સમાચાર દુ:ખદ છે. સાંસારિક જીવનમાં મૃત્યુ આઘાત જનક હોય છે. પૂજ્ય શ્રીમતિ કંચનબેનનું જીવન જુદી માટીથી ઘડાયેલ એ હકીકત છે. સમાજ માટે લાગણી, ધર્મ ભાવના નિજ સેવા આપણે અનુભવ્યા છે. ઉદાર દાનવીર સ્વભાવથી કોઇ અજાણ નથી .

એક કંચન સમાન ઝળહળતા સિતારા અને સંપૂર્ણ સમતાના સ્વામીની જેણે ઘણા વર્ષો સુધી સાદુ જીવન જીવીને ગયા. રામ લક્ષ્મણ જેવા સંતાનોનો વિયોગ સહન કર્યો અને મુરબ્બી શ્રી અમીચંદભાઈ સાથે આદર્શ જીવન જીવ્યા અને અમીચંદભાઈની ગેરહાજરી બાદ પણ શ્રી અમીચંદભાઈનો ઉદારદિલ દાનવીર સ્વભાવ અને સમાજ માટે ઉમદા કાર્યો કરવાની લાગણીને શ્રીમતી કંચનબેને સુપેરે આગળ વધારી. સામાજિક સંસ્થાને ઉદાર હાથે દાન આપતા રહ્યા. . અમી ભરેલી નઝર અને જીન શાસન પ્રત્યે અપાર શ્રદ્ધા, આવા પુણ્યશાળી ઘણા ઓછા થતા હોય છે. તેમણે પણ પરિવારના આદર્શ મુજબ પ્રાપ્ત થયેલ લક્ષ્મીને મહાલક્ષ્મીની જેમ વર્ષીદાન વરસાવતા રહ્યા, જે આપણને સૌને હમેશ યાદ રહેશે.

શ્રીમતી કંચનબેન અમીચંદ વોરા મળતાવડો શાંત, સરળ, મિલનસાર સેવાભાવી સ્વભાવ કાયમ યાદી પૂર્ણ રહેશે. શૈક્ષણિક, તબીબી અને અન્ય ક્ષેત્રે વહાવેલ દાનની ગંગા યાદગાર બની રહેશે. શ્રીમતી કંચનબેનની અચાનક વિદાય વોરા પરિવારમાં તેમજ સમાજમાં ન પૂરી શકાય એવો શુંન્યવકાશ સર્જાયો છે. તેઓ સમાજના એક સન્માનીય વ્યક્તિ હતા. તેઓ સમાજ માટે કંઈક કરી છુટવાની ભાવના ધરાવતા હતા. હાલમાંજ સંસ્થાને તબીબી રાહત યોજનામાં (ક્રીટીકલ) અંગે આપેલ માતબર રકમ માટે સંસ્થા તેમનો ઋણી છે.

પરમતારક દેવાધિદેવ પરમ કૃપાળુ અરીહંત પ્રભુ! સદગત પુણ્યાત્માને આપના શરણમાં લઇ શાશ્વત સુખ અને પરમ શાંતી અર્પે એવી અંતઃકરણ પૂર્વક પાર્થના કરીએ અને આપના સમગ્ર વોરા પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ જિનેશ્વર પ્રભુ આપે. વોરા પરિવારની આ દુ:ખદ પળોમાં આ મંડળનો સમગ્ર પરિવાર આપનો સહભાગી છે.

**ૐ શાંતિ ......... ૐ શાંતિ .......... ૐ શાંતિ ...........**

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ વતી

શ્રી શશીકાંત ગીરધરલાલ વોરા
પ્રમુખ

શ્રી ચંદ્રકાંત નરોત્તમદાસ વોરા
ખજાનચી

શ્રી ચંદ્રકાંત ન્યાલચંદ પારેખ
ઉપ-પ્રમુખ

શ્રી અજય કાંતિલાલ પારેખ
માનદ્ મંત્રી

શ્રી વિનોદ ભગવાનજી મહેતા
માનદ્ મંત્રી

તથા સમગ્ર કારોબારી કમિટીના સભ્યો

# PARESH - SANJAY AMICHAND JIVANBHAI VORA EDUCATION FUND-2024

પુણ્યશાળી,

આપણા સમાજના શિક્ષણ પ્રેમી દાતાઓને નમ્ર વિનંતી છે કે શિક્ષણ સહાયમાં આપ સહભાગી થઇ ને સમાજને શિક્ષિત બનાવવામાં આપનો અમૂલ્ય ફાળો આપો જેથી અમો વધારે મદદરૂપ થઇ શકીયે.

ગત ૨ વર્ષ દરમિયાન આપના સહકારથી અમો દર વર્ષે ૨ ૨ લાખથી વધુ સહાય કરી શકયા હતા.

| NO. | NAME OF THE DONORS | AMOUNT |
|---|---|---|
| 1. | SHRI SHRIKANTBHAI SAKARCHAND VASA | 151000 |
| 2. | SHRI KANTILAL NANDLAL VORA | 151000 |
| 3. | SHRI LALITBHAI DAMODARDAS MEHTA | 111111 |
| 4. | SHRI MANEKLAL ZAVERCHAND VASA | 111111 |
| 5. | SHRI MAHESHBHAI MATHURADAS SAVADIA | 55000 |
| 6. | SHRI PRANLAL KAPURCHAND DOSHI | 51000 |
| 7. | SHRI SANJAYBHAI NATVARLAL SHAH | 51000 |
| 8. | SHRI JAMNADAS HIRACHAND VORA | 51000 |
| 9. | DR. JAYSUKHLAL AMRUTLAL MEHTA | 21000 |
| 10. | SMT. RITABEN KIRITBHAI MEHTA | 18000 |
| 11. | SHRI KETANBHAI PRAVINBHAI SANGHVI | 18000 |
| 12. | SMT GEETIKA VATS | 18000 |
| 13. | SHRI VINODBHAI BHAGVANJI MEHTA | 11111 |
| 14. | SHRI SORATH VISHASHRIMALI JAIN MANDAL-BORIVALI | 11000 |
| 15. | SMT. DIVYABEN KIRTIBHAI VASA | 11000 |
| 16. | SHRI SORATH VISHA SHRIMALI GHATKOPAR MITRA MANDAL | 11000 |
| 17. | SHRI HEMENBHAI H BHIMANI | 10000 |
| 18. | SHRI YOGESHBHAI VINODRAI VORA | 9000 |
| 19. | SHRI PARIMALBHAI MANSUKHLAL BHIMANI | 9000 |
| 20. | SHRI JAYANTBHAI CHUNILAL DOSHI | 9000 |
| 21. | SMT.JYOTIBEN PRAVINBHAI VORA | 9000 |
| 22. | SHRI BHAVESHBHAI VINODBHAI SHETH | 9000 |
| 23. | SHRIMATI BHAVNABEN PRAVINBHAI SANGHVI | 9000 |
| 24. | SHRI DEVCHAND KARAMCHAND VASA PARIVAR | 9000 |
| 25. | SHRI SORATH VISHA SHRIMALI JAIN MAHILA MANDAL -GHATKOPAR | 5000 |
| 26. | SHRI MAHENDRABHAI MUGATLAL VORA | 5000 |
| | **TOTAL** | **934333** |

## EDUCATION CORPUS FUND-2024


| No. | NAME OF THE DONORS | AMOUNT |
|---|---|---|
| 1. | SMT.KANCHANBEN AMICHANDBHAI VORA | 100000 |
| 2. | SHRI GIRDHARLAL JIVANBHAI VORA | 50000 |
| | **TOTAL** | **150000** |

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## કાયમી શૈક્ષણિક યોજના



શ્રી પરેશ



શ્રી સંજય

# શ્રી અમીચંદ જીવનભાઈ વોરા

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ દ્વારા ઇ.સ.૧૯૯૦ થી દર વર્ષે ધોરણ ૧ થી ૧૦ સુધી સ્કુલ ફી તથા કોલેજ અને હાયર એજ્યુકેશન સહાય અર્થે સમગ્ર ભારતમાં વસતા આપણા સોરઠ વિશા શ્રીમાળી જૈન પરિવારોને વિદ્યાર્થીઓના શૈક્ષણિક ખર્ચમાં મદદરૂપ થવાના શુભ આશયથી ''શ્રી પરેશ-સંજય અમીચંદ જીવનભાઈ વોરા શૈક્ષણિક યોજના'' નું અરજી પત્રક મંગાવીને સહાય આપવાનું આયોજન કરવામાં આવે છે. આ શૈક્ષણિક યોજનાને કાયમી કરવાની પ્રેરણા ઇ.સ.૧૯૯૦થી શ્રી પરેશ-સંજય અમીચંદ જીવનભાઈ વોરા પરિવાર તરફથી મળેલ છે અને તેઓ કાયમી સહાયક દાતા છે તે બદલ તેઓનો ખૂબ ખૂબ આભાર. આ માટે આપણો સમાજ ગર્વ અને ગૌરવ અનુભવે છે.

છેલ્લા ઘણાં વર્ષોથી શૈક્ષણિક ખર્ચમાં મોટો વધારો થવાથી દર વર્ષે આપણા સમાજના અન્ય દાતાઓ પાસેથી આ યોજના માટે વધુ રકમ ભેગી કરીને દરેક વિદ્યાર્થીઓને વધુમાં વધુ સહાય મોકલવાના અથાગ પ્રયત્નો કરીએ છીએ તેમાં સમાજના અન્ય દાતાઓનો સુંદર પ્રતિસાદ પણ મળે છે.

## અશ્રુભીની શ્રદ્ધાંજલી

જન્મ
૨૫/૦૪/૧૯૩૬



દેહ વિલય
૦૨/૦૭/૨૦૨૪

# કંચનબેન અમીચંદભાઈ વોરા

પતિ – સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા
પુત્ર – સ્વ. સંજય તથા સ્વ. પરેશ

**જીવન જીવી ગયા, મૃત્યુ જીતી ગયા,**
**આપણા માટે આદર્શરૂપ – પ્રેરણામુર્તિ બની ગયા.**

વિચક્ષણ બુધ્ધી, પરગજુ સ્વભાવ, દીર્ઘદ્રષ્ટિ, સદાય હસ્તો ચહેરો એ એમની ઓળખ.
પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ તથા ઉચ્ચ ગતિ આપે.

## સ્વ. મણિબેન જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા

### સ્વ. નરોત્તમદાસ – સ્વ. દિવાળીબેન

ધીરજલાલ-પુષ્પા, ભૂપેન્દ્ર-શોભના,ચંદ્રકાંત-મધુ, તારાબેન-રમણીકલાલ, રસીલાબેન-ચંદુલાલ, રમાબેન-પ્રફુલચંદ્ર, હેમાબેન-નવીનચંદ્ર, સચિન-નિશા, સોનાલી-કૌશલ, આશિષ-પરી, મનીષ-કેથી, નેહા

### સ્વ. ગીરધરલાલ – સ્વ. સમજુબેન

શશિકાંત-ચંદ્રિકા, દિનેશ-જ્યોતિ, પ્રદિપ-બીના, જિતેન્દ્ર-નિલિમા-સોનલ, મનોજ-ભારતી, અશ્વિન-ચેતના, મંજુલાબેન-દીપકકુમાર, કેજલ-સપના, કૌશલ-માનસી, અંકુર-પૂજા, શ્રેણિક-રુચિ, ધર્મિલ-ધરા, કવિતા-જગદીપ, પુનિતા-રાજેન, તોરલ-ઉમંગ, પ્રણાલી-વિશાલ, રિદ્ધિ-નિશાંત, માનસી-મિત્તલ, તન્વી-હર્ષ

### સ્વ. જેઠાલાલ – સ્વ. લક્ષ્મીબેન

હર્ષદરાય-ભાવના, સૂર્યકાંત-રજનીકા, પ્રફૂલચંદ્ર-જયના, વિજય-તૃપ્તિ, મીનાબેન-અતુલકુમાર, પ્રતિભાબેન-મુકેશકુમાર, ઈન્દુબેન-જયેશકુમાર, કિંજલ-શ્રેયસ, શીતલ-અમિત, હેમલ, સુરીલ, મહેક

### સ્વ. જયંતિલાલ- સ્વ. દમયંતીબેન

અજીત-પ્રજ્ઞા, વિજય-સંગીતા, નયનાબેન-પ્રદીપકુમાર, નિશાંત-પ્રાચી, મનાલી

**સ્વ. સાકળીબેન, સ્વ. સમરતબેન, સ્વ. નવલબેન.**

## જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર

# અખંડિત લગ્ન એટલે માનવ સમાજ જીવનનું હૃદય

માણસને ફાવે તો વિવાહ કરે, ન ફાવે તો ન કરે એ વાત બરાબર નથી; અને પરણેલાં ગમે ત્યારે છૂટાછેડા કરી શકે છે એ વળી એથી પણ ખોટી વાત છે. તેમની સ્વતંત્રતા તો જયારે તેઓ એકબીજા સાથે પુણ્ય સંબંધમાં જોડાયાં ત્યારે બતાવાઇ ચૂકી. અતિશય વિચાર, વિવેક અને જ્ઞાનપૂર્વક એ બંધનમાં બન્ને જોડાય છે. પણ એક વાર વિવાહ જોડાયો અને બંને પતિ-પત્નિ બની ચૂક્યાં કે પછી તેમનો સંબંધ તેમનો જ નથી રહેતો, તેની અસર તેમની પાર જઇને આખો સંસારને વિષે વ્યાપે છે. તેમને ભલે કશી અસર ન લાગતી હોય- આજનો જમાનો જ બેજવાબદાર વ્યક્તિસ્વાતંત્ર્યનો છે. પણ ગૃહધર્મ તૂટ્યાથી સમાજને જે પારાવાર નુકશાન થાય છે તેથી એ અસરની ખબર પડે છે. આવા પરિણામોનું જેને ભાન છે તે મનુષ્ય સંસ્થાઓમાં વિકાસ થાય છે માટે વિવાહની સંસ્થાઓમાં પણ વિકાસ થવો જોઇએ એ વાતથી પોતાની નીતિ બદલવાનો નથી. વિવાહમાં વિકાસ થાય એટલે વિવાહનું બંધન વધારે સજ્જડ બને, વિવાહ વધારે શુદ્ધ બને. આજે તો લગ્નની અખંડિતતા ઉપર હુમલા થાય છે, અને તલ્લાક એકબીજાની મરજીથી આપી શકાય એવો આગ્રહ ધરવામાં આવે છે. પણ વિકાસ જેમ જેમ થતો જશે તેમ તેમ જણાશે કે જે બંધન આજે ધર્મને નામે અખંડિત ગણાય છે તે વ્યષ્ટિ અને સમષ્ટિ બંનેના હિત માટે અખંડિત હોવું આવશ્યક છે. વિકાસ આપણે કરીએ છીએ, પણ પ્રજાની પ્રગતિ કઇ શરતે થશે તે તો જરા વિચારી જોઇએ. વ્યક્તિમાં જવાબદારીનું ભાન વધે, વ્યક્તિ પોતાની મેળે જ સંયમી બને, ધૈર્ય અને ઉદારતાની વૃદ્ધિ થાય, સ્વાર્થવૃત્તિ પર અંકુશ મુકાય, ક્ષણિક વિકારોને વશ થવાને બદલે સ્નેહના શાશ્વત સંબંધને આગળ મૂકતા જવાય તો જ મનુષ્યની ઉન્નતિ અને પ્રગતિ થવાની છે; તો જ સમાજ સંસ્કૃતિની ઊંચી કક્ષાએ પહોંચશે. અને આર્થિક પ્રગતિ એ સામાજિક પ્રગતિની પાછળ પાછળ જાય છે. સમાજમાં છિન્નભિન્નતાને બદલે મેળ, સંપ, પ્રેમ હોય તો સમાજની પ્રગતિ થાય અને સમાજની સમૃદ્ધિ પણ વધે. એટલે વિષયસંબંધની અનેક રીતોની યોગ્યતા અયોગ્યતાનો નિર્ણય આ રીતે થઇ શકે. આપણા સમાજજીવનને વધારે સંઘટ્ટ અને બળવાન બનવા માટે કઇ રીતે સુયોગ્ય છે? કઇ રીતથી જીવનને જુદે જુદે સમયે જવાબદારીનું અતિશય ભાન વધે, આત્મત્યાગ વધે અને સ્વાર્થવૃત્તિ ને સ્વચ્છાચાર ઘટે? આ રીતે આ પ્રશ્ન વિચારશું ત્યારે એકપત્નીત્વ અને એક પતિત્વનો નિયમ જ સૌથી અધિક પથ્ય જણાશે - એ નિયમ જ એમાં રહેલી સંયમશિક્ષાને લીધે સુધારામાં વધેલા સમાજોનો કાયમનો વારસો છે એમ સમજાશે, અને પ્રગતિ થતાં વિવાહ-સંબંધમાં શિથિલતા આવવાને બદલે દૃઢતા આવશે. વધારે સમાજજીવનને માટેની તૈયારીનું કેન્દ્ર એટલે કે જવાબદારી, સાહનુભૂતિ, સંયમ, પરસ્પર સહિષ્ણુતા અને પરસ્પર શિક્ષણની તાલીમનું કેન્દ્ર કુટુંબ છે; અને એ કેન્દ્ર છે, કારણ કુટુંબ કાયમ નભે છે અને અખંડ છે, અને એ કાયમ નભે છે માટે જ કૌટુંબિક જીવન વધારે ગાઢ, વધારે સ્થિર અને માણસ માણસની વચ્ચેના સંબંધને માટે વધારે યોગ્ય બનો છે. એક અને અખંડ વિવાહ એ માનવસમાજજીવનની નાડી છે અથવા હૃદય છે એમ કહીએ તો ચાલે.

## જીવન ધર્મ


ગામનો વણકર, ધીરો નામ. એને થયું કે સાધુ બાવાને સેવીને એવો મંત્ર મેળવી લઉં કે દળદર ફીટી જાય, ધનાઢ્ય બની જાઉં. એની લેહ લાગી. પણ ઘણા ઢોંગી મળ્યાં. કોઇ જંતર-મંતર કરે, કોઇ ભૂત સાધવાનું શીખવે, દોરા બાંધે, તાવીજ



વળગાડે આવી ધૂર્ત વિદ્યાની પાછળ ધીરાએ ઘરનો ઉદ્યમ પણ ખોયો. ગરીબ તો હતો જ તે વધારે ગરીબ બની ગયો. એવામાં એક સંન્યાસી આવ્યાં. એમની પાસે પણ ધીરાએ એ જ માંગણી કરી. સંન્યાસી સમજી ગયા કે આને ખોટી ભ્રમણા વળગી છે. તેનો ઉપાય કરવો જોઇએ, એમણે કહ્યું: 'ધીરા, પૈસા તો મળશે. જો વણાટકામમાં વાણાંનો જે હિરલો છે તે આવે ને જાય એટલી વાર રામનું નામ લે, તારું કામ થઇ જશે'

ધીરાએ તો આળસ છોડી ને કામે વળગ્યો. રામનું નામ લેતો જાય ને કપડું વણાતું જાય. ઉદ્યમ ચાલ્યો એટલે એની પાછળ લક્ષ્મી ઘરમાં આવી. બીજી તરફ રામનામથી અંતઃકરણનો અંધકાર દૂર થયો. માયા તુચ્છ લાગી. પરમેશ્વરમાં મસ્ત રહેવા લાગ્યો. એ ભગત બની ગયો. એણે ભજનો રચ્યાં.

# શ્રધ્ધાંજલી



જન્મ :

૦૧-૦૨-૧૯૪૨

અરિહંતશરણ :

૦૩-૦૭-૨૦૧૩

## સ્વ. શ્રી હસમુખભાઈ ભાણજીભાઈ મહેતા

સમાજનું એવું આગવું વ્યક્તિત્વ નહીં. હોદ્દો કે પદવી વગરનું અસ્તિત્વ ને છતાંય પરભવ સુધારી લેનારનાં ગુણોની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. પ્રકાશમાં આવ્યા વગર પરમાર્થ પરાયણ જીવન જીવી લેવાની હામ અને સૂઝ તેમનામાં હતી, કુટુંબની દરેક વ્યક્તિ પરત્વેની ફરજ બજાવવામાં પાછી પાની કરી નથી. સરળતા ને સભ્યતાના આગ્રહી એવા, તેમણે પોતાના બન્ને સંતાનો શ્રી કેતનભાઈ અને શ્રી નિતીનભાઈ માં સુસંસ્કારોનું બીજધાન કર્યું. પત્ની ભાવનાબેનનાં સંપૂર્ણ સહકારથી સફળતા પ્રાપ્ત કરી શક્યા. કર્મના ઉદયોને ઉડાડી દેવાની તાકાત અજબ ગજબની. પુત્રવધુઓ ફાલ્ગુની અને શીલાનું વૈયાવચ્ચ દાદ માગી જાય તેવું. સાસુ તેમ જ વહુઓનું વૈયાવચ્ચ સેવા અને કર્તવ્ય પરાયણતા જોનાર આશ્ચર્યમાં પડી જાય.

પત્ની ભાવનાબેનનું જિનાજ્ઞાથી રંગાયેલું જીવન, વ્રતોનું ઉચિત પાલન, આચાર ચુસ્તતા, ઉપાડેલ કદમમાં ક્યારેય પીછે હઠ નહીં, સમતા અને ધૈર્યથી કાર્ય પાર પાડનાર, દાદીમાની નિશ્રામાં રહેનાર પૌત્ર - પૌત્રી... મિહિર,રુચિત,દેવાંશીને કળિયુગમાં સુખની ચાવી સોંપનાર ભાવનાબેન નવી પેઢીને સમર્થ ઉદાહરણ પૂરું પાડે છે.

ધર્મની સાચી વ્યાખ્યા **'અપરોપતાપ'** બીજાને કષ્ટ આપવું નહીં જેનો બીજમંત્ર રહ્યો છે એવા આ ગુણોની અનુમોદના કરી વિરમીએ...

A/502, Labh Ashish, Old Police Lane, Near Agarkar Chowk,
Andheri (East), Mumbai - 400069

# માનવીના બોલ એટલે તેના જીવનનો તોલ

**- અભય કે. પારેખ**

**''શસ્ત્રની પરખ તેની ધાર પરથી થાય છે,**
**શૂરાની પરખ તેના વાર પરથી થાય છે,**
**વસ્ત્રની પરખ તેના તાર પરથી થાય છે,**
**તેમ માનવીની બોલ પરથી તેના,**
**જીવનનો તોલ થાય છે.''**

આ પંક્તિ જીવનમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવીની ઉન્નતિ કે અવનતિનો આધાર તેની જીભ ઉપર જ રહેલો છે. પ્લુટોએ પણ કહ્યું છે કે,

''બોલો, એટલે હું તમને ઓળખી શકું.''

કવિવર ટાગોરે એક સુંદર રૂપકથા નોંધી છે. ફલને એક વખત સૂયની સેવાઓને બિરદાવવાનું મન થયું અને સૂર્યને પ્રશ્ન કયો, ''તું જગતને તેજ, ઉષ્મા અને વાયુશુદ્ધિ આપે છે. વર્ષોથી આ રીતે સત્કાર્ય કરી રહ્યો છે. મારે તાનું અભિવાદન કરવું છે. હું તારી પૂજા અને સ્તુતી કવા ઉત્સુક છું. મને તું જ કહે કે હું કઇ રીતે એ કરું?'' સૂર્ય જવાબમાં કહે છે, ''હે પુષ્પ! સ્તુતિ કરવા માટે શબ્દની જરૂર નથી. તું તારી પવિત્રતાના સરળ, સહજ સુરભિત મૌન દ્વારા મારી સ્તુતી કરી શકે છે.''

માનવનું મૂલ્યાંકન તેની જીભમાં જ રહેલું છે. વેરઝેર કરાવનાર જીભ જ છે. રામાયણ અને મહાભારતના સર્જનમાં પણ જવાબદાર જીભ જ છે. જો ક્ષત્રિય રાજકુમારોની પરીક્ષા વખતે અને શતરંજ રમતી વખતે કૌરવો અને પાંડવો વચ્ચે બોલાચાલી ન થઇ હોત, દ્રૌપદીના મુખે દુર્યોધન માટેના શબ્દો સર્યા ન હોત તો દુશ્મનીના બીજ ન રોપાત ને મહાભારત સર્જાત નહિ. સીતાના સ્વયંવરમાં રાજા રાવણનું અપમાન ન થયું હોત તો રાવણ સીતાનું હરણ કરવાનું સાહન ન કરત અને રામાયણ સર્જાન નહિં. અરે, સાચું બોલવામાં પણ કડવાશ ન આવવી જોઇએ એમ આપણા શાસ્ત્રો કહે છે. સંસ્કૃતમાં ઉક્તિ છે, ''सचाब्रूयात, प्रिय ब्रुयात न ब्रुयात सत्यं अप्रिय'' અર્થાત ''સત્ય બોલો, પ્રિય બોલો, સત્ય બોલવાનું હોય તો અપ્રિય રીતે નહિ કહેવું જોઇએ.''

કેટલીકવાર જીભ કુહાડાનું કામ કરે છે. તેથી આજના યુગમાં જો જીભમાં મીઠાશ રાખો તો પાસા જરૂર સીધા પડવાના. ''खुशामत खुदाको भी प्यारी '' ભગવાન પણ જો ખુશામત ને પ્યારી ગણે તો પછી માનવી તેને પ્યારી ગણે તેમાં શી નવાઇ? સેલ્સમેન, વકીલો, ડોકટરો માટે વાણીની મીઠાશ ખૂબ જરૂરી છે. તેમજ બેંકોમાં ઓફિસોમાં કે રાજદ્વારી વ્યવહારમાં પણ જીભનું ખૂબ જ મહત્ત્વ છે. ગુજરાતીમાં કહેવત છે ''આવો, બેસો, પીઓ પાણી, એ ત્રણેય વસ્તુ મફતની આણી.'' કોઇને મીઠી જીભથી બોલાવવામાં પૈસા આપી દેવા નથી પડતા, તો મીઠાશ શા માટે ન વાપરવી?

બોલવું મહત્ત્વનું નથી. પરંતુ કયાં કયારે કેટલું ને કઇ રીતે બોલવું એ કળા છે. જીભ જો મંગલ હોય તો અમંગળ ને ટાળી સુમંગલને જીવનમાં ઢાળ છે, દુરાચારીને સદાચારી બનાવે છે, નિષ્ક્રય બનાવે છે, હારેલા જીવનપથિકને પ્રેરણા ના પિયુષ પૂરા પાડે છે, નિરાશાના જીવનમાં આશાનો મંગલદીપ પ્રગટાવે છે, નાહિંમતને હિમંતવાન અને બીકણને બહાદુર બનાવે છે. આવી જીભને માનવ આળસથી અળગો થઇ, પ્રમાદથી પર થઇ, વિલાસથી વેગળો થઇ જિંદગી ઝિંદાદિલી થી જીવવા માટે કટિબદ્ધ થાય છે. આવી વાણી સૂતેલાને બેઠો, બેઠેલાને ઊભો કરી, ઊભેલાને દોડતો કરી શકે છે.

આવી વાણી ધારે તો ક્રાંતિ કરાવી શકે ને ધારે તો હિમાલયની શાંતિ અપાવી શકે. આવી વાણી જખમ કરી પણ શકે ને ચંદનનો લેપ કરી જખમને રુઝવી પણ શકે. આવી વાણી સળગાવી પણ દે અને શણગારી પણ દે. આવી વાણી જ્યોત પણ છે ને જવાળા પણ છે.

વાણી સંતાપ આપનારી નહિ પણ હરનારી હોવી જોઇએ. વાણી વડે સમગ્ર વાતાવરણને વશીભૂત કરી શકાય. વાણી વડે વહાલ અને વત્સલતા ઊભી કરી શકાય. એક કવિના શબ્દો છે. ''જેની વાણી મીઠી, એની ઘર ઘર ચિઠ્ઠી.'' તો બીજા અંતિમેથી ''જેની વાણી કડવી, તેનો ઘર ઘર વેરી.'' તેથી જ

''વિચારીને ચાર ઉચ્ચાર વાણી,
વાણી પર આધાર છે,
માનવીની જિંદગાનીનો.''

જેમ કે અર્જુનના કર્તૃત્વના મૂળમાં ભગવાન શ્રીકૃષ્ણનનું વક્તૃત્વ છે. જો કોઇ એક વ્યક્તિમાં અર્જુનનું કર્તૃત્વ અને ભગવાન શ્રીકૃષ્ણનું વક્તૃત્વ મળે તો જગતને અજોડ નેતૃત્વ મળે. આમ જીવ આપીને પણ જે યશ નથી મેળવી શકાતો તે સારી જીભ વાપરીને મેળવી શકાય છે. મારા આખા લેખનો સાર ટૂંકમાંજ કહું તો

**શબ્દ શબ્દ તું કયા કરે, શબ્દકો હાથ ન પાંવ,**
**એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ.**

- સો.વિ.દિપોત્સવી ૧૯૯૩




વા૧
કહું

# ભગવાન મહાવીરનો કર્મવાદ

**- ડૉ. શ્રી રમણલાલ ચી. શાહ**

અઢી હજાર વર્ષ પૂર્વે શ્રમણ ભગવાન મહાવીરે જુદે જુદે સમયે જે ઉપદેશ આપ્યો તે જૈનોના 'આગમગ્રંથો'માં સચવાયેલો છે. જૈનોના ચોવીશ તીર્થંકરોમાં પ્રથમ તીર્થંકર તે ભગવાન ઋષભદેવ અને છેલ્લા તીર્થંકર તે ભગવાન મહાવીર. તીર્થંકરોએ આપેલો ઉપદેશ એમના ગણધરો દ્વદશાંગીમાં ગૂથી લે છે. એના ઉપરથી પૂર્વાચાર્યોએ ગણિતાનુયોગ, દ્રવ્યાનુંયોગ, ચરણકરણાનુંયોગ, અને કથાનુયોગ એમ ચાર વિભાગ પાડી શાસ્ત્રોની રચના કરી છે. જેમાં જયોતિષ, ખગોળ, દ્રવ્ય, નવતત્ત્વ, કર્મવાદ, પંચમહાવ્રત, સાધુ અને ગ્રહસ્થની ભૂમિકાને ઉચિત આચારવિચાર, સ્યાદ્‌વાદ, સામાન્ય જનસમુદાયને ઉપદેશ આપવા માટે કથાઓ ઇત્યાદી આપવામાં આવ્યાં છે.



જૈન ધર્મ સંસારને અનાદિ અને અનંત માને છે. આત્મા એક નહિ પણ અનંત છે એમ પણ તે માને છે. આત્મા અનાદિ છે અને સંસારના બંધનોમાંથી સંપૂર્ણ કર્મક્ષય કરી સર્વથા મુક્ત થઇ શકે છે. મુક્તિ અર્થાત્ મોક્ષ પામ્યા પછી આત્માને સંસારમાં ફરી પરિભ્રમણ કરવાનું રહેતું નથી. જયાં સુધી આત્મા મુક્તિ પામતો નથી ત્યાં સુધી ચોર્યાશી લાખ પ્રકારની યોનિમાં એ રખડયા કરે છે. જૈન ધર્મ પૂર્વજન્મ અને પુર્નજન્મમાં માને છે, અને જન્મ-જન્માંતરની ગતિ જીવાત્માનાં પોતાના કર્મના ફળ અનુસાર પ્રાપ્ત થાય છે. આમ જૈન ધર્મ કર્મના સિદ્ધાંત ઉપર ભાર મૂકે છે.

ભગવાન મહાવીરે જે ઉપદેશ આપ્યો તે ચૌદ 'પૂર્વ'માં સચવાયેલો હતો. 'પૂર્વ' શબ્દ પરિભાષિક છે. સાદી ભાષામાં કહેવું હોય તે ભગવાનની ઉપદેશવાણીના જુદા જુદા વિભાગ તે જુદા જુદા પૂર્વ. એમ કહેવાય છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી નવસોથી હજાર વર્ષ સુધી 'પૂર્વ' વિદ્યા હતી. ત્યાર પછી એ ક્રમે ક્રમે લુપ્ત થઇ ગઇ. એ ચૌદ પૂર્વમાં આઠમું પૂર્વ 'કર્મવાદ' નામનું હતું. તેમાં મુખ્યત્વે કર્મના વિષયની વિચારણા હતી. આ ઉપરાંત 'અગ્રાયણીય' નામના બીજા પૂર્વમાં પણ કર્મ વિશે કેટલીક વિચારણા કરવામાં આવી હતી. આ ચૌદ પૂર્વનું સાહિત્ય ક્રમશઃ લુપ્ત થઇ ગયું. પરંતુ તેમાંથી ઉધ્ધૃત કરેલા ગ્રંથો, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચ નિમિત્તથી કર્મ ઉદયમાં આવે છે. બીજમાંથી ઘાસ, છોડ કે વૃક્ષ થતાં જુદી જુદી વનસ્પતિને જેમ જુદો જુદો સમય લાગે છે તેમ જુદાં જુદાં કર્મોને ઉદયમાં આવતાં જુદો જુદો સમય લાગે છે. આ બધી પારિભાષિક બાબતોની સમજણ જૈન શાસ્ત્રોમાં વિગતે આપવામાં આવી છે.

કર્મ શુભ અને અશુભ પ્રકારના હોય છે. શુભ કર્મથી પુણ્યોપાર્જન થાય અને અશુભ કર્મથી પાપ બંધાય છે. પુણ્યના ઉદયે ઐહિક સુખ મળે છે અને પાપના ઉદયે દુઃખ અનુભવાય છે. પુણ્ય કે પાપના ઉદયે ફરી પાછા કર્મ બંધાય જે શુભ કે અશુભ હોય છે. આ રીતે પુણ્યાનુંબંધી પુણ્ય, પુણ્યાનુંબંધી પાપ, પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપ એમ ચાર પ્રકારે કર્મબંધની ગતિ ચાલ્યા કરે છે. અશુભ કર્મો કાયરેય હસતાં હસતાં બંધાઇ જાય છે, પણ રડતાં રડતાં ભોગવવા પડે છે. એચલાં માટે કવિ ઉદયરત્ને કહ્યું છે કે 'બંધ સમયે ચિત્ત ચેતીએ. ઉદયે શો સંતાપ.'

જેમ એક બીજમાંથી એક કરતાં વધારે દાણા થાય છે તેમ બાંધેલું શુભ-અશુભ કર્મ વિપાકે ઘણું બધું ભોગવવાનું આવે છે. જીવન અને અજીવના એ જ્ઞાનથી જેમને સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થઇ હોય એવા આત્માઓ પૂર્વે બાંધેલા આ કર્મોને, અહિંસા, સંયમ, તપ અને સમતા સાથે ભોગવી તેનો નાશ કરે છે અથવા તેને મંદ પાડી શકે છે. અથવા તેને શુભમાં ફેરવી પણ શકે છે. એટલા માટે ભગવાન મહાવીરે અહિંસા, સંયમ, તપ અને શુભ ભાવ ઉપર ખૂબ ભાર મૂકયો છે એથી જ આત્મા કર્મબંધમાં ઓછો સપડાય છે, અને સંપૂર્ણ કર્મક્ષય કરીને મોક્ષ પામી શકે છે. આત્મા કર્મોનો વિજેતા બની પોતાના મરજી મુજબ પોતાના ભાવિ નિર્માણ કરી શકે છે. એટલા માટે જ ભગવાન મહાવીરે પ્રબોધેલો કર્મવાદ પ્રારબ્ધવાદ નથી પણ પુરૂષાર્થવાદ છે અને સતત જાગૃત આત્મા પ્રબળ પુરૂષાર્થ વડે મોક્ષમાર્ગ તરફ વેગથી ગતિ કરી શકે છે.

# પૂ.પં.શ્રી ભવ્યસુંદર વિ.મ.સા. ના પ્રવચનના અંશો

# આરાધાનાનું લક્ષ્ય : દોષનાશ- ૨

અનંતોપકારી શાસ્ત્રકાર પરમર્ષિ યોગનું વર્ણન કરી રહ્યા છે.

યોગ એટલા માટે આચરવાનો છે, કે એ મોક્ષનું કારણ છે. અને મોક્ષ એટલા માટે મેળવવા જેવો છે કે એમાં જ સુખ છે. 'મોક્ષમાં સુખ છે' એવા ગોખેલા શબ્દો તમે બોલો છો. પણ તમારા એ શબ્દોમાં અંતરનો અવાજ - રણકો ભળતો નથી.

આખું ઘર અમેરિકા જવાની વાતો કરતું હોય, તો ઘરમાં રહેલો ૩-૪ વર્ષનો બાળક પણ અમેરિકા જવાની વાત કરે - પણ એ જાણતો નથી હોતો કે અમેરિકા એટલે શું ?

મને ઘણીવાર એવું લાગે છે કે તમારી મોક્ષમાં સુખ હોવાની... મોક્ષની ઇચ્છાની... મોક્ષ માટે ધર્મ કરવાની... વાતો. ૪ વર્ષના બાળકની અમેરિકા જવાની વાતો જેવી હોય છે.

'પાંચ લાખની ગાડી કરતાં પચાસ લાખની ગાડીમાં સુખ વધારે છે' એવું તમે જે રણકાથી બોલો છો, એટલો પણ આત્મવિશ્વાસ 'મોક્ષમાં સુખ છે' એ બોલતી વખતે જણાતો નથી.

જયાં સુધી 'મોક્ષમાં સુખ છે' એ અવાજ અંતઃકરણનો નહીં બને; ત્યાં સુધી મોક્ષની ઇચ્છા પણ માત્ર શબ્દોમાં જ હશે, અંતઃકરણની નહીં હોય. અને તો આરાધનાઓ આપણને મોક્ષ અપાવી શકશે નહીં.

મારે તમારા અંતઃકરણમાંથી એ અવાજ ઊભો કરવો છે કે 'સુખ મોક્ષમાં જ છે' એ માટે એ સુખને ઓળખાવવું છે.

લીંબુનું શરબત હોય તો ખટમીઠું, પણ જેને તાવ આવ્યો હોય તેને કડવું લાગે. તેમ, દુનિયાની વસ્તુઓ જેવી છે તેવી જ છે... તેવી જ તે દેખાય છે, અનુભવાય છે. છતાં મિથ્યાત્વના ઉદયના કારણે જીવ તેને ઓળખી શકતો નથી. સુખને પણ સુખરૂપે અનુભવી શકતો નથી. મારે તમને એ સુખ ઓળખાવવું છે, એનો અનુભવ કરાવવો છે.

એ વાતનાં અનુસંધાનમાં આપણે એ વાત કરી રહ્યા હતા કે આરાધના દોષોને ઘટાડવામાટે કરવાની છે. પુણ્યબંધ વગેરે તો આરાધનાના મામૂલી ફળ છે.

દરેક આરાધનામાં વિચારવાનું છે - આ આરાધના દોષ ઘટાડવા માટે કરવાની છે. અત્યારે તમે વ્યાખ્યાન સાંભળી રહ્યા છો, તે શેના માટે ?

સભા : પામાવા માટે.

એટલે શું ? તે સ્પષ્ટ કરો.

આત્માના દોષો કયા છે ? તે જાણવા-સમજવા... શેનાથી તે દોષો વધે છે ? તે જાણી-સમજીને તેવા નિમિત્તોનો ત્યાગ કરવા.. શેનાથી તે દોષો ઘટે ? તે જાણી-સમજીને તેવી આરાધનાઓ કરવા.. અને તે બધા દ્વારા છેવટે દોષોને ઘટાડવા માટે વ્યાખ્યાન સાંભળવાનું છે.

સભા : વ્યાખ્યાન આપવાથી આપને શા લાભ ?

અનંતકાળથી આપણામાં જીવદ્વેષ નામનો દોષ પડેલો છે. વ્યાખ્યાન આપવા પાછળ, તમને સુખી થવાનો સાચો માર્ગ બતાવવા-સમજાવવાનો.. તેના દ્વારા સુખી કરવાનો મારો આશય હોય, તેનાથી મારો જીવદ્વેષ ઘટે.. મૈત્રીભાવ વધે.. એ વ્યાખ્યાન કરવાથી મને થતો લાભ છે.

મેં તમને જણાવ્યું હતું કે લક્ષ્યના આધારે પ્રવૃત્તિની શૈલી બદલાય છે. વ્યાખ્યાન કરવા પાછળ મારો આશય તમને પમાડવાનો હોય, તો ભગવાને બતાવેલો માર્ગ જ તમને બતાવું. મારું લક્ષ્ય જો જુદું હોય - ભક્તો ભેગા કરવાનું કે પ્રસિદ્ધિ મેળવવાનું હોય.. તો મારી વ્યાખ્યાનશૈલી બદલાઇ જાય. એવું કેમ બને ? એમ કદાચ તમને પ્રશ્ન થશે. એનું કારણ છે. ભગવાને જે ક્હયું છે, તે જ અત્યર સુધીના ગુરુ ભગવંતો કહેતા આવ્યા છે, જે તમે સાંભળ્યું છે, એ જ કહેવું અને હું એવું કહું, તો તમને મારામાં કોઇ વિશેષતા ન લાગે.. હું બીજા બધા ગુરુ ભગવંતો જેવો જ લાગું..અને તો તમે મારા 'ભગત'ન બનો.. જો મારે તમને 'મારા ભગત' બનાવવા હોય, તો મારે તમને એવી કોઇ વાત કરવી પડે, જે તમે બીજે સાંભળી ન હોય.. એ વાત તો પ્રાયઃ તો ભગવાનની આજ્ઞા કરતા જુદી રહેવાની.

(કારણકે ભગવાને જે કહ્યું છે, તે તો તમે બધું સાંભળેલું જ છે.) એટલે 'ભગત' બનાવવાનું લક્ષ્ય હોય, તો શૈલી બદલાઇ જાય. હું તમને એક ચેતવણી આપીશ-કોઇના માટે પણ એવો પ્રચાર થાય કે 'અત્યાર સુધી નહીં સાંભળેલું તમને સાંભળવા મળશે..' તો મોટે ભાગે શકયતા એવી છે કે એ જિનાજ્ઞાની વિરુદ્ધ હશે. એટલે એવા પ્રચારથી ભોળવાઇ-આકર્ષાઇને ભટકી ન જતાં.

તમને પમાડવાનું લક્ષ્ય હોય. તો વ્યાખ્યાન-શૈલી જુદી હોય. ભક્તો ભેગા કરવાનું લક્ષ્ય હોય તો વ્યાખ્યાન-શૈલી જુદી હોય. કંઇ જ લક્ષ્ય ન હોય, માત્ર એક કલાક પૂરો કરવાનો હોય, તો અફડાતફડી ચાલે.. વિષયાંતર થયા કરે.. કશો જ અર્થ ન સરે.. એટલે, લક્ષ્યના આધારે ક્રિયા બદલાય છે - એ તમે સમજી શકશો.

આપણે એ વાત કરી રહ્યા છીએ કે આરાધના દોષોના નાશ

માટે કરવાની છે. બે દિવસથી એ વાત હું ઘૂંટી રહ્યો છું. ફેરવી-ફેરવીને કહી રહ્યો છું. એ વાત મગજમાં બેઠી?

સભા : દોષોને ઓળખવા પણ મુશ્કેલ છે.

એ વાત સાચી જ છે. જિનશાસન સિવાય દુનિયામાં કોઇ દોષોને પૂરેપુરું ઓળખી પણ નથી શક્યું. તો દોષોના નાશનો ઉપાય કયાંથી બતાવી શકે ? એટલે જ જિનશાસન વિના દોષનાશ થતો નથી. મોક્ષ થતો નથી.

દોષને ઓળખવામાં થાપ ખાઇ જવાય, તો કેવો ગોટાળો થોય? એ વાત એક ઘટનાથી સમજાવું. અમારા શ્રમણીગણનાયક પૂ.આ.ભ.શ્રી અભયશેખર સૂ.મ.સા.ને તમે બધા ઓળખો છો. તેમની નિશ્રામાં થાણાથી પાલિતાણાના છ'રી પાળતા સંઘમાં હું હતો. સાહેબ સાધુ-સાધ્વી ભગવંતોને વાચના આપતા હતા. તેમાં એક વાર ગુરુ પ્રત્યે સમર્પણની વાત ચાલુ હતી. સાધુજીવનમાં ગુરુ સમર્પણનો મહિમા અપરંપાર છે. બધા ગુણોમાં એ ગુણ સૌથી પ્રધાન છે - એમ શાસ્ત્રોમાં કહેલું છે. પર્યુષણમાં અમે કલ્પસૂત્રનાં વ્યાખ્યાન વાંચીએ છીએ. ૮ વ્યાખ્યાન કરીએ છીએ. ૯મું સામાચારીનું વ્યાખ્યાન લગભગ કરતા નથી. સંવત્સરીના દિવસે મૂળ સૂત્રો વાંચી જઇએ છીએ. તેમા સાધુના આચાર વર્ણવતા લખ્યું છે - સાધુને વિગઇ વાપરવી હોય, તો (જેની નિશ્રામાં હોય, તે) ગુરૂની રજા લેવી પડે. વિગઇ વાપરવા માટે તો રજા લેવાની વાત બરાબર છે. ત્યાં એમ પણ લખ્યું છે કે સાધુને તપ કરવાનું મન થાય. તો પણ ગુરૂ ને પૂછવાનું. ગુરૂ હા પાડે, તો જ તપ કરવાનો. આવી કોઇક વાત સાહેબે કરી. ત્યારે એક મહાત્માએ પ્રશ્ન કર્યો - આયંબિલ કરવાની ઇચ્છા હોય. ગુરૂને પૂછવા જઇએ.. ગુરૂ ના પાડે, એકાસણું કરવાનું કહે.. આપણે સ્વીકારીએ.. પછી એકાસણામાં મસાલા-વઘારવાળા દાળશાક આવે, તેમાં આયંબિલના દાળશાક કરતાં વધારે રાગ તો થાય જ.. તો નુકશાન જ થયું ને?

એ વખતે સાહેબે જવાબ આપ્યો - 'માની લઇએ કે એકાસણાના દાળશાકની આસક્તિ પોષાય.. તો પણ કામરાગ વધે છે.. જયારે ગુરૂના વચનનો સ્વીકાર કરવાથી, 'મારી ઇચ્છા પ્રમાણે જ કરવું' એવો દ્દષ્ટિરાગ ઘટે છે. કામરાગ કરતાં દ્દષ્ટિરાગ વધારે ખતરનાક છે. એટલે દ્દષ્ટિરાગ ઘટવાનો લાભ મોટો છે'

આ વાત જિનશાસનના ગુરૂ ભગવંત જ કરી શકે. બીજા કોઇ દ્દષ્ટિરાગ નામના દોષને ઓળખી પણ નથી શકયા. જે એ દોષને ઓળખી નથી શકયો, તે તો ગુરૂને સમર્પિત થવામાં નુકશાન જ માની બેસે. ઉન્માર્ગે ચડી જાય.

સભા : દાળશાકમાં એવી કોઇ આસક્તિ થતી નથી.

મોટે ભાગે એ તમારો ભ્રમ હોવાથી શકયતા ઘણી વધુ છે. જયારે દાળશાક મીઠા વગરના આવે, ત્યારે ખબર પડે, કે તેમાં આસક્તિ કેવી છે. હકીકતમાં રોજ મળતા-ભોગવાતા હોવાથી તેની આસક્તિ વ્યસનની કક્ષાએ પહોંચી ગઇ હોય છે. અનુકૂળ મળે, તો ભલે કદાચ નોધ ન લેવાય; પણ સ્હેજ પણ પ્રતિકૂળ આવે, તો તરત મન બળવો પોકારે. બધા વ્યસનોમાં એવુ જ બનતું હોય છે. ન મળે, ત્યારે જ ખબર પડે છે કે આસક્તિ કેટલી ગાઢ છે?

દોષને ઓળખી ન શકવાના કારણે જ કેટલાક લોકો ઉન્માર્ગે ચાલ્યા જાય છે. ઘણીવાર આ પ્રશ્ન કરાય છે - પ્રતિક્રમણમાં કાંઇ ભાવ જાગતા નથી. તો પ્રતિક્રમણ કરવાને બદલે પોણો કલાક 'ધ્યાન'(?) કરીએ, તો લાભ થાય ને? હકીકતમાં એમ કરવા જતાં અનેક નુકસાન થાય છે.

૧. પ્રતિક્રમણની ક્રિયામાં શરીરને કષ્ટ આપવું પડે છે, તેથી શરીરની સુખશીલતાનો રાગ તૂટે છે. બેઠાં બેઠાં 'ધ્યાન' કરવામાં શરીરની સુખશીલતા પોષાય છે.

૨. પરમાત્માએ બતાવેલ ક્રિયાઓ પ્રત્યે અરૂચિ કેળવાય છે.

૩. જ્ઞાનીઓએ કહેલ આરાધના કરવાને બદલે સ્વમતિથી કરવાથી દ્દષ્ટિરાગ પોષાય છે.

૪. પ્રતિક્રમણમાં ક્રિયા હોવાથી, તેના આલંબને ચિત્તને સ્થિર રાખવું સરળ છે. કહેવાતા 'ધ્યાન' માં તો મન આખી દુનિયામાં નિરંકુશ દોડે છે. વાસ્તવમાં એવી સ્વતંત્રતા મળતી હોવાથી જ તે મનને ગમે છે.

૫. પ્રતિક્રમણમાં સામાયિક છે, પાપ-ત્યાગની પ્રતિજ્ઞા છે. કહેવાતા 'ધ્યાન' માં તેવું કશું નથી - અવિરતિ પોષાય છે. વચ્ચે નિમિત્ત આવે, તો પાપની પ્રવૃત્તિ પણ થઇ જાય છે.

આવા અનેક નુકસાનો છે.

પૂ. કલાપૂર્ણસૂ.મ.એ કહેલું છે - ગણધર ભગવંતો પણ ફરજિયાતપણે જે પ્રતિક્રમણ કરે છે, તે પ્રતિક્રમણ છોડીને બીજું કશું કરી શકાય નહીં. પણ જેઓ દોષને ઓળખી નથી શકતા, તેઓ ઉન્માર્ગે ફસાઇ જાય છે. તેમને તેવા અજ્ઞાની કે અધકચરા જ્ઞાની ઉપદેશકો પણ મળી જાય છે.

આપણી વાત એ ચાલુ છે કે આરાધના કરવા પાછળ દોષનાશનું લક્ષ્ય હોવું જોઇએ. વેપારીને કમાવાનું લક્ષ્ય ૨૪ કલાક હોય છે, માત્ર ધંધો કરતી વખતે નહીં. અલબત્ત 'કમાઇ લઉં' એવા વિચારો સળંગ ચાલતા નથી, પણ સંસ્કાર રૂપે કમાવાનું લક્ષ્ય ગાઢ રીતે પડયું હોય છે, એટલે જયાં તક મળે, ત્યા ઝડપી લે છે. જયાં નુકશાની શકયતા દેખાય, ત્યાં સાવધ બની જાય છે. એ રીતે, આરાધક આત્માને દોષનાશનું લક્ષ્ય ૨૪ કલાક રહેવું જોઇએ. છેવટે આરાધના કરવાના સમયે તો હોવું જ જોઇએ.

જેને દોષથી બચવાનું લક્ષ્ય હોય, તેની જાગૃતિ કેવી હોય? અહીં લગભગ દસેક વર્ષ પૂર્વે પૂ. રાજેન્દ્રસૂ. મ. ની નિશ્રામાં દીક્ષાપ્રસંગ હતો, ત્યારે હું હાજર હતો. દીક્ષાના આગલા દિવસે

સાંજે બધા તેઓશ્રીને વંદન કરવા ભેગા થયેલા, ત્યારે મેં સાહેબને પૂછ્યું - 'આપના હાથે આ કેટલામી દીક્ષા છે?' સાહેબ કહ્યું - 'મેં કાંઇ ગણતરી રાખી નથી.' પછી મેં સાહેબના શિષ્ય પૂ. ધર્મયશ સૂ. મ. ને પૂછ્યું. એ વખતે પૂ. અભયશેખર સૂ. મ. બોલ્યા - 'આવી બધી ગણતરી નહીં કરવાની' પછી તેમણે કારણ સમજાવ્યું - 'આવી ગણતરી કરીએ, એટલે પછી માનકષાય પોષાય. પોતાની નિશ્રામાં થતી દીક્ષાનો આંકડો વધારવાનો મોહ જાગે. પછી એવું થાય કે દીક્ષા મારી જ નિશ્રામાં થાય તો સારું. કોઇ બીજા વડીલ ન આવે, તો સારું. આવી ઇચ્છા થાય. એટલે આવી ગણતરી નહીં કરવાની.' દોષથી બચવાની તીવ્ર જાગૃતિ હોય, તેને જ આવું યાદ આવે.

એક વાત જણાવી દઉં - અમે સાધુ છીએ, સિદ્ધ નથી. સાધક છીએ, સાધના કરી રહ્યા છીએ. કષાયો અમારા અંતરમાં પણ પડેલા જ છે, અમે વીતરાગ નથી. એ કષાયોને જાગૃત થતા રોકવા અમારે પણ સતત જાગૃત રહેવું જ પડે, નિરંતર પુરુષાર્થ કરવો જ પડે. નહીં તો એ કષાયો અમારા પર હાવી થઇ જાય.

જેને લક્ષ્ય સ્પષ્ટ છે કે 'મારે દોષ ઘટાડવા છે,' તેને દોષ વધવાની શકયતા દેખાય, એટલે તરત અટકી જાય. બીજાના દોષ જોવામાં તો આપણા જેવું એક્સ્પર્ટ કોઇ નથી હોતું. આખી દુનિયાના દોષ દેખાય છે. આપણા દોષ આપણને ન દેખાય - ન સમજાય, તેનું કારણ એ જ છે કે તેના નાશનું લક્ષ્ય નથી, તેથી આત્મિનરીક્ષણ નથી, તેને જોવાની દ્દષ્ટિ નથી.

જેનું લક્ષ્ય સ્પષ્ટ ન હોય, તેનું શું થાય? ગોરેગામથી નીકળ્યો હોય. નક્કી હોય કે ચર્ચગેટ જવું છે. તો ૪ કે ૬ નબંરના પ્લેટફોર્મ પર જ જાય. ચર્ચગેટની જ ટ્રેન પકડે. ચર્ચગેટ પહોંચે એટલે ઊતરી જાય. વચ્ચે ખબર પડે કે 'ખોટી ટ્રેન પકડાઇ ગઇ છે', તો ઉતરીને સાચી ટ્રેન પકડે.ચર્ચગેટ પહોંચવાનું લક્ષ્ય ન હોય અને માત્ર ટ્રેન માં જવું છે એટલું નક્કી કરીને ગયો હોય તો શું થાય? બોરીવલી-વિરાર ટ્રેન પણ પકડી લે. કદાચ ચર્ચગેટની ટ્રેન પકડે, તો ય વચ્ચે ઉતરી જાય. ચર્ચગેટ આવવા છતાં બેઠો રહે. અને પાછો ગોરેગામ આવી જાય. આવું કાંઇપણ બની શકે. એ રીતે, આરાધના કરવા પાછળ દોષનાશનું લક્ષ્ય હોય તો દોષનાશ થાય. માત્ર 'આરાધના કરવી છે' એટલું જ લક્ષ્ય હોય તો દોષનાશ ન થાય.

સભા : આરાધનાની પોતાની કોઇ તાકાત હશે ને?

ચોક્કસ છે... તે પુણ્ય બંધાવે છે. પાપથી બચાવે છે... આરાધનાના સ્થાનો સાથે તમને જોડી રાખેછે. આરાધક આત્માઓ સાથે સ્નેહનો સંબંધ ઉભો કરે છે. ક્રિયા ના સંસ્કારો પાડે છે. આ બધા પર મેં આખું પુસ્તક લખ્યું છે - 'આરાધનાનું ફળ', પણ એક વાત નક્કી છે કે દોષનાશનું લક્ષ્ય નહીં હોય, ત્યાં સુધી આરાધનાથી દોષનાશ નહીં થાય. અને દોષનાશ જ આરાધનાનું પ્રકૃષ્ટ ફળ છે. બીજા બધા બતાવેલાં ફળો પણ, દોષનાશનું લક્ષ્ય કેળવી આપવા દ્વારા, દોષનાશ માટે જરૂરી સામગ્રી પૂરી પાડવા દ્વારા જ ઉપકારક બને છે.

ત્રણ વર્ષના તમારા દીકરાને તમે પૂજા કરવા લઇ જતા હશો. ત્યારે તેના મનમાં શું લક્ષ્ય હોય? કશું નહીં. તમે લઇ જાવ છો, એટલે જવાનું. સમજણ નથી, તો લક્ષ્ય કયાંથી હોય? છતાં તમે રોજ પૂજા કરાવો છો - કેમ?

સભા : સંસ્કાર પડે

બરાબર છે. અણસમજની ઉંમરમાં પૂજાના સંસ્કાર પાડયા હશે, તો મોટો થયા પછી પૂજા કરતો રહેશે. સમજણની ઉંમર થયા પછી સમજણ ઊભી થવાની - લક્ષ્ય કેળવવાની શકયતા રહેશે. જેને પૂજાના સંસ્કાર જ નથી, જે પૂજા કરતો જ નથી, તેને તો સમજણ ઊભી થવાની શકયતા જ નથી. એટલે, આજે કોઇ લક્ષ્ય ન હોય, તો પણ આરાધના સર્વથા નિષ્ફળ નથી જતી. આરાધના હશે, તો ભવિષ્યમાં લક્ષ્ય ઊભું થશે. પણ એ નક્કી છે કે જયારે પણ દોષનાશ થશે. ત્યારે દોષનાશના લક્ષ્ય સાથે કરાતી આરાધનાથી જ થશે, લક્ષ્ય વિનાની આરાધનાથી નહીં. (અને આરાધના કર્યા વિના, માત્ર લક્ષ્યથી પણ નહીં જ.)

વર્ષો પહેલા નવા ડીસામાં પ્રવચન કરવાનું થયેલું. મારી હજી પ્રવચનની શરૂઆત હતી. એક જ ચોમાસું કરેલું. ડીસાની સભા પણ તમારી જેમ પ્રબુદ્ધ ગણાય છે. સભામાં એવા ગૂગલી બોલ જેવા પ્રશ્નો આવે કે કાચોપોચો પ્રવચનકાર તો કલીન બોલ્ડ થઇ જાય. પણ અમને અમારા ગુરૂદેવે ભણાવી-ગણાવીને પાટ પર લેસાડયા છે. શાસ્ત્રવચનો અને દેવ-ગુરૂ કૃપાનું પીઠબળ અમારી સાથે હોય છે. પ્રવચનમાં કરેલી કોઇ વાતના સંદર્ભમાં સભામાંથી પ્રશ્ન આવ્યો - 'પહેલા સમજણ મેળવીને પછી આરાધના કરવાની? કે આરાધના શરૂ કરીને પછી સમજણ કેળવવાની?' કોઇ પણ ગૂંચવાઇ જાય એવો પ્રશ્ન હતો. મેં કહ્યું - જવાબ આપતા પહેલાં મારે તમને પ્રશ્ન કરવો છે - 'પાંચ વર્ષના દીકરાને સ્કૂલમાં ભણવા મૂકો, ત્યારે સમજાવીને મૂકો? કે પરાણે?' લગભગ કોઇ બાળક સમજીને સ્કૂલે જતું નથી. રડતા રડતાં જાય છે - છતાં તમે મૂકો છો. ધીમે ધીમે મોટો થાય, ત્યારે સમજે છે કે 'ભણવાનું શા માટે છે?' પછી મેં બીજો પ્રશ્ન કર્યો - 'પચીસ વર્ષના દીકરાને પરણાવો, ત્યારે પરાણે પરણાવો? કે તે સમજીને પરણે?' કોઇ પરાણે પરણતું નહીં હોય, પોતાની ઇચ્છા સમજીને પરણે છે. અણસમજની ઉંમર હોય, ત્યારે પહેલાં કરાવવાનું, કરવાના સંસ્કાર પાડવાના. સમજણ વિકસિત થાય ત્યારે સાચી સમજ આપવાની. સમજણની ઉંમર હોય, ત્યારે કદાચ પહેલાં પ્રાથમિક સમજ આપીને પણ કરાવાય. પછી આરાધના કરતાં કરતાં જ ક્ષયોપશમ થતો જાય, સમજ વિકસિત

થતી જાય...

જિનશાસન સ્યાદ્વાદમાં માને છે. અહીં ઉપદેશની કોઇ એક નિશ્ચિત શૈલી નથી. શ્રોતાની કક્ષા-પાત્રતા વિચાર્યા વિના એક જ શૈલીથી બધાને ઉપદેશ આપવાની શાસ્ત્રકારો મનાઇ કરે છે. એટલે કોઇ એવો નિયમ બાંધી શકાય નહીં, કે પહેલાં આરાધના કે પહેલાં જ્ઞાન. અલબત્ત, મોટા ભાગના - કદાચ ૯૮.૯૯ ટકા જીવોની પાત્રતા એવી હોય છે કે તેમને પહેલાં આરાધના પર ચડાવવાના હોય છે. પછી જ વિસ્તૃત સમજણ મેળવવાની ક્ષમતા આવે છે.

ઉપમિતિ ભવ પ્રપંચા કથા નામનો આપણે ત્યાં એક સુંદર ગ્રંથ છે. તેમાં એક વાત આવે છે. એક શેઠ અત્યંત ધાર્મિક હતા. દીકરો સાવ નાસ્તિક. દેરાસર-ઉપાશ્રયે પગ ન મૂકે - તેવો. શેઠને તેની અત્યંત ચિંતા રહેતી. ગામમાં જેટલા ગુરૂ ભગવંત આવે તેમની પાસે મોકલે, પણ દીકરો પણ ભેજાબાજ હતો. મહાત્માની મશ્કરી કરે. એક મહાત્મા પાસે મોકલ્યો. આવીને પૂછ્યું - 'શું કર્યું ?' તો કહે 'એક દરમાંથી બીજા દરમાં જતી કીડીઓ જોઇ. મહાત્માના ગળાના હાડકાને હલતું જોયું.' આવો ખોપડી બાજ હતો.

એક વાર એક ગીતાર્થ મહાત્મા પધાર્યા. શેઠે તેમને બધી વાત કરી. મહાત્માએ કહ્યું - 'મારી પાસે મોકલજો.' શેઠે દીકરાને મોકલ્યો. મહાત્માઓ વાત શરૂ કરી - 'પૈસા શી રીતે કમાવાય ? ખબર છે ?' પેલાને લાગ્યું - આ વાત મારા કામની છે. પલાંઠી વાળીને બેસી ગયો. મહાત્માએ તેને રોજ આવતો કરી દીધો. ધીમે ધીમે ધર્મ પર ચડાવી દીધો. શ્રોતાની કક્ષા અનુસાર અમને દેશના આપવાનો અધિકાર છે. એટલું જ નહીં, ફરજ પણ છે. માત્ર અમારું લક્ષ્ય સ્પષ્ટ જોઇએ - છેવટે એને આરાધનાના માર્ગે ચડાવી દેવાનો.

તમે સહુ આરાધક છો. આરાધના કરો જ છો. કરી જ રહ્યા છો. એટલે તમને આરાધના કરવાની વાત પ્રાધનપણે નથી કરતો, 'આરાધના શી રીતે કરવાની ? આરાધનામાં લક્ષ્ય કયું રાખવાનું ?' તેની વાત કરી રહ્યો છું. આરાધના કરતો જ ન હોય, તેને અમે આરાધના કરવાની વાત પ્રધાનપણે કરી. અને તે વાત ગળે ઊતારવા માટે જે ફળ બતાવવું હોય, તે બતાવીએ. કોઇને પુણ્યબંધ પણ બતાવીએ, કોઇને લૌકિક લાભ પણ બતાવીએ.

ફરી મૂળ વાત પર આવું - આરાધના દોષનાશ માટે કરવાની છે. બોલો સામાયિક શેના માટે કરવાની ?

સભા : સમતા માટે

સરસ. ગોખેલા શબ્દોની પરીક્ષા રાખીએ તો તમને બધાને કદાચ ૧૦૦ માંથી ૧૦૦ માર્ક આવશે. તમને કદાચ મારા કરતાં વધારે માર્ક આવે, કારણકે તમે ઘણાના મોઢે જુદા જુદા શબ્દોમાં આ વાત સાંભળી છે. હવે એ કહો - સમતા એટલે શું ? જવાબ હું જ આપું. રાગ-દ્વેષ ન થવા - તે સમતા છે. અનુકૂળ સંયોગમાં રતિ ન થવી, પ્રતિકૂળ પરિસ્થિતિમાં અરતિ ન થવી - તે સમતા છે. સામાયિક કરવાથી તો બધી જ સમતા આવવી જોઇએ, પણ હાલ એક એક દ્રષ્ટાંત લઇએ.

દુનિયાભરની વસ્તુઓને જાણવાનું કુતૂહલ તમને હોય છે. એના માટેનાં સાધનો તમારી પાસે છે. એટલે સતત તમે એ કુતૂહલ પોષ્યા જ કરો છો. સામાયિક કરો, ત્યારે એ બધાં સાધનોનો ત્યાગ કરી દો છો. જો સ્વાધ્યાય કે જિનવાણી શ્રવણમાં તલ્લીન બનો, તો તેટલા સમય પૂરતું એ કુતૂહલ પણ શમી જાય છે. કદાચ જાગે, તો પણ સાધનનો ઉપયોગ નથી જ કરતા, અને એટલે પ્રાયઃ થોડી ક્ષણોમાં એ શમી જાય છે. એ બધું સારું જ છે. પ્રશ્ન એ છે કે સામાયિક પૂરી થયા પછી, પહેલાં જેટલું કુતૂહલ હતું, તે ઘટે ખરું ? કદાચ ૧-૨ સામાયિકનું તેટલું પરિણામ ન આવે, પણ ૨૦૦-૫૦૦ સામાયિક પછી ઘટે ખરું ?

સભા : ઘટતું હોય, તેવું લાગતું નથી. નથી ઘટતું, એનો અફસોસ ખરો ? ઘટાડવો છે એવું લક્ષ્ય ખરું ? એનું નિરિક્ષણ ખરું ? મોટેભાગે એવું બને છે કે 'સામાયિક થઇ ગઇ' અને એજ તમે મોટી સિધ્ધિ માની લો છો. સામાયિક કરવા દ્વારા કઇંક મેળવવું છે. એવી ઝંખના જ નથી... અને એટલે જ કશું મળતું નથી. (અને દોષનો ટોપલો આરાધનાના માથે નાખવો છે. આરાધના કરવા છતાં કંઇ લાભ થતો નથી.) એટલે હકીકત એ છે કે દોષ ઘટાડવાનું લક્ષ્ય હોવા બાબતમાં જ પ્રશ્ન છે.

સભા : ઘણું કરીએ તો પણ દોષ ઘટતાં નથી.

જુઓ, દોષ ઘટાડવાનું લક્ષ્ય હોય, તેવા લક્ષ્ય પૂર્વક સમ્યગ્ આરાધના હોય, તો દોષ ઘટયા વિના ન રહે. એ વાત અનંત જ્ઞાનીઓની છે, અને અમારો અનુભવ છે.

સભા : ઘણું કરીએ તો પણ દોષ ઘટતાં નથી - એ વાત બાજુ પર મૂકો. દોષ ઘટાડવાનું લક્ષ્ય છે ? એ વાત કરો.

એમ તો મારી દીક્ષાના એક વર્ષ પછી મારા ગુરૂદેવને કહેવા ગયેલો - એક વર્ષ સંયમનું પાલન કર્યું તો પણ મને મારા કષાય ઘટયા હોય, તેવું લાગતું નથી. ગુરૂદેવ મને અનેક એંગલથી સમજાવેલું, એમાં એક એંગલ એ પણ હતો કે '૨૭ વર્ષ ગૃહસ્થપણામાં રહ્યા, ત્યારે દોષ ઘટતા નથી - એવી પણ તમને ખબર નહોતી પડતી. આજે તમે નોંધ લીધી કે દોષ ઘટતા નથી - એ પણ ૧ વર્ષના સંયમજીવનનું ફળ છે.' દોષનો દરીયો લઇને બેઠા છીએ. તેમાંથી ૧ ચમચી ઓછી થાય તો ઘટેલું દેખાતું નથી, પણ ઘટયું છે - એ નક્કી છે. આરાધના પર શ્રદ્ધા રાખો, સમ્યક લક્ષ્ય સાથે સમ્યગ્ રીતે આરાધના કરો - કષાય ઘટશે જ. આજે ૨૫ વર્ષના સંયમજીવન પછી એ મારો અનુભવ પણ છે. એમ તેને પણ થશે. શ્રદ્ધા જોઇશે, ધીરજ જોઇશે. સમ્યક્ લક્ષ્ય જોઇશે, સમ્યક્ પુરુષાર્થ જોઇશે. તો અવશ્ય દોષ ઘટશે.

# ભલે પતંગિયુ ખૂબ સુંદર હોય છે, પરંતુ તેનું આયુષ્ય ખૂબ જ અલ્પ !

- આરતી રામાણી ''એન્જલ'' બેંગ્લોર

સમય પરિવર્તન થાય તેમ આપણી સરકાર ઘણા ફેરફારો કરે છે. એ પછી કોઇ કાર્ય પ્રણાલીમાં હોય કે એ પ્રણાલી અનુસરતા ભરવા પડતા ફોર્મમાં હોય, પરંતુ શું આપણે જાણીએ છીએ કે જે ફેરફારો સરકાર હવે કરી રહી છે તે તો આપણી સંસ્કૃતિમાં યુગો પહેલા જ અમલમાં હતા ?

જયારે આપણે કોઇ કાર્ય કરતા હોઇએ ત્યારે આપણે શરૂઆતથી અંત સુધીમાં ઘણા ફેરફારો કરતા હોઇએ છીએ. ઘણીવાર તો કોઇ કાર્ય પૂર્ણ થઇ ગયું હોય અને ફરી એકવાર છેલ્લી નજર ફેરવતા તેમાં ભૂલો વર્તાય અને થોડા સુધારા જરૂરી બને ત્યારે આપણે તેમાં ફેરફારો કરી તેને નવું રૂપ આપીએ છીએ, કારણ આપણે પણ શીખી રહ્યાં હોઇએ છીએ એ જ રીતે આપણી સરકાર પણ બધું શીખીને જ નથી બની હોતી. સમય જતા એને ઘણા ફેરફારો કરવા જેવા લાગતા હોય છે અને એ તેમાં નવું નવું શીખી તેને મઠારી અને પછી અમલમાં લાવવા કાર્ય પણ કરે છે. એવું જ એક કાર્ય એટલે ફોર્મ ભરવું. આપણે ક્યાંય પણ જઇએ એ પછી શાળા હોય, કોલેજ હોય, નોકરી, ઑફિસ, હૉસ્પિટલ કે સરકારી કાર્યો બધે જ કાર્ય શરૂ કરતાં અને કરાવતાં પહેલા ફોર્મ ભરવા જરૂરી બને છે જેથી રેકોર્ડ પણ રહે અને કાર્યનાં પરિણામમાં ભૂલ થવાની સંભાવના પણ ના રહે. સરકારે પહેલા જે ફોર્મ બહાર પાડયાં હતાં તેમાં એક ઉદાહરણ રૂપે લઇએ તો પૅન કાર્ડ કઢાવવા માટે જે ફોર્મ હતાં તેમા આપણું નામ, પિતાનું નામ, અટક, પતિનું નામ અને પતિની અટક આવી વિગતો મુખ્ય હતી. કહેવાનુ તાત્પર્ય, તેમાં માતાની વિગતો પણ ભરાતી, પરંતુ ફક્ત ફોર્મ ભરવા માટે અને રેકર્ડ માટે. તેમાં પિતાની અને પતિની વિગતો જ મુખ્ય આધાર રાખતી અને આઇ કાર્ડમાં એ જ વિગતો પણ છપાઇને આવતી અર્થાત્ કોઇપણ સ્ત્રીનાં નામ પાછળ લગ્ન પહેલાં પિતાનું નામ આવતું અને લગ્ન બાદ પતિનું જયારે પુરુષના નામ પાછળ તો કોઇપણ અવસ્થામાં ફક્ત પિતાનું નામ જ આવતું. સમય જતાં ફેરફાર જણાતાં હવે સરકારે જે ફોર્મ બહાર પાડયાં છે તેમાં એક નવી કોલમનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે અને જેનાં સ્વીકારને નક્કી કરવાનો હક્ક પણ એમણે આપણને જ આપ્યો જે ખરેખર, વધાવવા યોગ્ય છે ના કે ક્રાંતિકારી વિચારધારાને આધારે અલબત્ત, આપણી પ્રાચીન સંસ્કૃતિનો સ્વીકાર કરતા પણ તેને વધાવવા અને સ્વીકારવા જેવી છે. એ કોલમ છે આપણાં નામ પાછળ આપણે પિતાનું નામ જોઇએ છે કે પછી માતાનું એ આપણે જાતે જ નક્કી કરી શકીએ છીએ. જો પિતાનું નામ જોઇતું હોય તો પિતાની વિગતની કોલમ ભરી અને તેને ટિક કરવાનું અને જો માતાનું નામ જોઇતું હોય તો માતાની વિગતો ભરવાની અને તેની સામે ટિક કરવાનું. આમ કરવાથી સ્ત્રી હોય કે પુરુષ બન્નેનાં નામની પાછળ માતાનું અથવા પિતાનું બન્નેમાંથી પસંદ કરેલું નામ આઇ કાર્ડમાં આવી જાય. એ વાત અલગ છે કે લગ્ન બાદ તો સ્ત્રીનાં કોઇપણ પ્રુફમાં પહેલી લાઇનમાં પતિનું જ નામ લખાવાય છે, પરંતુ બીજી લાઇનમાં માતા અથવા પિતાનું નામ હવેથી પસંદગી પ્રમાણે લાવી શકાય છે. આ ફેરફાર સરકારે થોડાં વર્ષોથી જ કરેલો, પરંતુ આપણી સંસ્કૃતિમાં તો યુગો પહેલા આ જ પ્રથા અસ્તિત્વમાં હતી.

જેમ અત્યારે સ્ત્રી લગ્ન પહેલાં પિતા અને લગ્ન બાદ પતિના નામથી ઓળખાય છે એ જ રીતે યુગો પહેલા કોઇપણ પુરુષ લગ્ન પહેલા ફક્ત પોતાની માતાનાં નામથી ઓળખાતો જેમકે, છાયાપુત્ર શની, ગંગાપુત્ર ભીષ્મ, કુંતીપુત્ર કર્ણ, અંજનીપુત્ર હનુમાન, યશોદાનંદન કૃષ્ણ, દેવકીનંદન કૃષ્ણ આવી રીતે ઇતિહાસના પાના પાછા ફેરવીએ તો તમામ પુરુષો લગ્ન પેહલાં પિતાના નામથી નહીં અલબત્ત, ફક્ત અને ફક્ત પોતાની માતાના નામથી જ ઓળખાતા જે હવે સરકારે યુગો બાદ અમલમાં લાવ્યું છે એ પણ એક નવા ફેરફાર સાથે કે ફક્ત પુરુષો જ નહીં સ્ત્રીઓ પણ પોતાની માતાનાં નામથી ઓળખાઇ શકે જેથી આપણી સંસ્કૃતિ પાછી સ્થાપી શકાય. હવે લગ્ન બાદની વાત કરીએ તો લગ્ન બાદ જેમ હાલ સ્ત્રીઓ પતિના નામથી ઓળખાય છે તેનાં કરતાં ઊલટું પહેલાના યુગમાં પુરુષો લગ્ન બાદ પોતાની પત્નીનાં નામથી આળખાતા જેનું રટણ તો આપણે હાલ દિવસ રાત સતત કરીએ છીએ જેમ કે, ગૌરીશંકર, સીતારામ, રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ આ રીતે દરેક પુરુષો જોઇએ તો લગ્ન બાદ પોતાની પત્નીનાં નામથી ઓળખાતા હતા, કારણકે આપણી પ્રાચીન સંસ્કૃતિમાં સ્ત્રીને સદા પુરુષથી આગળ રાખવામાં આવતી હતી, સ્ત્રી શક્તિને પુરુષ શક્તિથી સદા આગળ માનવામાં આવતી હતી એ જ કારણથી આપણી સંસ્કૃતિમાં પહેલાના સમયમાં પુરુષો લગ્ન પેહલા પોતાની માતા અને લગ્ન બાદ પોતાની પત્નીનાં નામથી ઓળખાતા

જેથી બન્ને સ્ત્રી શક્તિને તેઓ માન આપી અને સદા પોતાની આગળ રાખી શકે. હજુ પણ હકીકતની દુનિયામાં તો લુપ્ત થઇ ગયું છે, પરંતુ ટીવી સિરિયલોમાં જોવા મળતી લગ્ન માટેની એક પ્રથામાં આપણે સ્ત્રીને જ આગળ રાખીને જ તે પ્રથાને ઓળખીયે છીએ. તે પ્રથા એટલે સ્વયંવર. આપણે હંમેશા સ્વયંવર બોલીએ છીએ. કદી સ્વયંવધૂ શબ્દનો ઉચ્ચારણ કરતા કોઇને જોયા છે ? નહીં. ત્યાં સ્વયંવર જ શબ્દ બધાં ઉચ્ચારે છે, કારણ કે સ્ત્રી શક્તિને સદા ઉપર માનવામાં આવે છે. એવાત અલગ છે કે વાત કળિયુગમાં જે માને છે એ જ માને છે. બાકી બધું ફક્ત કાગળ ઉપર જ રહી જાય છે !

આજના સમયમાં તો સ્ત્રીને લગ્ન પહેલા ફક્ત પિતાનું જ નામ અને લગ્ન બાદ પતિનું નામ પોતાની પાછળ લખાવવું પડે છે જે સરકારે હવે થોડે અંશે ફેરફાર કરી માતાનાં નામથી પણ ઓળખાવાની સ્ત્રીને છૂટ આપી છે જેનો અત્યારે તો ફક્ત કાગળ પર જ બદલાવ થયો છે. ઘણાં રાજ્યોમાં આ અમલમાં પણ છે, પરંતુ ખરેખર, કેટલી સ્ત્રીઓ પોતાનાં નામની પાછળ પોતાની માતાનું નામ લખાવે છે ? લગભગ બહુ જૂજ ! આ બહુ જૂજ સ્ત્રીઓમાંથી એક સ્ત્રી છે મારી એક સખી અને મારાં માઇક્રોફિકશન ગુરૂ દક્ષાબેન દવે. એ આજે સાહિત્યનું જેટલું પણ સર્જન કરે છે તે પોતાનાં દક્ષા દવે ''રંજન'' નાં નામથી જ કરે છે. એમણે પોતાની માતાનાં નામ 'રંજન'ને જ પોતાનાં ઉપનામ તરીકે સ્વીકારી અને એમનાં નામથી જ પોતાનું સાહિત્ય સર્જ્યું છે અને આગળ પણ સતત સર્જતા રહે છે.

સમય બદલાતો રહ્યો છે અને બદલાતા સમય પ્રમાણે સરકાર જયારે આવા ફેરફારો કરે છે ત્યારે ઘણી અહંકાર થી ભરેલી વ્યક્તિઓ એને નકારે છે જયારે ઘણી વ્યક્તિઓ આ બાબતને આદર સાથે સ્વીકારે પણ છે. આવા વિચારોને એ લોકો ક્રાંતિકારી, નારી શક્તિનો નારો લગાવવો જેવા અનેક નામ આપી જડથી તોડી પાડવાનું કરે છે, પરંતુ જયારે એમની સામે આપણી આ સંસ્કૃતિ લાવીએ ત્યારે એમની બોલતી જરૂર બંધ થઇ જાય છે, પરંતુ અહમ્ નામનું પતંગિયું તો ઊડાઊડ કરતું જ રહે છે ત્યારે એક વાત સદા યાદ રાખવી, ભલે પતંગિયું ખૂબ સુંદર હોય છે, પરંતુ તેનું આયુષ્ય ખૂબ જ અલ્પ !

માતા અને પત્નીનાં નામથી ઓળખાવું છે આપણી પ્રાચીન સંસ્કૃતિ,

સમય જતાં ભલે બદલાઇ ગઇ હોય તેને સ્વીકારવાની વૃત્તિ !

સરકાર લુપ્ત સંસ્કૃતિ પાછી લાવી રહી કરીને થોડો બદલાવ,

બસ જરૂરી છે બદલાવાની તેનાં અસ્વીકારની આપણી પ્રકૃતિ.

## પ્રેરણાસ્ત્રોત

થોડો મોટો મેસેજ છે પરંતુ મન મજબૂત થશે. તબિયત સારી છે તો જીવનમાં ઘણું બધુ છે.

વૃધ્ધત્વના લીધે મોત આવે એ વ્યાજબી પણ બીમારીના લીધે મરવું પડે એ ખોટું

૧) વધુ પડતો શારીરિક શ્રમ. ૨) વધુ પડતો માનસિક થાક

બસ આ બે બાબતોથી પોતાની જાતને બચાવી લેજો. કોઇ પણ માટે કયારેય ભૂખ્યા, તરસ્યા કામ ન કરતાં, પોતાનાં બાળકો માટે પણ નહીં. કેમ કે તે તમારૂં શરીર સ્વસ્થ હશે તો જ તમે આગળ જતા બાળકોનું ધ્યાન રાખી શકશો અને એના માથે બોજ બનીને નહીં રહો. (એ નફામાં)

ઇચ્છાઓનો ક્યારેય અંત નથી અને ભાગ્યમાં હશે એ મળી જ રહેશે એટલે મહેનત જરૂર કરવાની પણ ચિંતા હરગિજ નહીં કરવાની. જીવનમાં પદ, પૈસો બધુ જ અગત્યનું છે પણ એ બધાથી પહેલા આપણું શરીર છે. એને સાચવીશું તો આપણું જીવન સાર્થક જ છે.

મન પ્રફુલ્લિત અને સંતોષી હશે તો શરીર આપમેળે સુડોળ રહેશે જ અને મન કચવાયેલું કે દુ:ખી હશે તો સાથે શરીરને પણ બગાડશે અને એક વાત યાદ રાખજો કે શરીરનું મૃત્યુ થાય ત્યારે સૌ રડે છે પરંતુ મનનું મૃત્યુ થાય ત્યારે પોતાને જ રડવું પડે છે. એના માટે સંતોષ રાખવો ખૂબ જ જરૂરી છે.

વધુ પડતી અપેક્ષા કે મોટા સપના ના રાખો અને જે છે એમાં સંતુષ્ટ રહો, તો કદાચ આપણે આસમાનની ઉંચાઇ ભલે ના મેળવી શકીએ પણ સુખી સંસાર જરૂર મેળવી શકીશું.

એક રાજા પોતાના સૈનિકોની સ્થિતી કેવી છે એ જાણવા નીકળ્યો, એને એક વૃદ્ધ સૈનિક ઠંડીમાં થોડો બેચેન હોય એવો દેખાયો, એની પાસે જઇને પૂછ્યું કે ઠંડી લાગે છે ?

તો પેલા સૈનિકે કહ્યું કે લાગે તો છે પણ વર્ષોથી આદત છે એટલે તકલીફ નથી પડતી. રાજાએ કહ્યું કે કાલે તમારા માટે ગરમ કપડા મોકલી આપીશ જેથી રાહત રહેશે.

રાજા આ વચન આપીને ચાલ્યા ગયા અને પછી ભૂલી ગયા. ૬ દીવસ પછી પેલો સૈનિક ઠંડીના કારણે મૃત્યુ પામ્યો અને રાજાને એક પત્ર લખતો ગયો કે વર્ષોથી આ જ કપડાં માં ફરજ નિભાવતા હતા અને ઠંડી સહન કરી લેતા હતા પણ તમે આવીને ગરમ કપડાંની આશા આપતા ગયા અને અમારું મન નબળું કરતાં ગયા અને તમારા એ વાયદા એ મારો જીવી લઈ લીધો.

જીવનમાં આશા, સપના અને અપેક્ષાનો ઓવરડોઝ કયારેય ના થવા દેવો. કોઇપણ વ્યક્તિ કે વિચાર નો સહારો ના રાખવો. સહારો હંમેશા માણસને કમજોર જ બનાવે છે. ખુદ ગબ્બર બનીને જીવો. પોતાની તાકાત, પોતાની સહનશક્તિ, પોતાની ખૂબી પર ભરોસો રાખીને જીવો તો કયારેય માંદગી નહીં આવે.

વર્તમાન આર્થિક તંગીમાં અકળાઇ જવાને બદલે આ સમય આપણને ઘણું શીખવાડી રહ્યો છે એ શીખીએ.

આપણી પાસે મોટી અને અમૂલ્ય સંપત્તિ જો કોઇ હોય તો એ સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન છે. આ બંનેની જાળવણી આપણે ખુદ જ કરી શકિશું અન્ય કોઇ ચાહે તો પણ નહીં.

સ્વસ્થ રહો મસ્ત રહો

# ધર્મ ધર્મ સહુ કરે મર્મ ન જાને કોઇ

લેખન : પારૂલબેન ભરતકુમાર ગાંધી (રાજકોટ)

અજ્ઞાનથી મિથ્યાત્વ અને મિથ્યાત્વથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. રાગ-દ્વેષ એ કર્મબંધનું કારણ છે. કર્મથી આત્મા ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ યોનિમાં ભવભ્રમણ કરે છે. કર્મથી આત્મા અને દેહનો સંયોગ થાય છે. કર્મના અભાવથી મોક્ષ પ્રાપ્ત થાય છે. જન્મ અને મરણ એ દુઃખનું કારણ છે. આ જન્મ-મરણના દુઃખનો નાશ કરવા માટે ધર્મ છે. ધર્મથી આત્મા કર્મમલથી મુક્ત બની શુધ્ધ, બુધ્ધ અને મુકત થાય છે. આવો આત્મા જન્મ-મરણથી છૂટી જાય છે, ભવ-ભ્રમણથી છૂટી જાય છે. ધર્મનો અર્થ જોઇએ તો...

**ધર્મની વ્યાખ્યા અર્થ :**

- આત્મશુદ્ધિ સાધન ધર્મ : જૈન સિદ્ધાંત દીપિકા - જેનાથી આત્માની શુદ્ધી થાય તે

- જે દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરે તેને ધર્મ કહેવામાં આવે છે.

- ધમ્મો વત્થુસહાવો - અર્થાત્ વસ્તુના સ્વભાવનું નામ ધર્મ છે - કાર્તિકેયાનુંપ્રેશ્રા

- દીવે વ ધમ્મં - અર્થાત્ ધર્મ દિપકવત્ અજ્ઞાન અંધકારનો નાશ કરે છે. - સૂત્રદ્દતાંગ સૂત્રકાજ

- धम्मो ताणं धम्मो सरणं, धम्मो गइपइच्छाय ।

धम्मेण सुचरिएण, लब्भइ अयरामरं ठाणं ।। तंदुल वैचारिक ગાથા ૩૩

ધર્મ જ ત્રાણ શરણરૂપ છે. ધર્મ જ ગતિ અને આધાર છે. ધર્મની સમ્યગ્ આરાધના કરવાથી જીવ અજર-અમર સ્થાનને પ્રાપ્ત કરે છે.

- ધર્મનું મુળ વિનય છે, જીવદયા - સત્ય વચન - અદત્તાદાન - બ્રહ્મચર્ય સેવન - ક્ષમા - પાંચ ઇન્દ્રયોનો નિગ્રહ, પરિગ્રહ ધર્મનું મુળ છે. ધર્મનું તત્વ અત્યંત ગહન હોવાથી સમભાવ સાધના દ્વારા જ તેને સાધી શકાય છે. ધર્મ સત્ય અને વૈરાગ્યમાંથી ઉત્પન્ન થાય છે. દયા-દાનથી વધે છે. ક્ષમાથી સ્થાપિત થાય છે અને ક્રોધ-લોભથી નષ્ટ થઇ જાય છે. સત્ય, અહિંસા, સંયમરૂપ આત્મધર્મ ત્રણે કાળમાં એક જ રહે છે, બદલતો નથી.

ધર્મના પ્રકાર : ઠાણાંગ સુત્રના દસમે ઠાણે દસ પ્રકારના ધર્મ બતાવ્યા છે તે નીચે પ્રમાણે :

૧) ગ્રામ ધર્મ, ૨) નગર ધર્મ, ૩) રાષ્ટ્ર ધર્મ ૪) પાખંડ ધર્મ ૫) ગણ ધર્મ, ૬) સંઘ ધર્મ, ૭) શ્રુત ધર્મ, ૮) ચારિત્ર ધર્મ, ૯) અસ્તિકાય ધર્મ, ૧૦) કુલ ધર્મ

- અંતરંગ ધર્મ દસ પ્રકારનો છે તે નીચે પ્રમાણે -

૧) ક્ષમા, ૨) આજંવતા, ૩) નિર્લોભતા, ૪) સરલતા, ૫) લાઘવતા, ૬) સત્ય, ૭) બ્રહ્મચર્ય, ૮) તપ, ૯) ત્યાગ, ૧૦) સંયમપાલન

શરીર માટે ભોજન જેટલું જરૂરી છે, આત્મા માટે ધર્મ તેટલો જરૂરી છે. धर्मेण हीनाः पशुभिः समानाः - ધર્મહીન પ્રાણી પશુ સમાન છે, જેના જીવનમાં ધર્મ નથી કે ધર્મને ઓછો કરે છે તે ધીમે ધીમે ખોટ કરતા જ જાય છે. ધર્મ ભાગ્યથી નહિ પરંતુ પુરૂષાર્થથી શકય બને છે. મોહનીય કર્મના ક્ષયોપરામથી જ ધર્મારાધના સારી રીતે થઇ શકે છે. ધર્મ કરનારી વ્યક્તિનું જીવન સફળ બની જાય છે. કલ્પવૃક્ષથી સંકલ્પ કરેલો અને ચિંતામણી રત્નથી ચિંતન કરેલો પદાર્થ મળે છે પણ ધર્મથી તો અસંકલ્પ અને અચિંત્ય ફળ મળે છે. આવા ધર્મના બે પ્રકાર છે - ૧) શ્રુતધર્મ, ૨) ચારિત્રધર્મ, ધર્મની પ્રાપ્તિ બે પ્રકારે ૧) સાંભળીને, ૨) શ્રધ્ધા કરીને - ચારિત્રધર્મના બે પ્રકાર છે. ૧) આગાર ચારિત્ર ધર્મ - બાર વ્રતરૂપ, ચૌદ નિયમરૂપ, શ્રાવકની પ્રતિમા ધારણ કરવારૂપ, ૨) અણગાર ચારિત્ર ધર્મ - પાંચ મહાવ્રત, પાંચ સમિતિ + ૨ ગુપ્તિ = અષ્ટ પ્રવચન માતારૂપ ભિક્ષુની પ્રતિમા ધારમ કરવારૂપ.

**ધર્મનો અધિકારી કોણ ?**

ધર્મનો અધિકારી એ જ વ્યક્તિ છે જે સમભાવની સાધના દ્વારા કરૂણાવત હૃદય દ્વારા, અનુકંપાથી જીવો સાથે વ્યવહાર કરે. પાંચ ઇન્દ્રીય મળી છે સાથે વિનય અને વિવેક હોવા તેમ જ તેના સહિતનું આચરણ જરૂરી, સંસારી પદાર્થોમાં આસહિત અને મોહભાવ સુખ-શાંતિ-સમાધિથી દૂર કરી દે છે. દરેક વ્યક્તિ જન્મથી નહિ પરંતુ કર્મથી મહાન બને છે. જે શરીર-આત્માની ભિન્નતા સમજી - શરીરરૂપ સાધનાનો યોગ્ય ઉપયોગ કરે તે જ ધર્મમાર્ગે આગળ વધી શકે છે. જે શરીરનો - ઇન્દ્રિયોનો ગુલામ થઇ જાય છે તે ધર્મને પ્રાપ્ત કરી શકતો નથી - ધર્મરૂપી રત્નને પામવા માટે બુદ્ધિ, પુણ્યોદય અને વિવેક હોવો જરૂરી છે. દૃઢ સંકલ્પ સાથે યોગ્ય પુરૂષાર્થથી તેને મેળવી શકાય છે.

આચારાંગ સૂત્રમાં પ્રભુએ ફરમાવ્યું છે કે - आणाए मामणं धम्मं અર્થાત્ ભગવાનની આજ્ઞાનુંસાર વર્તન કરવાં માટે ભગવાનની વાણી - ઉપદેશ સાંભળવો જરૂરી છે જેનાથી આપણને યોગ્ય- અયોગ્ય, સારું - ખરાબ, કરણીય - અકરણીય વગેરેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જયાં સુધી જ્ઞાન પ્રાપ્ત નથી કરતાં ત્યાં સુધી ભગવાનની આજ્ઞાનું પાલન થઇ શકતું નથી. જયારે વ્યક્તિને અગ્નિની અને તેના સ્વભાવની ખબર પડી જાય છે પછી તેને કહેવું પડતું નથી કે ''ભાઈ! અગ્નિથી દૂર રહેજો નહિ દાઝી જશો''!

જે ધર્મનું સાચુ સ્વરૂપ જાણી લે છે તે જીવનમાં - આચારમાં ધર્મને ઊતારી દે છે અને એટલે જ તેનું જીવન સરળ બને છે - સરળ વ્યક્તિ ધાર્મિક હોવાનો જ છે. આચરણની મહેક જ ભાવ વિશુદ્ધિ અને ધર્મનો આધાર છે આમ ધર્મને આચારમાં લાવવા માટે ભાવવિશુધ્ધિ સ્વરૂપે, ભગવાને સમજાવેલા ધર્મને સમજવો ખૂબ જરૂરી છે એટલે જ કોઇએ કહ્યું છે કે,

ધર્મ ધર્મ સહુ કરે, મર્મ ન જાણે કોઇ,
જાતિને જાણી જીવ કી, ધર્મ કાહે કો હોય,

**ચિંતન :** આંખોમાં આંસુ નહિ, હાસ્ય દેવાવાળો ધર્મ છે,
જીવનમાં પીડા નહિ, પ્રસન્નતા દેવાવાળો ધર્મ છે.
વેદનાને શાંત કરી, શાતા દેવાવાળો ધર્મ છે,

આવો આજે જ નહિ, અત્યારે જ ધર્માધિકારી બની મોક્ષમાર્ગે આગળ વધીએ.

# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ

## તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય

બ્લોક નં.૭, રજે માળે, દેવકરણ મેન્સન, વીઠ્ઠલદાસ રોડ, મુંબઈ – ૪૦૦૦૦૨.
(Registered Under the Bombay Public Trust Act.1950 - E - 008474(Mum))
CSR Reg. No. - CSR 00055317 - PAN No. AAATS2942P - 80G Reg. No. AAATS2942P2021401

# આરોગ્ય આર્થિક સહાય યોજના

- શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની સ્થાપના ૩–૧૦–૧૯૭૦ના રોજ થઈ હતી અને આજે ૩–૧૦–૨૦૨૩ના રોજ ૫૪માં વર્ષમાં પ્રવેશી રહ્યો છે.
- ૫૪માં વર્ષની સ્થાપનાની ઉજવણીના ભાગરૂપે સમાજ તેના સભ્યો માટે આરોગ્ય આર્થિક સહાય યોજના લાવી રહ્યું છે જેની વિગત નીચે મુજબ છે.

**Bank Details : Sorath Visa Shrimali Jain Samaj Trust**
Union Bank of India, Princess Street, Mumbai - 400002. S/B A/c No. 319102010054364 IFSC : UBIN0531910
NO CASH WILL BE ACCEPTED

**ઉદ્દેશ : હોસ્પિટલના થતા અધિક ખર્ચમાં રાહત આપવાનો મુખ્ય હેતુ. સ્વપ્નદ્રષ્ટા એવા આપણા સમાજના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ મહેતા તથા કમિટીના સભ્યો અને ટ્રસ્ટીગણ આ યોજનામાં દાતાઓ તથા સભ્યોના અપ્રતિમ સહકારની અપેક્ષા રાખે છે.**

પેમેન્ટ ફેસીલીટી :
ખાસનોંધ – પ્લેટિનમ, ડાયમંડ અને ગોલ્ડ દાતાઓ દાનની રકમ બે ભાગમાં આપીને (૮૦જી) નો લાભ લઈ શકશે.

## આ યોજનામાં નીચે મુજબના દાતાઓ રહેશે.

### ૧. પ્લેટિનમ દાતાઓ
(મુખપત્રમાં દર વર્ષે પરિવારનો રંગીન ફોટો ફૂલ પેજ છાપવામાં આવશે)
૨૦૫૦ સુધી ડોનરના નામે સ્કીમનું નામ આપવામાં આવશે.
**૫૪,૦૦,૦૦૦/–**

### ૨. ડાયમંડ દાતાઓ
(મુખપત્રમાં દર વર્ષે બે મોટા રંગીન ફોટા છાપવામાં આવશે)
**૫,૪૦,૦૦૦/–**

### ૩. ગોલ્ડ દાતાઓ
(મુખપત્રમાં દર વર્ષે એક પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે)
**૫૪,૦૦૦/–**

### ૪. સિલ્વર દાતાઓ
(મુખપત્રમાં એક વર્ષ એક પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે)
**૫,૪૦૦/–**

વધુ માહિતી માટે સંપર્ક કરી શકો છો:

**Fund Raising Committee**
(૧) કીરીટભાઈ પી. મહેતા
(૨) ભરતભાઈ એન. મહેતા
(૩) પ્રેમલભાઈ એલ. મહેતા
(૪) પંકજભાઈ કે. વોરા
(૫) આશિષભાઈ વી. મહેતા
(૬) પરીમલભાઈ એમ. ભીમાણી

**Executive Committee**
(૧) કીરીટભાઈ પી. મહેતા
(૨) ધીરેનભાઈ ડી. વસા
(૩) યોગેશભાઈ વી. વોરા
(૪) કીશોરભાઈ એલ. રામાણી
(૫) જયેશભાઈ સી. વસા
(૬) પી.સી.વોરા

# પ્રભુના બે અંશ

**- દર્શનાબેન પરીમલભાઈ ભીમાણી**

## પુરૂષ

૧) જે પાતાની પહેલા મા-બાપનું વિચારે, લગ્ન પછી પત્ની અને સંતાનોનું વિચારે અને છેલ્લે પોતાની પહેલા પરીવારનું વિચારે...

૨) ન વિશ્રામ કે ન આરામ બસ કામ... કામ... કામ... આપવા પરીવાર ને આરામ આછે પુરૂષ...

૩) ઘણીવાર પોતાની ઇચ્છાઓ મારીને ઘરનાની ઇચ્છાઓ પૂરી કરવા પોતાનું બધુંજ હોમી દે તે છે પુરૂષ...

૪) જેને સમજવો સરળ છે જે પરીવારના પ્રેમ માટે વિહવળ છે એના માટે સૌથી મોટું માન પરીવારની મુસ્કાન... છે.

૫) ભલે લાખ અંધારૂ હોય જીવનમાં તોય સૂરજ બની નીકળવું પડે છે પુરૂષને...

૬) સાગરનું પણ કેવું...? એકદમ પૂરૂષ જેવું, તોફાની થવું... શમાવું ને સમાવી લેવું, ગુસ્સો કરવો, ડર બતાવવો પણ પોતાનાઓ માટે સઘળું સહી લેવું...

૭) ઘણીવાર સ્ત્રીને મનાવવા પોતાનો અહંકાર ભૂલી જાય અને પરીવાર માટે આંસૂ પણ પી જાય છે તે પુરૂષ...

## સ્ત્રી

૧) જેને સમજવા જશો તો જીવનનો ગ્રંથ લાગશે પણ... એની સાથે જીવશો ને તો વસંત લાગશે...

૨) ન આશ... ન પ્યાસ... બસ થોડો વિશ્વાસને ખાસ અહેસાસ... આ છે સ્ત્રી...

૩) સ્ત્રી એટલે જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર દરેક ભૂમિકા સફળતા પૂર્વક નિભાવતું પાત્ર...

૪) ઝીલવાની પાત્રતા સામે હોય કે ન હોય પણ આપી દીધાનો સંતોષ અદ્‌ભૂત હોય છે સ્ત્રીઓમાં...

૫) જે પાત્રમાં ઢાળો તો ઢળી જશે એ છે સ્ત્રી...

૬) વાદળનું પણ કેવું...? બીલકુલ સ્ત્રી જેવું... બંધાવું... વરસવું અને વિખરાઇ જવું...

૭) કહે છે સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ હોય છે એટલે સ્ત્રી પથ્થર અને કપચીથી બનેલા ઘરને પગની પાનીથી મંદિર બનાવે છે તે સ્ત્રી...

સ્ત્રી વગર પુરૂષનું જીવન નરક છે તેમ પુરૂષ ઘરરનું સ્ત્રીનું જીવન પણ નરક જ છે. સ્ત્રી પુરૂષ સિક્કાની બે બાજુ છે.

# હાર્દિક અભિનંદન



**ચી.રિષભ ઉર્મિશભાઈ વોરા.** ધોરણ ૧૨ની પરીક્ષામાં ૯૫.૧૭ ટકા માર્કસે ઉતીર્ણ થયેલ છે. તેમને હાર્દિક અભિનંદન.



**ચી.તુહી મનીષભાઈ મહેતા** એસ.એસ.સી. માં ૮૯ ટકા એ ઉર્તીણ થયેલ છે. તેમને હાર્દિક અભિનંદન.



મોટીમારડ નિવાસી હાલ ગોરેગામ શ્રી હિતેન્દ્રભાઈ રમણીકલાલ શાહ ની **સુપુત્રી ફોરમે** પાલીતાણા મુકામે નવ્વાણું યાત્રા સુખરૂપ પૂર્ણ કરેલ છે.

જૂનાગઢ નિવાસી હાલ સેન્ડહર્સ્ટ રોડ, શ્રી મુલચંદ ગુલાબચંદ સંઘવીના પુત્રવધુ **શ્રીમતી રતનાબેન કિરણભાઈ સંઘવી તથા તેમના પૌત્ર ચી.નીરવ કિરણભાઈ સંઘવી**ની વરસીતપની આરાધના સુખરૂપ પૂર્ણ થયેલ છે.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ દ્વારા આયોજિત અને શેઠ ઝવેરચંદ જૂઠાભાઈ વસા મેમોરીયલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રાયોજિત ૧૦માં અને ૧૨માં ધોરણનાં મુંબઈના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પુરસ્કાર યોજનાઃ

માનનીય સભ્યશ્રી,

હર્ષ અને આનંદ સાથે જણાવવાનું કે આ વરસે ધોરણ ૧૦માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૮૫ ટકા કે તેનાથી વધુ ગુણાંક મેળવ્યા હોય તેવા પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓને દરેકને રૂપિયા ૧૦,૦૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે.

તેવીજ રીતે ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૮૫ ટકા કે તેનાથી વધારે ગુણાંક મેળવ્યા હોય તેવા પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓને દરેકને રૂપિયા ૧૨,૦૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે. ધોરણ ૧૦ તથા ૧૨ માં જેમને પણ ૮૫ ટકા થી ઉપર આવેલા છે તેઓએ એપ્લિકેશન ફોર્મ માટે શ્રી કિરીટભાઈ પ્રભુલાલ મહેતાનો સંપર્ક સાધવો. મો.: ૯૮૨૦૨૨૯૦૩૬

ઉપર જણાવ્યા પ્રમાણે જેમને ૮૫ ટકા થી વધારે ગુણાંક આવ્યા હોય તેમણે પોતાની માર્કશીટ (નામ, એડ્રેસ, મોબાઇલ નંબર) તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીમાં સમાજની ઓફિસે મોકલી આપવા નમ્ર વિનંતી છે.

ઉપરોક્ત યોજના પ્રાયોજિત કરવા બદલ સમાજ 'શેઠ ઝવેરચંદ જૂઠાભાઈ વસા મેમોરીયલ ટ્રસ્ટ, મુંબઈ' નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

**તા.ક.: નામ, એડ્રેસ અને મોબાઇલ નંબર વગરના ફોર્મસ રદબાતલ ગણાશે.**

---

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ દ્વારા આયોજિત અને શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ મહેતા પરિવારનો મુંબઈના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અભ્યાક્રમ તેમજ ધાર્મિક પરીક્ષા પુરસ્કાર યોજનાઃ

માનનીય સભ્યશ્રી,

હર્ષ અને આનંદ સાથે જણાવવાનું કે આ વરસે બાકી બધા ધોરણ ના સ્કોલરશીપ ના ઇનામો ધોરણ ૧ થી ૯ અને સ્નાત્કો, અનુસ્નાત્કો તેમજ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ધાર્મિક પરીક્ષા ના ઇનામો માટે રૂપિયા ૫૧૦૦૦/- શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ મહેતા પરિવાર તરફ થી મળેલા છે.

ઉપરોક્ત યોજના માટે સહકાર આપવા બદલ સમાજ માનનીય શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ મહેતા પરિવારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે બાકી ધોરણમાં ઉત્તીર્ણ થયેલ હોય તેમણે પોતાની માર્કશીટ (નામ, એડ્રેસ, મોબાઇલ નંબર) તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીમાં સમાજની ઓફિસે મોકલી આપવા નમ્ર વિનંતી છે.

વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં જેમણે ધાર્મિક પરીક્ષા આપી હોય તેમણે પણ તેમના સર્ટીફીકેટ સંપૂર્ણ વિગતો (નામ, એડ્રેસ, મોબાઇલ નંબર) તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીમાં સમાજની ઓફિસે મોકલી આપવા નમ્ર વિનંતી છે.

**તા.ક.: નામ, એડ્રેસ અને મોબાઇલ નંબર વગરના ફોર્મસ રદબાતલ ગણાશે.**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છા મિત્ર મંડળ - મુંબઇ

# સંસ્થા સમાચાર

શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ છેલ્લા ૧૧૮ વર્ષથી સાધિર્મક કુટુંબોને આર્થિક સહાય, ભાવાત્મક એકતા સ્થાપી સમસ્ત સમાજનું જીવન ધોરણ સુધારવાના હેતુથી રાહતના કાર્યો કરે છે.

આ સંસ્થાના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ સંસ્થાનું કાર્ય સુપેરે ચાલે છે અને ઇન્કમટેક્સ તથા ધર્માદા આયુક્ત, મુંબઇ મહારાષ્ટ્રમાં રજીટ્રેશન તથા મુંબઈ ચેરીટી કમીશનરના એકટ મુજબ રજીસ્ટર થયેલ છે. સંસ્થાના આવક-જાવકના વાર્ષિક હિસાબો ઓડીટ કરવામાં આવે છે. અને સમયસર રીટર્ન ફાઇલ કરવામાં આવે છે. સંસ્થા પાસે ૮૦-જી નું રજીટ્રેસન સર્ટીફિકેટ છે.

સંસ્થા નીચે મુજબની રાહતની પ્રવૃત્તિ કરે છે.

૧. મુંબઈમાં રહેતા સાધર્મિક કુટુંબોને અંદાજે ૮૫ ટકા રાહત દરે દર બે મહિને અનાજ વિતરણ કરે છે.

૨. મુંબઈની બહાર રહેતા સાધર્મિક કુટુંબોને આર્થિક સહાય વર્ષમાં બે વખત મોકલવામાં આવે છે.

૩. મુંબઈમાં રહેતા કુટુંબોને તબીબી સારવાર માટે જરૂરીયાત મુજબ રૂપિયા ૧૫,૦૦૦ થી રૂપિયા ૩૦,૦૦૦ ની સહાય આપવામાં આવે છે.

૪. વર્ષમાં એક વખત જીવન જરૂરિયાતની વસ્તુનું ખુબજ રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

૫. દિવાળીના સમયે સ્વાદિષ્ટ અને પોષ્ટિક મીઠાઇ તથા ફરસાણનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

આ બધી રાહત માટે સંસ્થાની નીચે મુજબની સ્કીમ છે.

૧. આર્થિક સહાય યોજના

૨. રાહત દરે અનાજ વિતરણ યોજના સહાયક દાતા

૩. તબીબી રાહત તથા ક્રીટીકલ તબીબી રાહત યોજના સહાયક દાતા

ઉપરની દરેક યોજનામાં રૂપિયા ૫૦,૦૦૦/-નું દાન લેવામાં આવે છે જે કૉર્પસ ફંડમાં જમા કરવામાં આવે છે અને દાન આપનારને ૮૦-જી સર્ટીફીકેટ આપવામાં આવે છે, અને તેમના કુટુંબનો એક ફોટો દિવાળીના મુખપત્રમાં આપવામાં આવે છે. અને કૉર્પસ માંથી આવતું વ્યાજ ઉપરની યોજનામાં રાહત માટે વાપરવામાં આવે છે.

સંસ્થાની બીજી બે નવી યોજના (૧) માસિક તિથી રાહત દરે અનાજ વિતરણ યોજના અને (૨) માસિક તિથી આર્થિક સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે જેમાં રૂપિયા ૧,૦૦,૦૦૦/- કૉર્પસમાં લેવામાં આવે છે અને દાતા પરિવારનો ૧ ફોટો તેમના જણાવ્યા પ્રમાણે જેતે માસના મુખ પત્રમાં બ્લેક એન્ડ વ્હાઇટમાં આપવામાં આવશે અને તેજ ફોટો ફરી દિવાળીના મુખપત્રમાં આપવામાં આવશે. ઉપર જણાવેલ સ્કીમ ઉપરાંત પ્રાસંગિક ભેટ/દાન પણ સ્વીકારવામાં આવે છે.

આપણા સમાજના દાતા પરિવારને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે ઉપરની કોઇ પણ યોજનાનો લાભ લઇ આપના આ શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ પરિવારને સમૃદ્ધ બનાવશો કે જેથી આપણા સમાજના જરૂરીયાત વાળા કુટુંબીઓને આ કપરી મોંઘવારીના સમયમાં શકય એટલી વધારે રાહત આપી શકાય.

**શ્રી શશીકાંત ગીરધરલાલ વોરા**
પ્રમુખ (૯૩૨૪૮૦૨૮૯૩)

**શ્રી ચંદ્રકાંત નરોત્તમદાસ વોરા**
ખજાનચી (૯૮૨૧૪૬૨૫૮૨)

**શ્રી ચંદ્રકાન્ત ન્યાલચંદ પારેખ**
ઉપ-પ્રમુખ (૯૨૨૪૨૨૮૧૮૧)

**શ્રી અજય કાંતિલાલ પારેખ**
માનદ્ મંત્રી (૯૮૨૧૫૪૫૪૨૦)

**શ્રી વિનોદ ભગવાનજી મહેતા**
માનદ્ મંત્રી (૭૯૭૭૯૩૯૧૪૮)

**તથા સમગ્ર કારોબારી કમિટીના સભ્યો**

## સંસ્થા સમાચાર

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઈ

**સમાજને ભેટ**

૨૦૦૦/- સ્વ. ગુણીયલબેન શાંતિલાલ કોરડીયા ના આત્મશ્રેયાર્થે

૫૦૧/- શ્રી હિતેન્દ્રભાઈ રમણીકલાલ શાહ તરફથી સુપુત્રી ફોરમની નવ્વાણું યાત્રા પ્રસંગે

૫૦૦/- શ્રી ગીરીશભાઈ જયંતીલાલ મહેતા પરિવાર (કાંદિવલી) તરફથી સ્વ. સરોજબેન ગીરીશભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

**મુખપત્રને ભેટ**

૨૦૦૦/- સ્વ. ગુણીયલબેન શાંતિલાલ કોરડીયા ના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રી ગીરીશભાઈ જયંતીલાલ મહેતા પરિવાર (કાંદિવલી) તરફથી સ્વ. સરોજબેન ગીરીશભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

**અનાજ વિતરણ તિથી માસિક યોજના ખાતે**

૫૦૧/- શ્રી હસમુખભાઈ હિમ્મતલાલ સંઘવી તરફથી પૌત્રી સ્વરા રૂહીલ સંઘવી ને ૧૨મી માં ૯૫ ટકા માર્ક આવેલ તે પ્રસંગે ભેટ

**શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ જીવનભાઈ વોરા**

**ક્રિટિકલ તબીબી રાહત (કેન્સર, કીડની ડાયાલીસીસ ફંડ યોજના)**

૫૦૧/- શ્રી હસમુખભાઈ હિમ્મતલાલ સંઘવી તરફથી પૌત્રી સ્વરા રૂહીલ સંઘવી ને ૧૨મી માં ૯૫ ટકા માર્ક આવેલ તે પ્રસંગે ભેટ

### નવું સરનામું

**Namit Shantilal Bhimani**
1902, Ramkrupa, Near Veer Savarkar
Garden Gate No.2, Off TPS Road,
Borivali (West), Mumbai - 400092.
Namit Bhimani - 9821637810,
Nikita Bhimani - 8108099988
Rekha Bhimani - 9819940934

## અવસાન નોંધ :

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

■ કોલકી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વ્રજલાલ મોતીચંદ માંડાવ્યાના સુપુત્ર પ્રકાશભાઈ (ઉં.વ.૭૧) તા.૨૯-૦૬-૨૦૨૪ના અરિહંત શરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ, કેજલ-ભાવિન-કવીશ, નામિત-અંકિતા, પાર્શ્વ, શ્રેણિક-નિતી અને આભા-ઋષભ-મિશ્કાના પિતાશ્રી; નેમિશ, બિન્દુબેન અને હર્ષાબેનના મોટાભાઈ, દેવગાણા નિવાસી હાલ સાયન દલીચંદ પરમાનંદ શાહ ના જમાઇ, જય-મમતા, પ્રકાશ-ભારતી, કેતન-કવિતા ના બનેવી.

■ મોટા દેવળીયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ.ચંપાબેન અને સ્વ.નાથાલાલ હેમચંદ ભીમાણીના સુપુત્ર ભુપતભાઈ (ઉં.વ.૭૮) આજ રોજ અરિહંત શરણ પામ્યા છે. તે હંસાબેનના પતિ, મેહુલના પિતાશ્રી, સ્વ.વિમળાબેન ચંદ્રકાંત વોરા, સ્વ.જસવંતીબેન નવીનચંદ્ર દોશી, જ્યોતિબેન હરેશકુમાર જૈન, ભારતીબેન વસંતકુમાર વોરા અને સ્વ.વિનોદ નાથાલાલ ભીમાણીના ભાઈ, સ્વસુર પક્ષે પુષ્પાબેન શાંતિલાલ શાહના જમાઇ.

■ વડાલ નિવાસી હાલ ઘાટકોપર હસમુખરાય પ્રભુદાસ ઘોળકિયા ઉ.વ.૮૨ તા.૧૮.૦૬.૨૦૨૪ મંગળવાર ના રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતાં અરીહંત શરણ પામેલ છે. તેઓ સ્વ.કોકિલાબેન નાં પતિ, અતુલ-ભાવના, પારૂલ-કિર્તીભાઈ ના પિતાશ્રી, ફોરમ જપ્પન મહેતા, અંકિત, કેવિન, ક્રિના ના દાદા-નાના, સ્વ.ચિમનભાઈ, સ્વ.હરકીશનભાઈ, સ્વ.મધુબેન, સ્વ. માલતીબેન, સ્વ.કિરણબેન, મિનાબેન તથા તરૂણાબેનના ભાઈ, સાસરા પક્ષે સ્વ.શ્રી જાદવજી હીરાચંદ ભણશાળીનાં જમાઇ.

■ સરદારગઢ નિવાસી અરવિંદભાઈ ખીમચંદ પારેખ (ઉ.વ.૯૦) જે વાસંતીબેન ના પતિ, રસીકભાઈ, જયંતીભાઈ, પ્રવિણભાઈ, જગદીશભાઈ, કુમુદબેન તથા જ્યોત્સનાબેનના ભાઈ અને અમિત તથા ભવ્યતિના પિતાશ્રી, આજરોજ તા.૦૬.૦૬.૨૦૨૪ના રોજ અરિહંત શરણ પામેલ છે.

■ મઘરવાડા નિવાસી હાલ ઘાટકોપર સ્વ.અમીચંદભાઈ જીવનભાઈ વોરાના ધર્મપત્ની ગ.સ્વ.કંચનબેન (ઉ.વ.૮૮) તા.૦૨.૦૭.૨૦૨૪ ના અરિહંત શરણ પામેલ છે.તે સ્વ. સંજય તથા સ્વ.પરેશ ના માતુશ્રી, સ્વ.નરોત્તમભાઈ, સ્વ.ગીરધરભાઈ, સ્વ.જેઠાભાઈ, સ્વ.જયંતીભાઈ, સ્વ.સાંકળીબેન, સ્વ.નવલબેન, સ્વ.સમરથબેન ના નાનાભાઈના પત્ની, પિયર પક્ષે ખારચીયા વાકુના નિવાસી સ્વ.લાલચંદભાઈ નાગજીભાઈ કોરડિયાના દીકરી. સ્વ.કાંતિભાઈ, સ્વ.ચંદુભાઈ, સ્વ.નગીનભાઈ, સ્વ.હસમુખભાઈ, મંગળાબેન, સ્વ.સુશીલાબેન, સ્વ.ઇન્દુબેન, પુષ્પાબેનના બેન.

# શ્રદ્ધાંજલિ સુમન





જન્મ :
તા.૨૬-૦૭-૧૯૪૦



અરિહંત શરણ :
તા.૦૬-૦૬-૨૦૨૪

## સ્વ. અરવિંદભાઇ ખીમચંદ પારેખ

**શૂન્યમાંથી સર્જન કર્યું, મળતાવડો શાંત, સરળ, મિલનસાર, ધર્મપ્રેમી સ્વભાવ, કુટુંબ પ્રત્યેનો પ્રેમ કાયમ યાદ રહેશે. સેવા સર્મપણ, નીડરતા, સેવા એમના સ્વભાવમાં હતીય જાત મહેનતથી ધંધાકીય ક્ષેત્રે અગ્ર સ્થાન પ્રાપ્ત કરેલ. કુટુંબ સ્નેહી તથા સગાને સદાય ઉપયોગી હતા.**

દ્રષ્ટિમાં હજુએ રમે છે, તમારો હસતો ચહેરો,
આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઇ,
સેવા અને સમર્પણની સુગંધ, સદાય મહેકતી રહેશે.
તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બની, ધૂપસળી બની સદાય મહેકતા રહ્યા.
યાદ તમારી આવતા આખલડી છલકાય છે. જોઇ તસ્વીર તમારી, આસું ઉભરાય છે.

**પરમ કૃપાળુ અરીહંત પરમાત્મા સદ્ગત પુણ્યાત્માને આપના શરણમાં લઇ શાશ્વત સુખ અને પરમ શાંતી અર્પે એવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના**

**પ્રેમાળ પરિવાર**

| | |
|---|---|
| શ્રીમતી વાસંતીબેન અરવિંદભાઈ પારેખ | ચી. ભવ્યતિ અરવિંદભાઈ પારેખ |
| શ્રી અમિત અરવિંદભાઈ પારેખ | શ્રીમતી મોના અમિત પારેખ |
| શ્રી રાહિલ અમિત પારેખ | શ્રીમતી મનાલી રાહિલ પારેખ |
| શ્રીમતી રાસી આયુષ શાહ | શ્રી આયુષ કામેશ શાહ |

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

# ૩૧મી પુણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ:
૧૨.૧૨.૧૯૨૨

દેહવિલય:
૧૫.૭.૧૯૯૪

## સ્વ. માણેકલાલ ઝવેરચંદ વસા

અમારી પ્રગતિના પ્રણેતા, અમારી પ્રતિષ્ઠાના પોષક, અમારી સફળતાનાં સર્જક,
અમારા ઘડતરના શિલ્પી, અને અમારી ઉચ્ચ પ્રણાલીના આધાર સ્તંભ,
સાગર જેવું વિશાળ હ્રદય, સંકલ્પમાં પહાડ જેવી અડગતા અને નિર્ણયમાં બેજોડ ડહાપણ.
શિક્ષણ, સેવા અને માનવતાના આપે કરેલા કાર્યો કદી ભુલાશે નહીં.આપનું જીવન
અને કાર્ય અમને આપે છે નિરંતર સફળ બનવાની પ્રેરણા. કુટુંબ વાત્સલ્ય, સિદ્ધાંતો,
આદર્શો, અને સત્કાર્યોથી આપ સદૈવ અમારી વચ્ચે છો. સંસ્કાર અને સદાચારના આપે
ચિંધેલા માર્ગે અમો આગળ વધી રહ્યા છીએ. આપનો પ્રેમ અને સ્નેહનો પ્રકાશ અમારા
જીવનમાં સદાય ઝળહળતો રહેશે. આપને નત નત મસ્તકે અમારા વંદન...

આપના પ્રિયજનો

| | |
|---|---|
| સ્વ. સુધા – પ્રતાપ વસા | સુરેખા – મહેન્દ્ર વસા |
| પ્રિતી – નરેન્દ્ર વસા | મનીષા – રાજેશ વસા |
| બિજલ – પરેશ વસા | કોમલ – મીહિર વસા |
| રૂચીતા – પરીન વસા | જિગ્ના – બિરેન શાહ |
| પુજા – હેમલ શાહ | ડીમ્પલ – દેવાંગ કામદાર |
| પ્રિયાંભી – અંકીત વસા | નિકીતા રાજેશ વસા |
| તરલા – શ્રીપ્રકાશ ચોકશી | કુંદન – નિતિન મહેતા |

સોનલ – યોગેશ સંઘવી

ધ્રીશ, ટીયા, દ્વિીના, જીયાના, આયાન

**વસા પરિવાર**

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR